بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-નવેમ્બર-૨૦૧૩**

ઝીલ હજ્જ-મુહર્રમુલ હરામ

હિજરી સન : ૧૪૩૪-૧૪૩૫

વર્ષ : ૧૦, અંક : ૧૧, સળંગ અંક : ૧૧૯

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | નેકી કરવામાં આગળ વધો !! પીછે હઠ ન કરો ! | 02 |
| 02 | સનાતન ધર્મ : ઈસ્લામની સચ્ચાઈને ઓળખો ! | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 10 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 13 |
| 05 | હદાઈકે બખ્શિશ | 15 |
| 06 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 18 |
| 07 | કાનૂને શરીઅત | 22 |
| 08 | ગલતફહમી | 23 |
| 09 | ફતવા વિભાગ | 25 |
| 10 | કુર્આની ઈલ્મના શ્રેષ્ઠ જાણકાર ચાર સહાબીઓ | 26 |
| 11 | કુર્આની અકીદો : ખુદાના નેક બંદાઓ........... | 28 |
| 12 | કુર્આનનો પૈગામ સમય બર્બાદ............ | 31 |
| 13 | યૌમે આશૂરાની ઈબાદતો | 35 |
| 14 | આલે રસૂલની કુર્બાનીઓની તમે કેટલી લાજ રાખી ?! | 37 |
| 15 | યૂરોપની મશ્હૂર મોડેલનો ઈસ્લામ સ્વીકાર ! | 40 |
| 16 | નબીએ રહમત ﷺ અને બાળકો | 41 |
| 17 | ગૈરમુકલ્લિદોને ઓપન ચેલેંજ ! | 44 |
| 18 | બેકાબૂ જીભની આફતો | 45 |
| 19 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


## હુસૈન જૈસા શહીદે આ'ઝમ

હુસૈન કે નામે પાક પર આજ નૂરી મેલા જો સજ ગયા હૈ
યહ નૂરે અહમદ કા હૈ તસદ્દુક હર, એક નૂરી બના હુવા હૈ

દરે નબી પર હુસૈન આએ હૈં, અર્ઝ કરને સલામે રુખસત
લિપટ લિપટ કર મઝાર સે અબ, નવાસા નાના કા રો રહા હૈ

નબી કા યે લાડલા નવાસા, ખળા હૈ મયદાં મેં ભૂખા પ્યાસા
વો જિસ્કા કૌષર પે હૈ ઈજારા, ઉસીકા સુખા હુઆ ગલા હૈ

ભતીજે બેટે હૈં ગિરતે જાતે, જિગર કે ટુકડે હૈં કટતે જાતે
હુસૈન આગે હૈ બઢતે જાતે, રવાં જિનાં કો યે કાફલા હૈ

યઝીદીયોં કે પેર હટા-એં, ફુરાત પર વો ઈમામે આએં
મગર યે પાની પિયે તો કૈસે, ખયાલ ઝૈનબ કા આ ગયા હૈ

હમારી સારી નમાઝેં કુર્બાં, ઉસ એક સજદે કી અઝમતોં પર
વો સજદા જો ફાતિમા કે બેટેને કરબલા મેં અદા કિયા હૈ

ખુદા કે રસ્તે મેં ઘર લૂટાના, હમેશા હક્ક કા હી સાથ દેના
યે વો સબક હૈ હુસૈનને જો, ગલા કટાકર હમે દિયા હૈ

હુસૈન કા નામ ઔર માતમ, નહીં યે હમ સુન્નીયોં કા શેવા
શહીદ મરતે નહીં હૈ **'નઝમી'** કુર્આન એ'લાન કર રહા હૈ

# નેકી કરવામાં આગળ વધો !!

## કાર્યાલય પીછે હઠ ન કરો !

**કેવળ જિંદગીના અંતિમ હિસ્સામાં નેકી કરવાની ઈચ્છા રાખનારા ક્યાંક દીનની સાથે મજાક તો નથી કરતા ?**

એક બુઝુર્ગનો ક઼ૌલ છે કે કોઈ નેકીને નાની સમજીને ન છોડો અને કોઈ ગુનાહને નાનો સમજીને ન કરો. એટલા માટે કે ક્યારેક એક નાની સરખી નેકી પણ મીઝાનને વજનદાર બનાવીને જન્નતમાં જવાનો ઝરીયો બની જશે અને ક્યારેક અને એક નાનો સરખો ગુનોહ પણ જહન્નમમાં જવાનો સબબ બની જશે.

આપણા સમાજનું નિરીક્ષણ કરીએ તો જાણવા મળશે કે આપણી વિચારસરણી તથા અમલ આ કથનથી તદ્દન વિપરિત છે. ઈલ્લા માશાઅલ્લાહ ! એ જ વિચાસરણી તથા અમલ આપણને મોટી મોટી નેકીઓથી દૂર કરી આપે છે અને આપણી પાસે મોટા મોટા ગુનાહો કરાવી લે છે, અને એ જ આપણા ભયાનક અંજામની પૂર્વભૂમિકા પુરવાર થાય છે. શું આપણે કુર્આને મુક઼દ્દસમાં નાનામાં નાની નેકી અને બુરાઈના હવાલાથી નથી પઢ્યું કે, "જે એક રજમાત્ર ભલાઈ કરે તેને જોશે અને એક રજમાત્ર બુરાઈ કરે તેને જોશે." *(સૂરએ ઝિલઝાલ : ૭, ૮)*

પછી આ ગફલત શાથી ? યાદ રાખશો, આજે અમલ છે હિસાબ નથી, અને કાલે ક઼યામતના દિવસે હિસાબ થશે અમલ નહીં ! આ દુનિયા અમલની જગા છે એટલા માટે આપણે નેકીઓમાં જલ્દી કરવી જોઈએ, એને મામૂલી સમજીને આંખ આડા કરવા ન જોઈએ. (છોડવી ન જોઈએ)

નેકીઓના બારામાં એક હદીષ જુઓ. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ બતાવ્યું કે આક઼ાએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "નેક કામમાં આગળ વધો સાત ચીજોના જાહેર થતા પહેલાં : (૧) એવી ફક઼ીરી તથા મોહતાજીથી પહેલાં જે અલ્લાહ ﷻની યાદથી ગાફેલ કરી આપે. (૨) એવી માલદારીથી પહેલાં જે નાફર્માન તથા બાગી બનાવી આપે. (૩) એવી બીમારીથી પહેલાં જેનાથી મિજાઝમાં ખરાબી પેદા થઈ જાય. (૪) એવા ઘડપણથી પહેલાં જેનાથી બુદ્ધિ બહેર મારી જાય. (૫) એવા મૃત્યુથી પહેલાં જે અચાનક આવી જાય. (૬) દજ્જાલના જાહેર થતાં પહેલાં જે એક છુપો ફિત્નો છે. (૭) ક઼યામત આવતા પહેલાં જે સખ્ત ભયાનક તથા સખ્ત કડવી છે. *(તિર્મિઝી શરીફ)*

ઉપરોક્ત હદીષ મુબારકમાં મોહસિને ઈન્સાનિયત, મૂનિસો ગમ્ખ્વાર આક઼ા, રહમતે આલમ ﷺ સાત ચીજોના જાહેર થતા પહેલાં નેકીઓમાં ઉતાવળ કરવાનો હુકમ આપી રહ્યા છે. આ સાતેવ ચીજોનો ઈલ્મ અલ્લાહ ﷻ અને તેની અતાથી તેના પ્યારા મહબૂબ ﷺ સિવાય કોઈને નથી.

શું આજની મુસ્લિમ ઉમ્મતનો હાલ ઉપરોક્ત હદીષના પ્રમાણે છે ? (ઈલ્લા માશાઅલ્લાહ !) આજનો મુસલમાન ગુનાહોમાં તો જલ્દી કરે છે પણ નેકીમાં ઉતાવળ નથી દેખાડતો ! લોકોની જીભેથી મોટાભાગે એ સાંભળવા મળે છે : "અરે યાર ! મૃત્યુ પહેલાં કોઈ સારું કામ કરી લેવું જોઈએ !" જાણે એમને ખબર છે કે મૌત કયી ઉમરમાં આવશે ! લા હૌલ..... હુઝૂર ﷺ તો એવો આદેશ આપે છે કે નેકીમાં જલ્દી કરો, અને આપણે નેકીના માટે મૌતના સમયની રાહ જોઈ રહ્યા છીએ ! આપણામાંથી મોટાભાગના લોકો જીવનભર ઉલ્ટાં સીધાં કામો કરતા રહે છે અને જ્યારે એ ઉમરમાં પહોંચી જાય છે કે એ પ્રકારનાં કામો કરવાની શક્તિ નથી હોતી અથવા સમાજનો ડર હોય છે તો નેકીઓ કરવાનું શરૂ કરી આપે છે. એ હક઼ીક઼તમાં નેકી કરવું નથી બલ્કે દીનની સાથે મજાક થઈ. તો શું આપણે ખરેખર આપણા દીન સાથે મજાક કરી રહ્યા છીએ ?! એનું સૌથી મોટું કારણે એ છે કે આપણે નેકીઓનું મહત્વ નથી જાણ્યું, અને દુનિયામાં આપણા આવવાનો મક઼સદ પણ નથી સમજ્યા. આપણે એ વાત દિમાગમાં રાખી લેવી જોઈએ કે આ દુનિયા છે જ એટલા માટે કે અહીં જેટલુ વધુ થઈ શકે નેક કામ કરવામાં આવે, એવું નહીં કે નેક કામને આખરી ઉમર માટે પાછુ ઠેલી દેવામાં આવે. શું કોઈ યક઼ીનની સાથે કહી શકે છે કે તે જીવનના આખરી હિસ્સા (ઘડપણ)માં જ મરશે ? તો પછી નેકીઓને આવનારા સમય માટે કેમ પાછી ઠેલવામાં આવે છે ? અલ્લાહ ﷻ આપણને સૌને નેક અમલમાં આગળ વધવાની તૌફીક઼ અતા કરે, આપણે વધુને વધુ નેકીઓ કરીએ અને નેકીઓ તરફ બોલાવીએ. કાલે ક઼યામતના દિવસે અલ્લાહ ﷻ આપણને એનો બદલો અતા કરશે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, નવેમ્બર–૨૦૧૩)*

❑ અઝ : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

# સનાતન ધર્મ — ઈસ્લામની સચ્ચાઈને ઓળખો !

તંત્રી લેખ

વર્તમાનકાળમાં વિશ્વકક્ષાએ ઈસ્લામ પ્રતિ વધી રહેલા આકર્ષણને રોકવા માટે તેમજ રોજબરોજ પુરૂષો સ્ત્રીઓના ઈસ્લામ સ્વીકારની ઘટનાઓથી પોતાના અસ્તિત્વ સંબંધે ભય મહેસૂસ કરીને ઈસ્લામ વિરોધી શક્તિઓ પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડિયા થકી સતત વિવિધ પ્રકારના ગલત પ્રોપેગન્ડાઓ ઈસ્લામ વિરુદ્ધ કરી રહેલ છે જેથી ઈસ્લામની સચ્ચાઈના ચમકતા સૂરજને ગલત અફવાઓના દુષ્પ્રચારના વાદળો વડે ઢાંકી દેવામાં આવે, અને સામાન્ય પબ્લિકને ઈસ્લામની રોશનીથી વંચિત રાખવામાં આવે. ક્યાંક ઈસ્લામી ક઼ાનૂનોને વિકૃત રૂપે રજૂ કરીને લોકોને ઈસ્લામથી નફરત અપાવવામાં આવી રહી છે, તો ક્યાંક ઈસ્લામને આતંકવાદ સાથે સાંકળીને તેને બદનામ કરવાની કોશિશ થઈ રહી છે, તો ક્યાંક એવું દર્શાવવામાં આવી રહ્યું છે કે ઈસ્લામે સ્ત્રીઓને અધિકારો નથી આપ્યા, સ્ત્રીને કોઈ આઝાદી નથી આપી..... વગેરે. પણ તેમ છતાં ઈસ્લામનું નૂર ફેલાતુ જ જાય છે અને વિશ્વભરમાં વિશેષતઃ યૂરોપ તથા અમેરિકામાં ઈસ્લામ સ્વીકારની ઘટનાઓમાં એકદમ વધારો થઈ રહ્યો છે.

એ જ પ્રમાણે આપણા પ્રિય વતનમાં ઈસ્લામના વધતા પુરથી તથા મુસ્લિમોની વધતી જતી સંખ્યાથી અરૂચી મહેસૂસ કરીને કેટલાક વિરોધી તત્વો તેને રોકવાની વેતરણમાં વિવિધ પ્રોગ્રામો તથા પ્રોપેગન્ડાઓ કરી રહેલ છે, તેમાંનો એક પ્રોપેગન્ડો એ છે કે, ''ઈસ્લામ તો નવો મઝહબ છે, એને તો ૧૪૦૦ જ વરસ થયાં છે જ્યારે કે અમારો ધર્મ હજારો વરસોથી છે, અને એ જ પૂરાણો તથા સનાતન ધર્મ છે.....વગેરે.'' અને વિશેષતઃ મુસ્લિમોની અમુક જાતિઓ જેમની અટકો તથા ખાસ તો નામો હજીય ગૈર મુસ્લિમ જેવાં હોવાથી તેમને જાતિવાદના નામે ઉશ્કેરીને તથા તેમને ''અમારા વિખૂટા પડી ગયેલા બંધુઓ !'' વગેરેથી સંબોધીને આકર્ષવાના પ્રયત્નો વ્યવસ્થિત આયોજનપૂર્વક થઈ રહ્યા છે. તો અમો આ પ્રચારકોની ગલતફહમીને દૂર કરવા માટે વિશ્વના પ્રથમ માનવી આદમ (علیہ السلام)થી લઈને ઈસ્લામની કઈ રીતે શરૂઆત થઈ અને એક અલ્લાહની ઈબાદત (પૂજા)નો પયગામ જે પ્રથમ માનવથી શરૂ થયો તેની વિરુદ્ધ જઈને મૂર્તિપૂજા ક્યારથી અને ક્યા ક્યા સંજોગોમાં શરૂ થઈ તેનો હજારો વરસો પહેલાંનો ઈતિહાસ કુર્આન તથા હદીષની રોશનીમાં રજૂ કરીએ છીએ. હિંદુસ્તાનના બંધારણની કલમ હેઠળ દરેકને પોતાનો ધર્મ પાળવાની તથા તેના પ્રચારની આઝાદી છે જેને માન આપીને અમો કોઈના પોતાના ધર્મના પ્રચારની વિરુદ્ધમાં નહીં, પણ ઈસ્લામના પ્રચાર માટે તેની સામેના ગલત પ્રચારથી વતની બંધુઓને વિશેષતઃ મુસ્લિમોને સાવચેત કરવા ઈસ્લામની સચ્ચાઈ અત્રે રજૂ કરીએ છીએ.

### ★ ઈસ્લામ નવો ધર્મ નથી ! પ્રથમ માનવથી શરૂ થયેલો ધર્મ છે ! ★

સમગ્ર સૃષ્ટિના સર્જનહાર અલ્લાહ તબારક વ તઆલાનો આદેશ કુર્આનમાં પોતાના આખરી નબી ﷺને સંબોધીને આ પ્રમાણે છે કે, ''અને (યાદ કરો !) જ્યારે આપના રબે બનૂ આદમની પીઠોથી તેમની પેઢીઓને કાઢી અને તેમને ખૂદ તેમના જીવો પર સાક્ષી બનાવીને કહ્યું કે શું હું તમારો રબ નથી ?

તેઓએ કહ્યું, "કેમ નહીં ! અમો (એના પર) ગવાહી આપીએ છીએ." (આ ગવાહી એટલા માટે લીધી છે) જેથી કરીને કયામતના દિવસે તમે એવું (ન) કહી આપો કે અમો એનાથી અજાણ હતા. અથવા તમો એવું (ન) કહી શકો કે શિર્ક તો પ્રારંભથી જ અમારા બાપદાદાઓએ કર્યું હતું, અને અમે એમના પછીની ઔલાદ છીએ. શું તું બાતિલ પરસ્તીના કારણે અમને બર્બાદ કરીશ ? *(સૂરએ અઅ્રાફ, પારા : ૯, આયત નં. : ૧૭૧ થી ૧૭૩)*

હદીષે પાકમાં ઈસ્લામના આખરી પયગંબર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ વર્ણવે છે, નબી ﷺના સાથી તથા બીજા ખલીફા હઝરત ઉમર رضی اللہ عنہ જણાવે છે કે સૂરએ અઅ્રાફની આ આયતના વિશે મેં નબી ﷺને સવાલ કર્યો તો અલ્લાહના રસૂલ ﷺએ જણાવ્યું કે અલ્લાહ તઆલાએ માનવપિતા હઝરત આદમ علیہ السلامને પેદા કર્યા, પછી તેમની પીઠ પર પોતાનો જમણો હાથ (એટલે દસ્તે કુદરત) ફેરવ્યો. પછી એ પીઠથી ઔલાદ કાઢી. પછી કહ્યું, એમને મેં જન્નતના માટે પેદા કરી છે અને એઓ જન્નતવાસીઓનાં કાર્યો કરશે. ફરી તેમની પીઠ પર હાથ (દસ્તે કુદરત) ફેરવ્યો અને એમનાથી એક અન્ય ઔલાદ કાઢી અને ફર્માવ્યું, મેં એમને જહન્નમ (નર્ક) માટે પેદા કરી છે અને એઓ જહન્નમવાસીઓ જેવાં કાર્યો કરશે. એક વ્યક્તિએ પૂછયું, હે અલ્લાહના રસૂલ ! તો પછી અમલ (કાર્યો) કઈ ચીજમાં છે ? તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બેશક ! જ્યારે અલ્લાહ કોઈ બંદાને જન્નતના માટે પેદા કરે છે તો તેના થકી જન્નતવાસીઓ જેવા અમલ કરાવે છે, ત્યાં સુધી કે તે વ્યક્તિ જન્નતીઓના કાર્યો પર મૃત્યુ પામે છે પછી અલ્લાહ તેને જન્નતમાં દાખલ કરી આપે છે. અને જ્યારે કોઈ બંદાને જહન્નમના માટે પેદા કરે છે તો એના થકી જહન્નમીના અમલ (કાર્યો) કરાવે છે, ત્યાં સુધી કે તે જહન્નમીઓના કાર્યો પર મરે છે, પછી અલ્લાહ તેને દોઝખમાં દાખલ કરી આપે છે. ઈમામ તિર્મિઝીએ કહ્યું, આ હદીષ હસન છે. *(હવાલો : સુનને તિર્મિઝી, હદીષ નં. ૩૦૮૫, સુનને અબૂ દાઊદ : ૪૭૦૩, મુઅત્તા ઈમામ માલિક : ૧૬૧૧, મુસ્નદે અહમદ, ૧/૩૧૧, સહીહ ઈબ્ને હબ્બાન : ૬૧૬૬.... વગેરે, તિબ્યાનુલ કુર્આન, ૪/૪૦૯, ૪૧૦)*

એક હદીષમાં છે : હઝરત સઈદ બિન જુબૈર વર્ણવે છે કે હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ માનવ પિતા હઝરત આદમ علیہ السلامને પેદા કર્યા તો તેમનાથી મીષાક (વાયદો) લીધો, તેમની પીઠ પર દસ્તે કુદરત ફેરવ્યો તો તેમની ઔલાદને કીડીઓની જેમ કાઢી, પછી તેમના જીવનની મુદ્દત, તેમની રોજી તથા તેમની મુસીબતો લખી આપી, અને તેમને તેમના જીવો પર સાક્ષી બનાવ્યા અને ફર્માવ્યું, શું હું તમારો રબ નથી ? તેમણે કહ્યું, કેમ નહીં ! *(હવાલો : જામિઉલ બયાન, ૯/૧૫૦)*

અમુક રિવાયતોથી માલૂમ થાય છે કે માનવ પિતા હઝરત આદમ علیہ السلامને પેદા કરતાં જ તેમની પીઠથી તેમની ઔલાદને કાઢીને તેમનાથી ઉપર મુજબ વાયદો લીધો હતો. આજે ભલે ઘણા માનવો અલ્લાહ સિવાય ગમે તેની ઈબાદતમાં પૂજામાં લાગી ગયા હોય પણ પ્રથમ દિવસથી તેમની રૂહોએ (આત્માએ) અલ્લાહને પોતાનો રબ હોવાનો, માલિક સર્જનહાર હોવાનો સ્વીકાર કરેલો છે. અને જગતના પ્રથમ માનવ અને સર્વ માનવના પિતા હઝરત આદમ علیہ السلامનું દુનિયામાં આગમન થયું તો તેમણે એક અલ્લાહની જ ઈબાદત કરી અને "લાઈલાહ ઈલ્લલ્લાહ આદમુ સફીયુલ્લાહ" અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને (પૂજાને) પાત્ર નથી અને પોતે અલ્લાહના પયગંબર હોવાનો પ્રચાર કર્યો હતો. આ છે ઈસ્લામનો પ્રારંભ !

સારાંશ કે "લાઈલાહ ઈલ્લલ્લાહ"ના કલ્માનો પ્રચાર તો આત્માની દુનિયાથી શરૂ થઈ ચૂક્યો હતો અને પૃથ્વી પર આવ્યા બાદ માનવ પિતા આદમે પણ એનો જ પ્રચાર કર્યો હતો. એક અલ્લાહની જ ત્યારે

ઈબાદત (પૂજા) થતી હતી. સારાંશ કે સર્વથી પૂરાણો અને સનાતન ધર્મ ઈસ્લામ છે. જેથી જે ભાઈઓ કહે છે કે ઈસ્લામને ફક્ત ૧૪૦૦ વરસ જ થયાં છે ! અને અમારો ધર્મ તો પૂરાણો અને સનાતન છે. તેઓ જાણી લે કે **ઈસ્લામ તો દાદા આદમથી છે અને ૧૪૦૦ વરસો તો નબીઓના ક્રમની અંતિમ કડી નબીઓના સરદાર આખરી નબી મુહમ્મદ ﷺને થયાં છે.** તેમજ જેઓ અન્ય આવી ગલતફહમીઓમાં છે તેમને અમો આ સત્ય સ્વીકારવાની પ્રેમપૂર્વક દા'વત આપીએ છીએ અને ઈસ્લામ સ્વીકારવાની તથા ઈસ્લામનો અભ્યાસ કરીને તેની ખૂબીઓને સમજવાની દા'વત આપીએ છીએ.

## ★ માનવપિતા હઝરત આદમનું સર્જન તથા વંશવૃદ્ધિનો ટૂંક ચિતાર ★

કુર્આન તથા હદીષની રૂએ પ્રથમ માનવના સર્જનનો ટૂંક ચિતાર આ પ્રમાણે છે કે, માનવપિતા (અબુલ બશર) આદમ علیہ السلامને ન મા છે ન બાપ, બલ્કે અલ્લાહ તબારક વ તઆલાએ તેમને માટી વડે બનાવ્યા છે. જ્યારે ખુદા તઆલાએ આપને પેદા કરવાનો ઈરાદો કર્યો તો મૌતના ફરિશ્તા હઝરત ઈઝરાઈલ علیہ السلامને હુકમ આપ્યો કે જમીનથી એક મુઠ્ઠી માટી લાવે. ખુદાના હુકમ મુજબ આપ માટી લાવ્યા જેમાં સાઈઠ રંગો તથા વિવિધ કૈફિયતોવાળી માટીઓ હતી. એટલે કે સફેદ, કાળી, લાલ તથા પીળા રંગોવાળી તથા નરમ, કઠણ, મીઠી, કડવી, ક્ષારયુક્ત તથા ફિક્કી વગેરે ગુણોવાળી માટીઓ સામેલ હતી. *(ખાઝિન, ૧/૪૬, જુમલ, ૧/૩૯)* આ જ કારણે વિવિધ વર્ણના કાળા, ગોરા, લાલ ત્વચાવાળા તથા વિવિધ પ્રકૃતિવાળા લોકો આપની ઔલાદમાં જગતમાં ફેલાયેલા જોવા મળે છે.

પછી એ માટીને વિવિધ પાણીઓ વડે ગુંદવાનો હુકમ આપ્યો, પછી વિવિધ પ્રક્રિયાઓમાંથી પસાર થઈને છેવટે આદમ علیہ السلامનું પૂતળુ બની ગયું. પછી અલ્લાહે એ પૂતળામાં રૂહને દાખલ થવાનો હુકમ આપ્યો. જ્યારે રૂહ આપના નસકોરામાં પહોંચી તો આપને છીંક આવી અને જ્યારે રૂહ જીભ સુધી પહોંચી તો આપે કહ્યું, અલ્હમ્દુલિલ્લાહ ! (સર્વ પ્રશંસાઓ અલ્લાહના માટે છે) અને અલ્લાહે ફર્માવ્યું, યર્હમુકલ્લાહ ! (અલ્લાહ તમારા પર રહમ ફર્માવે) હે અબૂ મુહમ્મદ ! મેં તમને મારી હમ્દ (પ્રશંસા) માટે જ બનાવ્યા છે. પછી રૂહ ક્રમે ક્રમે આખા શરીરમાં પહોંચી ગઈ અને આપ જીવતા થઈને ઉભા થઈ ગયા. *(ખાઝિન, ૧/૪૬)*

અને અલ્લાહે હઝરત આદમની ડાબી પાંસળીમાંથી હઝરત હવ્વાને પેદા કર્યા અને આપના નિકાહ તેમનાથી થયા અને તેમના થકી માનવવંશની વૃદ્ધિ પૃથ્વી પર તેમને ઉતાર્યા બાદ થતી ચાલી. હઝરત હવ્વાને એક છોકરો અને એક છોકરી એ રીતે જોડીયા બાળકો જન્મતાં હતાં તો એક પ્રસુતિવેળાના જોડીયાં ભાઈ બહેનોના બીજી પ્રસુતિમાં થયેલ ભાઈ બહેન સાથે નિકાહ કરાવી દેવામાં આવતા. તેમની શરીઅતમાં એ જાઈઝ હતું. આ રીતે માનવવંશમાં ક્રમે ક્રમે વૃદ્ધિ થતી ચાલી અને માનવોની વસ્તી જગતમાં વધતી ચાલી.

અલ્લાહે હઝરત આદમ علیہ السلامને પોતાના નાયબ તથા ખલીફા તરીકે પેદા કર્યા હતા જે ચીજ શૈતાનને પસંદ ન હતી જેથી અલ્લાહે જ્યારે સર્વ ફરિશ્તાઓને હઝરત આદમને સજદો કરવાનો હુકમ આપ્યો તો સર્વએ સજદો કર્યો પણ શૈતાન ઘમંડમાં રહ્યો અને સજદાથી ઈન્કાર કર્યો જેથી તેને કાફિર ઠરાવીને અલ્લાહે જન્નતમાંથી હાંકી કાઢયો અને જ્યારે હઝરત આદમ علیہ السلامને દુનિયામાં ઉતારવામાં આવ્યા ત્યારે તેને પણ ઉતારવામાં આવ્યો અને તેને કયામત સુધીના જીવનની મોહલત આપવામાં આવી. અને આ માનવ પિતા હઝરત આદમ علیہ السلامના દુશ્મને માનવજાતને સતત ગુમરાહ કરવાને પોતાનો જીવન ધ્યેય બનાવી લીધો.

## ★ મૂર્તિપૂજાની શરૂઆત કેવી રીતે અને ક્યારથી થઈ ?! ★

માનવજાતની સુધારણા માટે અને તેમને સારા માર્ગે ચાલવાની હિદાયત માટે અલ્લાહ તઆલાએ વારાફરતી દુનિયામાં નબીઓ તથા રસૂલો મોકલ્યા. હઝરત આદમ علیہ السلام પછી હઝરત શીશ علیہ السلام, હઝરત નૂહ علیہ السلام એ જ પ્રમાણે હઝરત લૂત, હઝરત દાઊદ, હઝરત યાકૂબ, હઝરત યૂનુસ, હઝરત યૂસુફ, હઝરત ઈબ્રાહીમ, હઝરત ઈસ્માઈલ, હઝરત મૂસા, હઝરત ઈસા અને છેવટે અંતિમ નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને લગભગ સાડા ચૌદસો વરસ પહેલાં દુનિયાના લોકોને સત્ય માર્ગ બતાવવા દુનિયામાં નબી બનાવીને મોકલ્યા. કુલ એક લાખ ચોવીસ હજાર કે બે લાખ ચોવીસ હજાર લગભગ જેટલા નબીઓ, રસૂલો દુનિયામાં માર્ગદર્શક (હાદી) બનીને આવ્યા.

કુર્આન હદીષની રૂએ મૂર્તિપૂજાની શરૂઆત ક્યાંથી થઈ તેના સંબંધે વિવિધ રિવાયતો છે જેમાંથી એક આ પ્રમાણે છે કે હઝરત આદમ علیہ السلامનો લાઈલાહ ઈલ્લલ્લાહ (અલ્લાહ સિવાય કોઈ ઈબાદત (પૂજા)ને લાયક નથી)નો પયગામ ભૂલીને હઝરત નૂહ علیہ السلامની કૌમ મૂર્તિપૂજામાં પડી ગઈ હતી. તેમની પાંચ મૂર્તિઓ મશહૂર હતી જેમનાં નામો આ પ્રમાણે હતાં, જેમ કે કુર્આનમાં છે : ''અને (કાફિરો) બોલ્યા, કદાપિ ન છોડશો તમારા મઅ્બૂદોને અને કદાપિ ન છોડશો, વદ્દ, સુવાઅ, યગૂષ, યઊક઼ તથા નસ્રને. અને બેશક ! તેમણે ઘણા બધાને ગુમરાહ કરી આપ્યા. *(સૂ. નૂહ, આયત : ૨૩)*

આ પાંચ મૂર્તિઓ કોણ હતી ? એના બારામાં હઝરત ઉરવહ બિન ઝુબૈર رضی اللہ عنہનું વર્ણન છે કે આ પાંચેવ હઝરત આદમ علیہ السلامના પુત્રો હતા જેઓ અતિશય દીનદાર તથા ઈબાદતગુઝાર હતા. અને લોકોમાં ખૂબ જ પ્રિય હતા. લોકો એમનાથી ખૂબ જ શ્રદ્ધા ધરાવતા હતા. જ્યારે એ પાંચેવ મૃત્યુ પામ્યા તો લોકોને ઘણો જ રંજ તથા આઘાત લાગ્યો. તો શયતાને તેમને આશ્વાસન આપતાં તસલ્લી આપી કે તમો એ પાંચેવ નેક બંદાઓનાં પૂતળાં બનાવી લો અને તેમને જોઈને તમારાં દિલોને તસલ્લી આપજો. જેથી પિત્તળ તથા સીસાનાં પૂતળાં બનાવીને લોકોએ રાખી લીધાં. થોડા દિવસો તો લોકો તેમને જોતા રહ્યા પણ પાછળથી લોકો તેમની પૂજા કરવા લાગ્યા અને ખુદાની ઈબાદતને છોડીને મૂર્તિપૂજામાં લાગી ગયા. *(તફસીરે સાવી, ૪/૨૧૩)*

આ રીતે શિર્ક તથા મૂર્તિપૂજામાં દુનિયા સપડાઈ ગઈ અને ખુદાની ઈબાદત તથા તૌહીદ (એક અલ્લાહની માન્યતા)નો ચિરાગ બુઝાવા લાગ્યો જેને રોશન કરવા માટે નબીઓ એક પછી એક સતત દુનિયામાં આવતા રહ્યા, ત્યાં સુધી કે આખરી નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ તશરીફ લાવ્યા જેમણે એનો ખાત્મો એ રીતે કર્યો કે ૧૪૦૦ વરસો પહેલાં આપે તસ્વીરો (ફોટાઓ) તથા પૂતળાંઓને બનાવવું જ હરામ ઠરાવી આપ્યું, અને મક્કા ફતહ થતાં તેમાં રહેલ ૩૬૦ મૂર્તિઓને દૂર કરાવી.

## ★ હઝરત મૂસા علیہ السلام અને સામરીનો મૂર્તિપૂજા વિશે બનાવ ★

હઝરત મૂસા علیہ السلامને ખુદા તઆલાએ હુકમ આપ્યો કે ચાલીસ રાતો તૂર પહાડ પર એ'તેકાફ (રોકાણ) કરે ત્યાર બાદ તેમને કિતાબ તૌરાત આપવામાં આવશે. જેથી હઝરત મૂસા علیہ السلام તૂર પર ચાલ્યા ગયા અને બની ઈસ્રાઈલને પોતાના ભાઈ હઝરત હારૂન علیہ السلامને સોંપી. આપ ૪૦ દિવસ સુધી દિવસે રોઝા રાખતા અને રાતભર ઈબાદતમાં વ્યસ્ત રહેતા.

ટૂંકમાં એ કે આ દિવસો દરમ્યાન સામરી નામના સોનીએ સોનુ, ચાંદી પીગાળીને એક વાછરડુ

બનાવ્યું અને હઝરત જિબ્રઈલ عليه السلامના ઘોડાના પગોમાંની માટી જે એની પાસે હતી તેને વાછરડાના મોઢામાં રાખી તો તે વારછડુ બોલવા લાગ્યું. પછી સામરીએ બની ઈસ્રાઈલને કહ્યુ કે, હે મારી ક઼ૌમ ! હઝરત મૂસા عليه السلام તૂર પહાડ પર ખુદાના દીદાર માટે ગયા છે પણ તમારો ખુદા તો આ જ વાછરડુ છે જેથી તમો એની પૂજા કરો. આ રીતે સામરીએ ક઼ૌમને ગુમરાહ કરી અને બાર હજાર માણસો સિવાય આખી ક઼ૌમ તે સોના ચાંદીના વાછરડાની પૂજામાં પડી ગઈ. સારાંશ કે વિવિધ રીતે આદમની ઔલાદ એક ખુદાની ઈબાદતથી વિમુખ થઈને ગૈરોની ઈબાદત (પૂજા)માં લાગી ગઈ, જેનો ક્રમ આજે પણ ચાલુ છે.

## ★ હિંદમાં ઈસ્લામ ક્યારે અને કઈ રીતે ફેલાયો ? ★

ઉપરોક્ત લખાણથી આપે સમજી લીધું કે આ દુનિયાનો અસલ તથા પૂરાણો સનાતન ધર્મ ઈસ્લામ જ છે જે માનવ પિતા હઝરત આદમ عليه السلامના સર્જનની સાથે જ શરૂ થયેલો છે અને આપનામાં આત્માનો (રૂહનો) સંચાર થતાં જ આપે સર્વ પ્રથમ અલ્હમ્દુલિલ્લાહ ! (સર્વ વખાણો અલ્લાહના માટે છે) કહ્યું હતું. સર્વ એક ખુદાની જ ઈબાદત કરતા હતા અને શૈતાનના બહેકાવવાથી પાછળથી અન્ય ચીજોને ખુદા બનાવી તેની ઈબાદત શરૂ થઈ ગઈ. અલ્લાહ સૌને સત્ય સમજવાની તૌફીક઼ આપે. પણ વર્તમાનકાળમાં હિદમાં એક ચળવળ એવી ચાલી રહી છે જેમાં મુસલમાનોમાંથી જ અમુક લોકોને તૌહીદ (અલ્લાહ એક હોવા)ની માન્યતાથી હટાવીને અનેક ખુદાની પૂજા તરફ આકર્ષવાની તરકીબો થઈ રહી છે. એમના તરફથી એવું પણ કહેવાય છે કે મુસ્લિમ રાજાઓએ લોકોને બળપૂર્વક મુસલમાન બનાવ્યા છે. તો એના અનુસંધાનમાં થોડીક ચર્ચા કરી લઈએ.

દિલની માન્યતા એ એવી ચીજ છે જેને બળપૂર્વક કે જોર જુલ્મથી બદલી શકાતી નથી. માણસ ડરનો માર્યો પોતાની માન્યતા જાહેર ન કરે એ બની શકે છે, પણ એ નક્કી છે કે જાન આપી દે છતાં દિલની હાલત બદલી શકાતી નથી. જેથી બળપૂર્વક ધર્મ પરિવર્તન કરાવવામાં આવેલું એ વાતમાં કોઈ તથ્ય નથી. અને વળી જો બળપૂર્વક ધર્મપરિવર્તન કર્યું હોત કે થતું હોત તો મુસલમાન રાજાઓ બાદશાહોએ લગભગ પૂરા અખંડ ભારત પર ૬૦૦ વરસો સુધી રાજ કર્યું છે તો આટલા વરસોમાં એક પણ ગૈર મુસ્લિમ ન રહી શકત ! જ્યારે કે આટલા વરસો પછી પણ આજેય બહુમતિ તો ગૈર મુસ્લિમોની જ છે ! બલ્કે કેટલાય રાજાઓના લશ્કરોમાં સર સેનાપતિ તથા સૈનિકો ગૈર મુસ્લિમો હતા તેમજ રાજ દરબારમાં ઉચ્ચ હોદ્દાઓ પર ગૈર મુસ્લિમો હતા. ત્યાં એવા કોઈ પક્ષપાતની વાત હતી જ નહીં, એના માટે ઈતિહાસ સાક્ષી છે જેથી એ વાતમાં કોઈ માલ નથી કે મુસ્લિમ રાજાઓની ધાકથી લોકોએ ઈસ્લામ સ્વીકાર્યો હતો.

ઈસ્લામ ફેલાયો તો એનો સબબ ઈસ્લામમાં રહેલા ઉચ્ચ અખ્લાક઼ (સુસંસ્કારો) તથા માનવઅધિકારની ભાવના તથા ભેદભાવ વિનાની એકતાની ભાવના, ઊંચનીચના ભેદભાવ વિના સમાનતા તથા ન્યાયની ભાવના તથા માનવ હક્ક઼ોના રક્ષણની ભાવના, નીતિ નિયમોમાં પ્રમાણિક્તા તથા વચન પાલનની ભાવના, કોઈના પર નાહક્ક઼ જુલ્મ ન કરવાની ભાવના વગેરે ઉચ્ચ ગુણોથી લોકોએ આકર્ષાયને ઈસ્લામ સ્વીકાર્યો છે. અલ્લાહના પયગંબરના ઉચ્ચ અખ્લાક઼ સુસંસ્કારવાળા તરીક઼ા પર ચાલીને ઈસ્લામના સંતોએ લોકોનાં દિલો જીતી લીધાં અને ઈસ્લામની સચ્ચાઈ તેમને સમજાયી તો તેમણે ઈસ્લામનો સ્વીકાર કર્યો. સારાંશ કે ઈસ્લામ લોખંડની તલ્વારથી નહીં પણ અખ્લાક઼ (સુસંસ્કાર)ની તલ્વાર વડે ફલાયો છે.

## ★ વલીઓની કરામતોથી ઈસ્લામ ફેલાયો છે ★

આમ તો પહેલી સદી હિજરીથી જ હિંદુસ્તાનમાં એક ખુદાની ઈબાદતને ભૂલી ચૂકેલ લોકોમાં ઈસ્લામનું આગમન થઈ ચૂક્યું હતું. અરબ મુસ્લિમ વેપારીઓની દરિયા કાંઠે આવજાથી તથા તેમની સોહબતથી ઈસ્લામનું સત્ય લોકોને સમજાયેલું અને તે વેપારીઓના ઉચ્ચ અખ્લાક઼ કે જે તેમણે ઈસ્લામના પયગંબરથી શીખ્યા હતા તેના પર તેઓ ચાલતા હતા જેનાથી આકર્ષાયને ઘણા લોકો મુસલમાન થતા રહ્યા.

જેમ કે કેરાલાના કાસરગોડ ખાતે જેમનો મઝાર શરીફ છે તે તાબઈ હઝરત માલિક બિન દીનાર رضی اللہ عنہ ત્યાં દરિયાઈ માર્ગે આવ્યા તો તેમણે ખૂબ જ ઈમાનદારીથી વેપાર કર્યો. નુકસાનીવાળી ચીજ વેચતા તો ગ્રાહકને બતાવી આપતા, કોઈથી ધોકો ન કરતા. તેમની આ ખૂબીની વાત ત્યાંના બાદશાહ સુધી પહોંચતાં તેણે પોતાના દરબારમાં તેમને બોલાવી એના વિશે પૂચ્છા કરી તો આપે ફર્માવ્યું કે આ ઈસ્લામના પયગંબરની તા'લીમ છે જેના પર અમો અડગપણે અમલ કરીએ છીએ. તો એનાથી પ્રભાવિત થઈને તે રાજા પૂરા દરબાર સાથે મુસલમાન થઈ ગયો. આ રીતે ઈસ્લામ ફેલાયો !

તે ઉપરાંત ક્રમે ક્રમે અલ્લાહના વલીઓ, મુસ્લિમ સંતો હિંદમાં આવતા રહ્યા અને તેમણે પોતાના ઉચ્ચ અખ્લાક઼ તથા કરામતો વડે લોકોને ઈસ્લામના દીવાના બનાવ્યા. હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની (કછૌછા શરીફ), હઝરત દાતાગંજ બખ્શ લાહોરી ઉપરાંત ઘણા અલ્લાહના વલીઓ સંતો અખંડ ભારતમાં આવ્યા અને ઈસ્લામ ફેલાતો ચાલ્યો. પણ વિશેષતઃ જેમને હિંદના રાજા ખ્વાજા ગરીબ નવાઝ કહેવામાં આવે છે તે હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہના હિંદમાં પ્રવેશથી અગણિત લોકોએ ઈસ્લામ સ્વીકાર્યો. ન તો અતાએ રસૂલ એમની પાસે જાહેરી કોઈ બાદશાહત હતી ન કોઈ લશ્કર હતું ન કોઈ હથિયારધારીઓ તેમની સાથે હતા. તદન ફક઼ીરી હાલતમાં હિદમાં પધારીને અજમેરની ધરતી પર તેમણે વસવાટ કર્યો પણ ઈતિહાસ સાક્ષી છે કે આ ફક઼ીરના હાથે નેવુ લાખ લોકોએ ત્યારે ઈસ્લામને સ્વીકાર્યો હતો જે ક્રમ ચિશ્તી સિલસિલાના આપના અનુગામી બુઝુર્ગો હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી, હઝરત ફરીદુદ્દીન ગંજશકર, હઝરત નિઝામુદ્દીન અવલિયા, હઝરત નસરુદ્દીન ચિરાગ દહેલ્વી, હઝરત સાબિર કલિયરી.... ઉપરાંત ક઼ાદરી, સુહરવર્દી, નક઼્શબંદી વગેરે સિલસિલાઓના બુઝુર્ગોની કોશિશો તથા કરામતો રંગ લાવી અને હિંદુસ્તાનમાં ઈસ્લામની બોલબાલા થઈ ગઈ. અત્રે સ્થળ સંકોચને કારણે ફક્ત સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ થકી કેવા કેવા લોકોએ ઈસ્લામ સ્વીકાર્યો તેના અમુક નમૂના જોઈ લો :

## ★ ખ્વાજા ગરીબનવાઝ થકી ફેલાયેલી ઈસ્લામની રોશનીની એક ઝલક ! ★

હિ.સ. ૫૮૭ (ઈ.સ. ૧૧૯૧)માં ખ્વાજા સાહબ પ્રથમવાર ૪૦ સાથીઓ સાથે અજમેરમાં આવ્યા. શહેર બહાર છાંયડાવાળા વૃક્ષો નીચે આપે પડાવ નાખ્યો. તો પૃથ્વીરાજના નોકરોએ બેસવાની ના પાડી કે અહીં રાજાનાં ઊંટો બેસે છે. આપ ત્યાંથી ઉઠીને ચાલવા લાગ્યા અને કહ્યું, "અહીં રાજાનાં ઊંટો બેસે છે તો ભલે બેઠેલાં રહ્યાં !" ત્યારબાદ આપ અનાસાગરના કિનારે જતા રહ્યા. પેલી જગ્યાએ ઊંટો બેઠાં તો બેઠેલાં જ રહ્યાં, ખૂબ જ કોશિશ છતાં ઊંટો ન ઉઠયાં તો રાજાને હક઼ીક઼ત જણાવવામાં આવી તો તેણે ખ્વાજા સાહબ પાસે જઈ માફી માગવા એ નોકરોને કહ્યું અને જયારે માફી મળી તો તે ઊંટો ઉઠી ગયાં ! આ કરામત જોઈને લોકો ખ્વાજા સાહબથી પ્રભાવિત થવા લાગ્યા.

અનાસાગરના કિનારે ખ્વાજા સાહબ સાથીઓ સાથે રહેવા લાગ્યા. ત્યાં અઝાનો થતી, નમાઝો થતી તથા એક અલ્લાહની ઈબાદત થતી. આ બધું જોઈને કેટલાક લોકોએ રાજાને ચેતવ્યો તો તેણે મુખ્ય

મંદિરના મહંત અને સર્વ પૂજારીઓના ગુરૂ સાધુરામને ખ્વાજા સાહબને તગેડવા મોકલ્યો. પણ તે ખ્વાજા સાહબ પાસે પહોંચતાં જ પોતાની વિદ્યા ભૂલી ગયો અને આપના રૂહાની પ્રભાવથી અંજામને ઈસ્લામનો કલ્મો ખ્વાજા સાહબના હાથ પર પઢી મુસલમાન થઈ ગયો.

એ જ પ્રમાણે જયપાલ જોગી જે જાદૂઈ વિદ્યાઓનો જાણકાર હતો તેને રાજાએ ખ્વાજા સાહબને મહાત કરવા મોકલ્યો. જયપાલ જોગીએ જાદૂથી પહાડી પથ્થરો ખ્વાજા સાહબના તરફ ફેંકાવ્યા, પણ ખ્વાજા સાહબે દોરેલા વર્તુળની અંદર કોઈ પથ્થર ન જઈ શક્યો. સારાંશ ખ્વાજા સાહબની કરામતો જોઈને છેવટે તેણે પણ ઈસ્લામનો સ્વીકાર કરી લીધો. સારાંશ ખ્વાજા સાહબની આવી અનેક કરામતો જેમ કે અનાસાગરને એક કૂજામાં સમાવી દીધું, ખંજર સંતાડીને મારવા આવનારનું રહસ્ય જાહેર કરી આપ્યું......વગેરે. જેનાથી ખૂબ જ સંખ્યામાં લોકો ઈસ્લામમાં દાખલ થતા ગયા. એ જ પ્રમાણે દરેક યુગમાં હિંદુસ્તાનભરમાં ફેલાયેલા અલ્લાહના વલીઓની કરામતો તથા ઉલમાની કોશિશોથી ઈસ્લામ ફેલાયેલો છે, ન કોઈ જોર જુલ્મ કે બળ પ્રયોગ તેમણે કર્યો હતો બલ્કે અતિશય શક્તિશાળી રાજાઓ સામે આવા ફકીરી હાલતમાં રહેતા વલીઓ સંતોએ ઈસ્લામ પ્રતિ લોકોને આકર્ષ્યા અને તેમના હાથે હિંદવાસીઓના બાપદાદાઓ ઈસ્લામનો કલમો પઢી મુસલમાન થયેલા છે.

## ★ અલ્લાહ તઆલા શિર્કને માફ કરશે નહીં ! ★

મુસલમાનો ! સાવધાન ! ખોટા વહેમોને ત્યજો અને ગૈરોની લોભામણી વાતોમાં આવી શિર્ક તરફ ન ખેંચાશો ! ઈસ્લામની કિંમત સમજો ! ઈમાનના મૂલ્યને સમજો ! જે ઈમાન વિના દુનિયાથી જશે તે હમેશાંની જહન્નમમાં પડશે, કદી તેમાંથી બહાર આવી શકશે નહીં, માટે ગંભીર બનીને કુફ્ર શિર્કથી બચવા સાવધાન રહો. રબ તઆલા કુર્આનમાં ફર્માવે છે : "અલ્લાહ એને માફ નથી કરતો કે તેનો કોઈ શરીક (ભાગીદાર) ઠરાવવામાં આવે, અને એનાથી નીચે જે કાંઈ છે જેને ચાહે માફ કરી આપે. અને જે અલ્લાહનો શરીક (ભાગીદાર) ઠરાવે તે દૂરની ગુમરાહીમાં પડયો." *(સૂરએ નિસાઅ્, આયત : ૧૧૫)*

જો કોઈ અલ્લાહ સિવાય અન્યને ખુદા માને તેણે ઝાતમાં શિર્ક કર્યું અને તેની (ગૈરની) ઈબાદત કરે તો તેણે ઈબાદતમાં શિર્ક કર્યું. અને ઈલ્મ, સાંભળવાની શક્તિ, જોવાની શક્તિ વગેરે અલ્લાહની સિફતો (ગુણો, ખૂબીઓ) છે જો તે સિફતોમાં અન્યને એના જેવી સિફતોવાળો (એટલે ઝાતી, હમેશાથી હમેશા માટેની) ઠરાવીએ તો આપણે મુશ્રિક ઠરીશું. અને જે શિર્કથી તૌબા કર્યા વિના મૃત્યુ પામે તે ઉપરોક્ત આયત પ્રમાણે સદાયની જહન્નમમાં જશે.

જેથી વર્તમાનકાળમાં વિવિધ તરકીબો વડે ઈસ્લામથી દૂર કરવાની તથા અનેક ખુદાઓની પૂજા કરતા કરવાની જે કોશિશો ચાલી રહી છે તેનાથી મુસલમાનોએ સાવધાન રહીને પોતાના દીન પર અડગતાથી રહેવું જોઈએ અને ઈસ્લામ સ્વીકાર્યા બાદ ગૈરોના કોઈપણ પ્રકારના જાતિવાદના ચક્કરમાં આવવું જોઈને નહીં. ઈસ્લામમાં કોઈ જાતિવાદ નથી ન કોઈ વંશ પર ગર્વ કરવાની ઈજાઝત છે, બલ્કે ઈજ્જત તો કેવળ મો'મિનના માટે જ છે. જેમ કે કુર્આનમાં છે : وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ "અને ઈજ્જત તો અલ્લાહ અને રસૂલ અને મુસલમાનો માટે છે." *(સૂરએ મુનાફિકૂન, આયત : ૮)* જેથી કોઈ જાતિથી નિસ્બત કરી તેને ઈજ્જતની વાત સમજી ગર્વ કરવો એ ગુમરાહી છે. મુસલમાન થયા બાદ અન્ય જાતિથી હવે કોઈ સંબંધ ન રહ્યો જેથી કોઈ જાતિવાદમાં લલચાયા વિના કે વહેમોમાં તણાયા વિના ઈસ્લામ ધર્મ પર મુસલમાનોએ અડગતાથી રહેવું જોઈએ.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ બક઼રહની તફસીર

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

هُوَ الَّذِیْ خَلَقَ لَكُمْ
مَّا فِی الْاَرْضِ جَمِیْعًا ۚ ثُمَّ اسْتَوٰۤی اِلَی السَّمَآءِ فَسَوّٰىهُنَّ
سَبْعَ سَمٰوٰتٍ ؕ وَ هُوَ بِكُلِّ شَیْءٍ عَلِیْمٌ ﴿۲۹﴾ وَ اِذْ قَالَ رَبُّكَ
لِلْمَلٰٓىٕكَةِ اِنِّیْ جَاعِلٌ فِی الْاَرْضِ خَلِیْفَةً ؕ قَالُوْۤا اَتَجْعَلُ
فِیْهَا مَنْ یُّفْسِدُ فِیْهَا وَ یَسْفِكُ الدِّمَآءَ ۚ وَ نَحْنُ نُسَبِّحُ
بِحَمْدِكَ وَ نُقَدِّسُ لَكَ ؕ قَالَ اِنِّیْۤ اَعْلَمُ مَا لَا تَعْلَمُوْنَ ﴿۳۰﴾
وَ عَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمْ عَلَی الْمَلٰٓىٕكَةِ ۙ
فَقَالَ اَنْۢبِـُٔوْنِیْ بِاَسْمَآءِ هٰۤؤُلَآءِ اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ﴿۳۱﴾
قَالُوْا سُبْحٰنَكَ لَا عِلْمَ لَنَاۤ اِلَّا مَا عَلَّمْتَنَا ؕ اِنَّكَ اَنْتَ الْعَلِیْمُ
الْحَكِیْمُ ﴿۳۲﴾ قَالَ یٰۤاٰدَمُ اَنْۢبِئْهُمْ بِاَسْمَآىٕهِمْ ۚ فَلَمَّاۤ اَنْۢبَاَهُمْ
بِاَسْمَآىٕهِمْ ۙ قَالَ اَلَمْ اَقُلْ لَّكُمْ اِنِّیْۤ اَعْلَمُ غَیْبَ السَّمٰوٰتِ
وَ الْاَرْضِ ۙ وَ اَعْلَمُ مَا تُبْدُوْنَ وَ مَا كُنْتُمْ تَكْتُمُوْنَ ﴿۳۳﴾

**તે જ છે જેણે તમારા માટે બનાવ્યું જે કંઇ જમીનમાં છે[૫૧] પછી આકાશ તરફ ઇસ્તિવા (કસ્દ-ઇરાદો) ફરમાવ્યો તો ઠીક સાત આસ્માન બનાવ્યાં, અને તે બધું જ જાણે છે[૫૨] (૨૯) અને યાદ કરો જ્યારે કહ્યું તમારા પાલનહારે ફરિશ્તાઓને, હું જમીનમાં મારો નાયબ બનાવનાર છું[૫૩] બોલ્યા, શું એવાને નાયબ બનાવીશ કે જે તેમાં ફસાદ ફેલાવે અને ખૂનામરકી કરે[૫૪] અને અમે તારા વખાણ કરીને તારી તસ્બીહ પઢીએ અને તારી પવિત્રતાનું વર્ણન કરીએ છીએ. ફરમાવ્યું, મને ખબર છે જે તમે નથી જાણતા[૫૫] (૩૦) અને અલ્લાહ તઆલાએ આદમને તમામ વસ્તુ-ઓના નામ શિખવ્યાં[૫૬] પછી તમામ વસ્તુઓ ફરિશ્તાઓ સમક્ષ રજૂ કરી ફરમાવ્યું, સાચા હોવ તો આના નામો તો બતાવો[૫૭] (૩૧) બોલ્યા, પવિત્રતા છે તારા માટે અમને કંઇજ જ્ઞાન નથી પણ જેટલું તેં અમને શિખવ્યું, બેશક! તું જ ઇલ્મ અને હિકમતવાળો છે[૫૮] (૩૨) ફરમાવ્યું અય આદમ! બતાવી દે એમને દરેક વસ્તુઓનાં નામ. જ્યારે આદમે તેમને દરેકનાં નામ બતાવ્યાં[૫૯], ફરમાવ્યું હું ન કહેતો હતો કે હું જાણું છું આસ્માનો અને જમીનની બધી છુપી ચીજો અને હું જાણું છું જે કંઇ તમે જાહેર કરો છો અને જે કંઇ તમે છુપાવો છો[૬૦] (૩૩)**

૫૧. તે જ છે જેણે બનાવ્યું તમારા માટે જે કંઇ જમીનમાં છે એટલે કે ખાણો, લીલોતરી, જાનવરો, નદીઓ, પહાડ જે કંઇ જમીનમાં છે તે બધુ અલ્લાહે તમારા દીન અને દુનિયાના ફાયદા માટે બનાવ્યું છે, દીનનો ફાયદો એ કે એ બધી વસ્તુઓને જોઇને તમને તેની કુદરત અને હિકમતનું ભાન થાય, અને દુનિયાનો ફાયદો એ કે એને ખાવ, પીઓ, વાપરો, આરામથી. પોતાના ઉપયોગમાં લાવો, આ બધી નેઅમતો હોવા

છતાં તમે કેમ કરી કુફ્ર કરશો ?

**મસઅલો** : કરખી અને અબૂબક્ર રાઝીએ خَلَقَ لَكُمْ (તમારા માટે પેદા કર્યું) ના શબ્દને ફાયદો હાંસલ કરી શકાય એવી વસ્તુઓ અસલમાં મુબાહ હોવા માટે દલીલ બનાવી છે.

પર. અને તે બધું જ જાણે છે, એટલે કે આ પેદા કરેલી અને બનાવેલી વસ્તુઓ એ વાતની દલીલરૂપ છે કે અલ્લાહ પાક તમામ બાબતોનું ઇલ્મ ધરાવે છે, કારણ કે આવી હિકમત અને રહસ્યોથી ભરપુર વસ્તુ-ઓનું પેદા કરવું તમામ પાસાંઓના સંપૂર્ણ જ્ઞાન વગર શક્ય નથી, મરવા પછી જીવંત થવાને કાફિરો અશક્ય જાણતા હતા, આ આયતોમાં એ માન્યતા જૂઠી હોવા માટે સશક્ત દલીલ રજૂ કરી દીધી કે જ્યારે અલ્લાહ તઆલા કુદરતવાળો અને દરેક વસ્તુને જાણનાર છે અને શરીરના અણુઓ ભેગા કરવાની અને જીવંત કર-વાની લાયકાત ધરાવે છે તો પછી મોત પછી જીવંત થવું કેવી રીતે અશક્ય બની શકે છે ?

જમીન અને આસ્માન પેદા કર્યા પછી અલ્લાહ પાકે આસ્માનમાં ફરિશ્તાઓને અને જમીનમાં જિન્નાતોને રહેવા જગ્યા આપી, જિન્નાતોએ જ્યારે ફસાદ ફેલાવ્યો ત્યારે ફરિશ્તાઓની એક ટુકડીએ આવીને તેઓને જંગલો અને ખીણોમાં ભગાડી મૂક્યા.

પ૩. હું જમીનમાં મારો નાયબ બનાવનાર છું, ખલીફાનો અર્થ નાયબ થાય છે, ખલીફા હુકમો કર-વામાં અને બીજી સત્તાઓમાં અસ્લ (હેડ)નો નાયબ હોય છે, અહીં ખલીફાથી હઝરત આદમ علیہ السلام મુરાદ છે. જો કે બીજા અમ્બિયા પણ અલ્લાહ તઆલાના ખલીફા છે. હઝરત દાઊદ علیہ السلام માટે ફરમાવ્યું يَادَاوٗدُ اِنَّا جَعَلْنٰكَ خَلِيْفَةً فِى الْاَرْضِ અય દાઊદ ! અમે તમને જમીનમાં ખલીફા બનાવ્યા છે.

ફરિશ્તાઓને હઝરત આદમ علیہ السلامને ખલીફા બનાવવાના છે એવી ખબર એટલા માટે આપવામાં આવી કે જેથી તેઓ તેમને ખલીફા બનાવવાનું રહસ્ય પૂછીને જાણી લે, અને તેઓ પર ખલીફાનું ઉચ્ચપણુ અને શાન જાહેર થાય, કે એમને જન્મ પહેલાં જ ખલીફાનું બિરૂદ પ્રાપ્ત થયું છે. અને આસ્માનવાળાઓને એમના જન્મની ખુશખબર આપવામાં આવી.

**મસઅલો** : આનાથી બન્દાઓને તાલીમ અપાય છે કે તેઓ કોઇ કામ કરતાં પહેલાં મશ્વરો (મસલત) કરી લે, અને અલ્લાહ તઆલા એનાથી પાક છે કે તેને મશ્વરાની જરૂર હોય.

પ૪. બોલ્યા, શું એવાઓને નાયબ બનાવીશ જે તેમાં ફસાદ ફેલાવે અને ખૂનામરકી કરે, આવું કહે-વાથી ફરિશ્તાઓનો હેતુ વાંધાવચકા કાઢવાનો કે હઝ-રત આદમને ટોણાં મારવાનો ન હતો, પણ નાયબ બનાવવામાં શું રહસ્ય છે તે જાણવાનો હતો, અને ઇન્સાનો ફસાદ અને ખૂનામરકી ફેલાવશે એની જાણ યા તો તેઓને અલ્લાહ પાકે આપી હોય અથવા તેઓએ લૌહે મહફૂઝમાંથી જાણ્યું હોય અથવા મનુષ્યો પહેલાં જમીનમાં જિન્નાતોએ ફસાદ ફેલાવ્યો હતો તેના પરથી અંદાજ કાઢયો હોય.

પપ. ફરમાવ્યું, મને ખબર છે જે તમે નથી જાણતા, એટલે કે મારી હિકમતો તમારા પર જાહેર નથી, વાત એમ છે કે ઇન્સાનોમાં પયગમ્બરો પણ થશે, અવ-લિયા અને આલિમો પણ થશે, અને તેઓ ઇલ્મી અને અમલી બન્ને વિશેષતાઓને એકત્ર કરશે.

પ૬. અને અલ્લાહ તઆલાએ આદમને તમામ વસ્તુઓનાં નામો શિખવ્યાં, એટલે કે અલ્લાહ તઆલાએ તમામ વસ્તુઓ અને નામવાળી તમામ ચીજો હઝરત આદમ F સામે રજૂ કરી આપને તેમના નામો, ગુણો અને કાર્યો તેમજ એમની વિશિષ્ટતાઓ, જ્ઞાન અને બનાવટના નિયમો ઇલ્હામી તરીકાથી શિખવ્યા.

પ૭. સાચા હોઉ તો આનાં નામો તો બતાવો, અર્થાત જો તમે પોતાના એ ખ્યાલમાં સાચા હોવ કે હું કોઇ મખ્લૂક તમારાથી વધારે જ્ઞાની પેદા નહિ કરૂં

અને નાયબ બનવાના તમે જ હકદાર છો તો આ વસ્તુઓનાં નામો બતાવો, કારણ કે નાયબનું કામ સત્તાનો ઉપયોગ અને કાર્યો પદ્ધતિસર કરવાનું તેમજ ન્યાય કરવાનું છે, અને એ ત્યાં સુધી શક્ય નથી કે જ્યાં સુધી નાયબ - ખલીફાને તમામ વસ્તુઓનું જ્ઞાન ન હોય કે જે વસ્તુઓ પર તેને સત્તા સોંપવામાં આવી છે, અને જેમનો એને ફેંસલો કરવાનો છે.

**મસઅલો** : અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلام ને ઇલ્મના કારણે ફરિશ્તાઓ કરતાં શ્રેષ્ઠ જાહેર કર્યા, એનાથી સાબિત થયું કે ઇલ્મ (ભલે પછી તે ઇલ્મે અશયા, **વસ્તુઓનો ઈલ્મ**) હોય એકાંતની ઇબાદતથી બેહતર છે. (કારણ કે ફરિશ્તાઓ એકાંતમાં ઇબાદત કરતા હોવા છતાં ઇલ્મે અશયાના અભાવે હઝરત આદમ કરતાં પાછળ રહ્યા.)

**મસઅલો** : આ આયતથી એ પણ જાહેર થયું કે અમ્બિયા علیہ السلام ફરિશ્તાઓ કરતાં અફઝલ છે.

૫૮. આ આયતમાં ફરિશ્તાઓના જવાબનો ઉલ્લેખ છે કે અમો એ વિશે કંઇ જ જાણતા નથી, અમે તો તારી પવિત્રતા બોલવાનું શિખ્યા છીએ અને તું જ ઇલ્મ હિકમતવાળો છે. એટલે કે ફરિશ્તાઓએ પોતાની લાચારીનો સ્વીકાર કરી લીધો, અને એનાથી જાહેર થાય છે કે તેઓએ જે વિનંતી કરી હતી તે વાંધાવચકા કાઢવા માટે નહીં પણ જાણવા માટે હતી, હવે તેઓને ઇન્સાનની પયદાઇશનું રહસ્ય અને તેની બુઝુર્ગી માલૂમ થઇ ગઇ જે પહેલાં તેઓ જાણતા ન હતા.

૫૯. પછી જ્યારે હઝરત આદમ علیہ السلام એ દરેક વસ્તુનું નામ અને તેની પેદાઇશની હિકમત (રહસ્ય) બતાવી દીધી.

૬૦. હું જાણું છું જે કંઇ તમે જાહેર કરો છો અને જે કંઇ છુપાવો છો, ફરિશ્તાઓએ જે વાત જાહેર કરી હતી તે એ હતી કે ઇન્સાન જમીનમાં ફસાદ અને ખૂના-મરકી ફેલાવશે, અને જે વાત છુપાવી હતી તે એ હતી કે ખિલાફતની પદવીને પાત્ર તેઓ પોતે જ છે, અને તેઓથી વધારે જ્ઞાની અને શ્રેષ્ઠ બીજી કોઇ મખ્લૂક ખુદા પાક પેદા કરશે નહીં.

**મસઅલો** : આ આયતથી ઇન્સાનની શ્રેષ્ઠતા ઇલ્મની બુઝુર્ગી સાબિત થઇ, અને એ પણ કે અલ્લાહ તઆલા તરફથી તાલીમનો સંબંધ જોડવો સહીહ છે, જો કે અલ્લાહ પાકને મુઅલ્લિમ (શિક્ષક) કહી શકતા નથી, કારણ કે મુઅલ્લિમ (શિક્ષક)નો શબ્દ ધંધાદારી તાલીમ આપનાર માટે વપરાય છે.

**મસઅલો** : એનાથી એ પણ સાબિત થયું કે તમામ ભાષાઓ અને શબ્દકોશો અલ્લાહ પાક તરફથી છે.

**મસઅલો** : એ પણ જાણવા મળ્યું કે ફરિશ્તાઓના ઇલ્મમાં અને કમાલાતમાં વૃદ્ધિ થાય છે.

પેજ નં. **૩૦**નું ચાલુ...

હાથીવાળાઓ (એટલે કે અબરહા બાદશાહ અને એના લશ્કર)ની તબાહી નબી કરીમ ﷺની વિલાદતથી ચાલીસ દિવસ પહેલાં થઈ અને કૌમે આદ તથા ષમૂદ પર અઝાબ આવવું એ હુઝૂર ﷺની વિલાદત શરીફથી હજારો વર્ષ પહેલાં છે, છતાં આ બંનેવ પ્રસંગોના વિશે રબ તઆલાએ નબી કરીમ ﷺથી ફર્માવ્યું, શું તમે આ પ્રસંગો ન જોયા ?! એટલે કે જોયા છે. સ્પષ્ટ થયું કે નબી ﷺની નજર ભૂતકાળ અને ભવિષ્ય સૌને જુએ છે. *(ઈલ્મુલ કુર્આન, પેજ–૧૮૩ થી ૧૮૮)*

જે લોકો નબી વલીના માટે દૂરથી જોવા સાંભળવાની માન્યતાને શિર્ક કહે છે તેઓ શું કુર્આન સિવાયનો કોઈ ધર્મ પાળી રહ્યા છે ?! કુર્આન તો સ્પષ્ટ આયતોથી સાબિત કરે છે કે નબી વલીને એ ઈખ્તિયારો છે, અને છતાં જેઓ તેને શિર્ક કહે છે, તો એઓ કુર્આન પર આક્ષેપ કરી રહ્યા છે અને કુર્આન પર આક્ષેપ કરનારા હરગિઝ મુસલમાન નથી, જેમ કે વહાબી દેવબંદીઓ વગેરે. અલ્લાહ તઆલા આપણા ઈમાનની સલામતી રાખે અને બદમઝહબોથી બચાવે. (આમીન)

**હદીષ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ આગલા પગની રાન ખાધી પછી પોતાનો હાથ એ ટાટ સાથે લુછયો જે આપની નીચે હતું, પછી ઉભા થયા અને નમાઝ પઢી લીધી[૧]. (અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا થી રિવાયત ફર્માવે છે કે મેં હુઝૂર ﷺને શેકેલી પાંસળીઓ રજૂ કરી. હુઝૂરે એમાંથી ખાધુ, પછી નમાઝ પ્રતિ ઉભા થઈ ગયા અને વુઝૂ ન કર્યું[૨]. (અહમદ)

(ત્રીજો વિભાગ) હઝરત અબૂ રાફેઅથી રિવાયત છે ફર્માવે છે કે હું ગવાહી આપુ છું કે હુઝૂર ﷺના માટે બકરીનું પેટ શેકતો હતો[૩]. પછી હુઝૂર નમાઝ પઢતા અને વુઝૂ ન કરતા. (મુસ્લિમ)

એમનાથી જ રિવાયત છે ફર્માવે છે કે મારી પાસે બકરી તોહફારૂપે મોકલવામાં આવી તેને હાંડલીમાં નાખી. પછી હુઝૂર ﷺ તશરીફ લાવ્યા. ફર્માવ્યું, અબૂ રાફેઅ ! આ શું છે ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ બકરી છે જે અમને તોહફામાં મળી. પછી અમે હાંડલીમાં પકાવી લીધી. ફર્માવ્યું, હે અબૂ રાફેઅ ! અમને એક દસ્તી (આગલી રાન) આપો[૪]. મેં દસ્તી પેશ કરી. પછી ફર્માવ્યું કે બીજો દસ્ત પણ આપો. મેં બીજી દસ્તી પણ પેશ કરી[૫]. પછી ફર્માવ્યું, હે અબૂ રાફેઅ ! અધિક દસ્ત લાવો ! અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ બકરીના બે જ દસ્ત હોય છે ! ત્યારે તેમને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જો તમે ખામોશ રહેતા તો તમે અમને દસ્ત પર દસ્ત આપતા રહેત ! જ્યાં સુધી ખામોશ રહેતા**[૬]. પછી પાણી મંગાવ્યું પછી મોઢાની કુલ્લી કરી પોતાના બેડકાં ધોયાં[૭]. પછી ઉભા થયા ત્યારે નમાઝ પઢી. પછી પાછા તશરીફ લાવ્યા તો એમની પાસે ઠંડો ગોશ્ત જોયો, ખાધો પછી મસ્જિદમાં તશરીફ લાવ્યા, નમાઝ પઢી, પાણીને અડકયા પણ નહીં[૮]. એને અહમદે રિવાયત કરી અને દારમીએ અબૂ ઓબૈદથી રિવાયત કરી, પણ તેમને ثُمَّ دعا...بماء નો ઉલ્લેખ નથી કર્યો.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે હું તથા ઉબય તથા અબૂ તલ્હા[૯] બેઠેલા હતા કે અમે ગોશ્ત તથા રોટી ખાધી. પછી મેં વુઝૂનું પાણી મંગાવ્યું[૧૦] તો એ બંનેવે કહ્યું કે શા માટે વુઝૂ કરો છો ?! મેં કહ્યું, આ ખાવાના કારણે જે આપણે ખાધુ તેઓ બોલ્યા, શું તમે હલાલ ચીજોથી વુઝૂ કરો છો ?![૧૧] એનાથી તો એમણે પણ વુઝૂ ન કર્યું જે તમારાથી બેહતર છે ! (અહમદ)

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૦૧.** હુઝૂરને બકરીનો શાનો (આગલી રાન) એટલે દસ્તી ખૂબ પ્રિય હતી. આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂરે ગોશ્ત ખાયને હાથ પણ ન ધોયા કેવળ લુછી લીધા.

**૦૨.** ન શરઈ વુઝૂ ન લુગ્વી (શાબ્દિક અર્થમાં) વુઝૂ એટલે હાથ ધોવા, બલ્કે હાથ લુછયા પણ નહીં, જેથી માલૂમ થાય કે ખાધા પછી હાથ ધોવા કે લુછવા ફર્ઝ નથી કે વાજિબ નથી, સુન્નત છે જેના કરવા પર સવાબ ન કરવા પર ગુનોહ નથી.

**૦૩.** એટલે કે પેટની ચીજો દિલ, કલેજી, તલી

વગેરે, પણ ગુર્દા હુઝૂરને નાપસંદ હતા કે એનો સંબંધ મૂત્ર સાથે છે.

**૦૪.** જાણવા મળ્યું કે પોતાના ગુલામો અથવા દોસ્તોથી કોઈ ચીજ નિઃસંકોચ માગવી નાજાઈઝ નથી, જે સવાલથી મના કરવામાં આવ્યું તે ઝિલ્લતનો (ભીખ માટેનો) સવાલ છે. હુઝૂર ﷺને દસ્ત (રાન) પસંદ હતો કેમ કે હજમ પણ જલ્દી થાય છે અને સ્વાદિષ્ટ પણ હોય છે, એમાં રેસા એટલે દોરા પણ નથી હોતા.

**૦૫.** લગભગ હુઝૂર ﷺની સાથે સહાબા رضوان الله تعالى عليهم اجمعينની જમાઅત હશે અને સૌની સાથે એ ગોશ્ત ખાધો હશે.

**૦૬.** એટલે કે હું માગતો રહેત અને તમે આપ્યા કરત, આ હાંડલીમાંથી સેંકડો દસ્ત નીકળી આવત. આ પરથી બે મસ્અલા માલૂમ પડયા, એક એ કે હુઝૂર ﷺના ઈર્શાદ પર દરેક પ્રકારની ચીજ આલમે ગયબથી પ્રાપ્ત થઈ જાય છે. હઝરત તલ્હાના ઘરે ત્રણ ચાર શેર ગોશ્ત સેંકડોને ખવડાવી આપ્યો. બોટીઓ અને શેરવાનુ પાણી અને મસાલો ગયબના આલમમાંથી જ આવી રહ્યો હતો. બીજુ એ કે બુઝુર્ગોની સામે આવા પ્રસંગે ઈન્કાર કે ખચકાટ ન કરવો જોઈએ બલ્કે નિઃસંકોચ તેમના હુકમ પર અમલ કરવો જોઈએ, બહષ તથા ઈન્કારથી ફયઝ બંધ થઈ જાય છે.

**૦૭.** પૂરો હાથ તો શું પૂરી આંગળીઓ પણ ન ધોયી. આ બયાન જાઈઝ હોવાના માટે છે, નહીં તો **ખાતા પહેલાં અને પછી બંને હાથ ધોવા સુન્નત છે.**

**૦૮.** કદાચ પ્રથમ વાર નફ્લ પઢયા હશે અને બીજીવાર ફર્ઝો. વલ્લાહુ અઅ્લમ.

**૦૯.** આપનું નામ ઝયદ ઈબ્ને સહલ છે. કુન્નિયત અબૂ તલ્હા અન્સારી છે. નજ્જારી છે. હઝરત અનસના સોતેલા પિતા છે. 77 વરસની ઉપર પામ્યા. હિ.સ. ૩૧ ૩માં સમુદ્રની સફર કરી ટાપુમાં વફાત પામ્યા. નવ દિવસ બાદ દફન થયા. બયઅતે ઉક્બા અને બદર વગેરે તમામ ગઝવાતમાં સામેલ રહ્યા.

**૧૦.** કેમ કે હઝરત અનસ رضی اللہ عنہ ખાવાના વુઝૂની હદીષમાં વુઝૂનો શરઈ અર્થ સમજતા હતા. એનાથી જાણવા મળ્યું કે મુહદ્દિષ, ફકીહની રાય વિના હદીષ પર અમલ ન કરે. એટલા માટે ઈમામ તિર્મિઝી વગેરે મુકલ્લિદ બન્યા.

**૧૧.** એટલે કે વુઝૂ પાકી છે જે કોઈ નાપાક ચીજથી જવું જોઈએ. અને ખાવું એ ન હરામ છે ન નાપાક છે તો પછી વુઝૂ શા માટે ? એનાથી જાણવા મળ્યું કે સ્ત્રીને સ્પર્શવાથી પણ વુઝૂ જશે નહીં, તેણી પણ ન હરામ છે ન નાપાક.

પેજ નં.**૧૭**નું ચાલુ...

કહ્યું, હે અહમદ રઝા ! તારા જેવા તો હજારો આશિકો અહિંયા ફરતા રહે છે, તારી વાત કોઈ કેમ પૂછે ?! નઅત પૂરી કરી દુરૂદ પઢતા રહ્યા અને દીદાર મુસ્તફા નસીબ થયું.

આશિકો માટે હુઝૂર ﷺની બારગાહનો સ્વાન થવું મોટા ગર્વની વાત છે. ઘણા મહાન બુઝુર્ગોએ પોતાને હુઝૂર ﷺની બારગાહનો સ્વાન બતાવ્યો છે. આ'લા હઝરત પણ બુઝુર્ગોના નક્શે કદમ પર ચાલી પોતે આશિક હોવાની દલીલ આપી રહ્યા છે.

આ શેઅરમાં આ'લા હઝરતે નમ્રતારૂપે પોતાને કુત્તે કહી સંબોધેલ છે. અમુક આશિકોને આ'લા હઝરત આ શેઅર પઢતી વખતે મહોબ્બતમાં "કુત્તે"ની જગ્યાએ "કિત્તે" એટલે કે કેટલા અથવા શૈદા પઢે છે. નિઃશંક ! આ એમની આ'લા હઝરત પ્રત્યે મહોબ્બતની નિશાની છે પણ આ'લા હઝરતની રૂહ ત્યારે જ ખુશ થશે જયારે આપ બારગાહે રિસાલતમાં મકબૂલ થયેલ શબ્દ કુત્તે જેની આજીજીને કારણે હુઝૂર ﷺની ઝિયારત નસીબ થઈ. *(અઝ : શારેહે હદાઈકે બખ્શિશ અલ્લામા અહમદ ઓવૈસી, અલ્લામા ગુલામ હસન કાદરી, સાદિક સાબરી)*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક્ સાબરી દહેગામી

**વો સૂએ લાલાઝાર ફિરતે હૈં**
**તેરે દિન અય બહાર ફિરતે હૈં**

*(લાલાઝાર = બગીચો, સૂએ = તરફ, ફિરતે હૈં = આવી રહ્યા છે, તેરે દિન = તારા દિવસો, બહાર = વસંતઋતુ)*

**અર્થ** : અય રસૂલે પાક ﷺના દીદારની તમન્નાના ફૂલો ધરાવનાર બાગ ખુશ થઈ જા, હુઝૂર તશરીફ લાવી રહ્યા છે અને વસંતઋતુના તારા દિવસો પાછા આવી રહ્યા છે.

આ'લા હઝરત رضی اللہ عنہ જ્યારે બીજી વખત મદીના શરીફ તશરીફ લઈ ગયા તો દીદારે મુસ્તફા ﷺની તડપમાં મવાજેહ શરીફ (રોઝા મુબારક)ની સામે દુરૂદ શરીફ પઢતા રહ્યા અને એંધાણ એવા દેખાયા કે હુઝૂર ﷺ બસ કરમ ફર્માવવાના જ છે. પરંતું પહેલી રાત ગુજરી ગઈ. બીજી રાત આવતા પહેલાં આપે દીદારના શોખમાં આ નઅત લખી જેની તરફ આ નઅતના મકતઅમાં ઈશારો કરવામાં આવ્યો છે : ''કોઈ ક્યું પૂછે તેરી બાત રઝા''

બસ આ નઅત રોઝા મુબારક સામે પેશ કરી અને બાઅદબ બેસી ગયા કિસ્મતનો તારો ચમક્યો અને માથાની આંખોથી જાગૃતાવસ્થામાં દીદારે મુસ્તફા ﷺની દૌલત નસીબ થઈ. *(માહનામા સાલિક, રાવલપિંડી, જુલાઈ–ઓગસ્ટ–૧૯૨૩)*

ઘણા બુઝુર્ગોને જાગૃતાવસ્થાની હાલતમાં દીદારે મુસ્તફા નસીબ થયો જેમાં ઈમામ જલાલુદ્દીન સિયુતીનુ નામ મશ્હૂર છે, તેમને ૭૫ વખત જાગૃતાવસ્થાની હાલતમાં હુઝૂર ﷺની ઝિયારત નસીબ થઈ. જાગૃતાવસ્થાની હાલતમાં હુઝૂર ﷺની ઝિયારત નસીબ થવું ઘણી રિવાયતોથી સાબિત છે.

હદીષે પાકમાં છે : જેણે મને સ્વપ્નમાં જોયો તે જાગૃતાવસ્થામાં મને જોશે. તફસીરે રૂહુલ મઆની, પારા–૨૨, પેજ–૨૩ પર છે કે હુઝૂર ﷺના વિસાલ પછી ઘણા બુઝુર્ગોને જાગૃતાવસ્થામાં હુઝૂર ﷺની ઝિયારત નસીબ થઈ છે, વધુ દલીલો માટે જુઓ ઈમામ જલાલુદ્દીન સિયુતીની કિતાબ ''તન્વીરુલ હલક ફી ઈમકાને રુયતિન્નબીય્યે વલ મલક'' અલ્લામા ફૈઝ અહમદ ઓવૈસીની કિતાબ ''તોહફતુસ્સુલહા.''

**જો તેરે દર સે યાર ફિરતે હૈં**
**દર બદર યૂંહી ખ્વાર ફિરતે હૈં**

*(દર = દરવાજો, દર બદર = એક દરવાજાથી બીજા દરવાજા પર, યૂંહી = એવી રીતે, ખ્વાર = ઝલીલ, રુસ્વા)*

**અર્થ** : અય મારા પ્યારા આકા ! જે આપની ચોખટથી મોઢુ ફેરવી લે છે તે દર બદર ઝલીલ રુસ્વા થઈને ધક્કા ખાતો ફરતો રહે છે, તેને કોઈ ઠેકાણુ નથી મળતું.

**આહ કલ ઐશ તો કિયે હમને**
**આજ વો બેકરાર ફિરતે હૈં**

*(આહ = અફસોસ, કલ = કાલે, મુરાદ દુન્યા, ઐશ = આરામ)*

**અર્થ** : મેદાને મેહશરના નકશાને ધ્યાનમાં રાખી આશિક્ કહે છે, અફસોસ ! કાલે દુનિયામાં અમે આરામ જ કરતા રહ્યા, આખેરતની કોઈ ફિકર ન કરી ન હુઝૂર ﷺના ઉમ્મતી હોવાના ગર્વની લાજ રાખી. પરંતું આજે હશ્રમાં શફીઉલ મુઝનબીન,

શાફએ મેહશર પ્યારા આક઼ા ઉમ્મતીના ગમમાં બેકરાર બેચેન ફરી રહ્યા છે. ક્યારેક અલ્લાહની બારગાહમાં ઉમ્મતની બખ્શિશ માટે શફાઅત કરે છે તો ક્યારેક પુલસિરાત પર, મીઝાન પર, હૌઝે કૌષર પર ઉમ્મતીઓના ગમમાં ફેરા લગાડી રહ્યા છે.

**ઉનકે ઈમા સે દોનોં બાગોં પર**
**ખૈલે લયલો નહાર ફિરતે હૈં**

*(ઈમા=ઈશારો, બાગોં=લગામો, ખૈલે લયલો નહાર = રાત દિવસના ઘોડા)*

**અર્થ** : રાત દિવસના ઘોડાઓની લગામ હુઝૂર ﷺના હાથમાં છે જ્યારે ઈશારો કરે ત્યારે રોકાઈ જાય અને જ્યારે ઈશારો કરે ચાલવા માંડે છે.

આ શેઅરમાં હુઝૂર ﷺના મુખ્તાર હોવા તરફ ઈશારો કરવામાં આવ્યો છે જેવું કે રિવાયતોથી સાબિત છે કે જ્યારે મક્કાના કાફિરોએ મેઅરાજ વિશે નિશાનીઓ માંગી તો હુઝૂરે ફર્માવ્યું કે એક કાફલો સૂર્ય નીકળતા પહેલાં આવી જશે. તો કાફિરોએ કાફલાને મક્કાની બહાર જ રોકી રાખ્યો જેથી સૂર્ય નીકળતાં પહેલાં મક્કામાં દાખલ ન થાય તો હુઝૂર ﷺ જૂઠા પડે. પરંતું સૂર્ય ત્યાં સુધી નીકળ્યો જ નહીં જ્યાં સુધી કાફલો મક્કામાં પ્રવેશ્યો નહીં. અને મકામે સહબામાં હઝરત અલી رضی اللہ عنہની નમાઝ માટે ડૂબેલો સૂર્ય હુઝૂર ﷺએ પાછો બોલાવ્યો. આ ઉપરાંત હદીષે પાક છે કે હું સૂઈ રહ્યો હતો અને તમામ જમીનના ખજાનાઓની ચાવીઓ લાવીને મારા હાથમાં મૂકી દેવામાં આવી. *(બુખારી શરીફ–૪૧૮)* ક઼યામતના દિવસે જન્નતની ચાવીઓ મારી પાસે હશે *(દલાઈલુન્નબુવ્વત–૮, પેજ–૬૪, ૬૫)*

હઝરત આમેના رضی اللہ عنہا બયાન ફર્માવે છે કે હુઝૂર ﷺની પેદાઈશ મુબારક સમયે આ એલાન થયું : "તમામ દુનિયા મુહમ્મદ ﷺના કબ્ઝામાં છે." *(ઝુર્કાની–૧, પેજ–૧૧૪)* હુઝૂર ﷺ ફર્માવે છે કે આક઼ાશમાં મારા બે વજીર છે, જિબ્રઈલ અને મિકાઈલ, અને પૃથ્વી પર મારા બે વજીરો છે અબૂબક્ર અને ઉમર (તિર્મિઝી શરીફ) ઈખ્તિયારે મુસ્તફા પર વધુ જાણકારી માટે પઢો અલઅમ્નો વલ ઉલા, સલ્તનતે મુસ્તફા.

**હર ચરાગે મઝાર પર કુદસી**
**કૈસે પરવાના વાર ફિરતે હૈં**

*(ચિરાગ = દીપ, ક઼ુદસી = ફરિશ્તો, પરવાના વાર = પતંગિયાની જેમ)*

**અર્થ** : હુઝૂર પુરનૂર ﷺના મુબારક મઝારની નૂરાનિયત પર ફરિશ્તાઓ પરવાનાઓની જેમ કુર્બાન થઈ રહ્યા છે. જેવું કે હદીષે પાક છે કે સવારે સિત્તેર હજાર અને સાંજે સિત્તેર હજાર ફરિશ્તાઓ હુઝૂર ﷺની બારગાહમાં સલામ પેશ કરવા આવે છે, જે એકવાર આવી જશે બીજી વખત તેનો નંબર નહીં આવે.

**ઉસ ગલી કા ગદા હૂં મૈં જિસમેં**
**માંગતે તાજદાર ફિરતે હૈં**

*(ગદા = ભિખારી, તાજદાર = રાજા)*

**અર્થ** : મને ગર્વ છે કે હું હુઝૂર ﷺની તે ગલીનો ભિખારી છું જ્યાં મોટા મોટા રાજાઓ ભિખ માંગે છે.

**જાન હૈં જાન ક્યા નઝર આએ**
**ક્યૂં અદૂ ગિર્દેગાર ફિરતે હૈં**

*(જાન = પ્રાણ, અદૂ = દુશ્મન, ગિર્દેગાર = ગુફાની આસપાસ)*

**અર્થ** : હિજરતની રાતે હુઝૂર ﷺ ગારે ષૌરમાં આરામ ફર્માવી રહ્યા હતા, દુશ્મનો ગારની આસપાસ ફરીને જતા રહ્યા, હુઝૂર ﷺ નજર ન આવ્યા. હુઝૂર ﷺ કેવી રીતે દેખાતા ?! કેમ કે હુઝૂર ﷺ તો કાઈનાત, ઈસ્લામ, ઈમાનની જાન છે અને જાન દેખાતી નથી.

**ફૂલ ક્યા દેખું મેરી આંખો મેં**
**દશ્તે તૈબા કે ખાર ફિરતે હૈં**

*(દશ્તે તૈબા = મદીનાનો જંગલ, ખાર = કાંટા)*

**અર્થ** : હે ફૂલો ! હું તમને કેવી રીતે જોઉં ? મારી આંખોમાં તો આક઼ા ﷺના શહેરના કાંટા સમાયેલ છે જે મને તમારા કરતાં વધારે પ્યારા છે.

**લાખોં કુદસી હૈં કામે ખિદમત પર**
**લાખોં ગિર્દે મઝાર ફિરતે હૈં**

**અર્થ** : લાખો ફરિશ્તાઓ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર રહે છે અને લાખો મઝારની આજુબાજુ ફરે છે.

**વરદિયાં બોલતે હૈં હર કારે**
**પેહરા દેતે સવાર ફિરતે હૈં**
*(વરદિયા = વાજુ વગાડવુ અથવા એલાન કરવું, હર કારે = એલાન કરનાર અથવા પિયાદા લશ્કર)*

**અર્થ** : મદીનએ મુનવ્વરામાં પાયદળ સિપાહીઓ હુઝૂર ﷺની અઝમતની નોબત વગાડે છે અને હુઝૂર ﷺની રહમતોનું એલાન કરે છે તથા નૂરી સવાર ફરિશ્તાઓ મદીનાની ચારો તરફ પેહરેદાર રૂપે ગશત લગાડે છે. જેવું કે હદીષે પાકમાં છે : મદીના શરીફના દરેક રસ્તા પર ફરિશ્તાઓની નિગરાની છે, એટલા માટે એમાં ન દજ્જાલ આવી શકે છે ન તાઉન. (ખુલાસતુલ્વફા) મદીના મુનવ્વરાની હિફાઝત માટે દરેક ગલીમાં ફરિશ્તાઓની જમાઅત ઉભી છે. *(બુખારી, મુસ્લિમ)*

**રખીયે જૈસે હૈં ખાનાઝાદ હૈં હમ**
**મોલ કે ઐબદાર ફિરતે હૈં**
*(ખાનાઝાદ = ઘરમાં પેદા થયેલ ગુલામ, મોલ = કિંમત, ઐબદાર=ઐબવાળુ)*

**અર્થ** : હે ગરીબોના દાતા ! અમે જેવા પણ છીએ પૈદાઈશી તમારા ગુલામ છીએ, અમને આપની ગુલામીમાંથી કાઢશો નહીં. જો આપ નહીં રાખો તો અમને કોણ રાખશે ?! કે મોટી કિંમતવાળાને પણ ઐબના કારણે લોકો લેતા નથી તો અમને કોણ લેશે ?!

**હાય ગાફિલ વો ક્યા જગહ હૈ જહાં**
**પાંચ જાતે હૈં ચાર ફિરતે હૈં**

**અર્થ** : અફસોસ ! હે દુનિયાની મહોબ્બતમાં આખેરતને ભૂલી જનાર ! તે જગ્યા કબ્રસ્તાન આખેરતની પહેલી મંઝિલને યાદ કર જ્યાં પાંચ જાય છે, ચાર જનાઝો ઉઠાવનાર અને એક મય્યત, પરંતું પાછા ચાર જ આવે છે ! તું પણ ત્યાંથી પાછો નહીં આવે.

**બાએં રસ્તે ન જા મુસાફિર સુન**
**માલ હૈ રાહમાર ફિરતે હૈં**
*(બાએં રસ્તે = ઊંધા રસ્તે, રાહમાર = ડાકૂ)*

**અર્થ** : હે ઈશ્કે રસૂલની દૌલતથી ધનવાન ! તું ચૌદસો વર્ષથી ચાલ્યા આવેલ સીધા રસ્તા એહલે સુન્નત પર ચાલ્યા કર ! ઊંધા રસ્તે ન જતો. કારણ કે તે ઊંધા રસ્તા દેવબંદિયત, વહાબિયત, કાદયાનિયત વગેરે પર ઈશ્કે રસૂલને લૂટનાર ખતરનાક લૂટારાઓ બેઠેલા છે.

**જાગ સુનસાન બન હૈ રાત આઈ**
**ગુર્ગ બેહરે શિકાર ફિરતે હૈં**
*(સુનસાન = વેરાન, બન = જંગલ, ગુર્ગ = વરૂ, વાઘ, બેહરે શિકાર = શિકાર માટે)*

**અર્થ** : હે ફિત્નાઓથી ગાફિલ ! જાગી જા ! તું દુનિયાના વેરાન જંગલમાં છે અને બદઅકીદગીના અંધકારવાળી રાત આવી રહી છે, ઈમાન ખરાબ કરનાર વરૂઓ શિકારની તલાશમાં ફરી રહ્યા છે. ક્યાંક તું એમનો શિકાર ન બની જાય.

**નફ્સ યે કોઈ ચાલ હૈ જાલિમ**
**જૈસે ખાસે બેજાર ફિરતે હૈં**
*(ખાસે=સારા ભલા, બેજાર=તાઝા તગડા, સાંડ)*

**અર્થ** : હે જાલિમ નફ્સ ! આ પણ તારી ચાલ છે કે ઈબાદત કરવાની હોય તો બીમારી કમજોરીના ખયાલો આપે છે અને એમ તાજા તગડા સાંઢની જેમ ફરે છે !

**કોઈ ક્યૂં પૂછે તેરી બાત 'રઝા'**
**તુઝ સે કુત્તે હજાર ફિરતે હૈં**

**અર્થ** : કોઈ તારી ખબર શા માટે પૂછે હે અહમદ રઝા ! તારા જેવા હજારો મુસ્તફા ﷺની ચોખટના સ્વાનો ફરતા રહે છે.

જ્યારે આ'લા હઝરતે દીદારે મુસ્તફા ﷺની તમન્નામાં આ નઅત પઢી પણ ઝિયારત ન થઈ તો આપે પોતાને સંબોધીને વધુ પેજ નં. ૧૪....પર

દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

*(મજલિસ : ૮)*

**(દલીલુલ આરિફીન** : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

ત્યારબાદ અલ્લાહ તઆલાનાં ૯૯ નામો પઢે. પછી પયગંબરે ખુદા ﷺના ૯૯ નામો પઢે, જે આ પ્રમાણે છે :–

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔

مُحَمَّدٌ۔ اَحْمَدُ۔ بَشِيْرٌ۔ مَحْمُوْدٌ۔ قَاسِمٌ
۔عَاقِبُ۔ خَاتِمُ۔ حَاشِرٌ۔ حَيٌّ مَاحِيٌ۔ دَاعِيٌ۔ سِرَاجٌ
مُنِيْرٌ۔ بَصِيْرٌ۔ نَظِيْرٌ۔ هَادِيٌّ۔ مَهْدِيٌّ رَسُوْلٌ
۔رَحْمَةٌ۔ نَبِيٌّ۔ طٰهٰ۔ يٰسِيْن۔ مُزَمِّلٌ۔ مُدَثِّرٌ۔ صَفِيٌّ
خَلِيْلٌ۔ كَرِيْمٌ۔ حَبِيْبٌ۔ مَجِيْدٌ۔ اَحَدٌ۔
وَحِيْدٌ۔ قَيِّمٌ۔ جَامِعٌ۔ مَقْضِي۔ مُقْتَضِي۔ رَسُوْلُ
اَلْمُلَاحِمِ رَسُوْلُ الرَّحْمَةِ۔ كَامِلٌ۔ اَكْمَلُ۔ مُصْطَفٰى
۔مُرْتَضٰى۔ مُخْتَارٌ۔ نَاصِرٌ۔ قَائِمٌ۔ حَافِظٌ۔
حَافِظ۔ شَهِيْدٌ۔ عَادِلٌ۔ حَكِيْمٌ۔ نُوْرٌ۔
حُجَّةٌ۔ بَيَانٌ۔ بُرْهَانٌ مُوْمِنٌ۔ مُطِيْعٌ۔ مُذَكِّرٌ
۔وَاعِظٌ۔ وَاحِدٌ۔ اَمِيْنٌ۔ صَادِقٌ۔ نَاطِقٌ۔ صَاحِبٌ
مَكِّيٌّ۔ مَدَنِيٌّ۔ اَبْطَحِيٌّ۔ عَرَبِيٌّ۔ هَاشِمِيٌّ۔ مُضَرِيٌّ۔
اٰمن۔ عَزِيْزٌ۔ حَرِيْصٌ۔ رَؤُفٌ۔ يَتِيْمٌ۔ طَيِّبٌ۔ طَاهِرٌ۔
فَصِيْحٌ۔ سَيِّدٌ مُتَّقِيٌّ۔ اِمَامٌ۔ حَقٌّ۔ مُبِيْنٌ۔
اَوَّلٌ۔ اٰخِرٌ۔ ظَاهِرٌ۔ بَاطِنٌ۔ شَفِيْعٌ۔ مُحَرِّمٌ۔ اٰمِرٌ۔ نَاهِيٌ
حَلِيْمٌ۔ شَهِيْدٌ۔ قَرِيْبٌ۔ مُنِيْبٌ۔ وَلِيٌّ عَبْدُ اللّٰهِ۔
مُحَمَّدٌ كَرَامَتُ اللّٰهِ وَمُحَمَّدٌ اٰيَتُ اللّٰهِ وَسَلَّمَ تَسْلِيْمًا۔
كَثِيْرًا كَثِيْرًا۔ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ۔

**બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ**

**મુહમ્મદ, અહમદ, બશીર, મહમૂદ, ક઼ાસિમ, આક઼િબ, ખાતિમ, હાશિર, હય્યમાહ઼િયુન્, દાઈ, સિરાજ, મુનીર, બશીર, નઝીર, હાદી, મુહમ્મદી رحمۃ اللہ تعالی علیھم اجمعین, રસૂલ, રહમત, નબી, તાહા, યાસીન, મુઝ્ઝમ્મિલ, મુદષ્ષિર, સફી, ખલીલ, કરીમ, હબીબ, મજીદ, અહમદ, વહીદ, ક઼ૈયિમ, જામિઅ, મક઼દી, મુક઼્તદ઼ા, રસૂલ, અલમુલાસિમ, રસૂલુર્રહ્મહ્, કામિલ, અકમલ, મુસ્તફા, મુર્તદ઼ા, મુખ્તાર, નાસિર, ક઼ાઈમ, હાફિઝ, શહીદ, આદિલ, હકીમ, નૂર, હુજ્જત, બયાન, બુરહાન, મોમિન, મુતીઅ, મુઝક્કિર, વાઇ઼ઝ, વાહિદ, આમીન, સાદિક઼, નાતિ઼ક઼ સાહિબ, મક્કી, મદની, અબતહા, અરબી, હાશમી, મઝરી, આમિન, અઝીઝ, હરીદ, રઉફ, યતીમ, તૈયિબ, તાહિર, ફસીહ, સૈયિદ, મુત્તક઼ી, ઈમામ, હક્ક઼, મુબીન, અવ્વલ, આખિર, ઝાહિર, બાતિન, શફીઅ, મુહરમ, આમિર, હલીમ, શહીદ, ક઼રીબ, મુનીબ, વલી, અબ્દુલ્લાહ, મુહમ્મદ કરામતુલ્લાહ, વ મુહમ્મદ આયતુલ્લાહ વસલ્લમ તસ્લીમા, કષીરન કષીરા, બિરહ્મતિક યાઅર્હમર્રાહિમીન.**

ત્યારબાદ ત્રણવાર દુરૂદ પઢે :–

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ حَتّٰى لَا يَبْقٰى مِنَ الصَّلٰوةِ شَئٌ وَارْحَمْ عَلٰى مُحَمَّدٍ حَتّٰى لَا يَبْقٰى مِنَ الرَّحْمَةِ شَئٌ وَبَارِكْ عَلٰى مُحَمَّدٍ حَتّٰى لَايَبْقٰى مِنَ الْبَرَكَاتِ شَئٌ۔

**અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન હત્તા લા યબકા મિનસ્સલાતિ શયઈન વ અર્હમ અલા મુહમ્મદ હત્તા લા યબકા મિર્રહમતિ શયઈંવ વ બારિક અલા મુહમ્મદિન હત્તા લા યબકા મિનલ બરકાતિ શયઈન.**

પછી એકવાર આયતુલ કુર્સી પઢે :–

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ اَلْحَيُّ الْقَيُّوْمُ لَا تَأْخُذُهٗ سِنَةٌ وَّلَا نَوْمٌ لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ مَنْ ذَا الَّذِىْ يَشْفَعُ عِنْدَهٗٓ اِلَّا بِاِذْنِهٖ يَعْلَمُ مَا بَيْنَ اَيْدِيْهِمْ وَمَا خَلْفَهُمْ وَلَا يُحِيْطُوْنَ بِشَيْءٍ مِّنْ عِلْمِهٖٓ اِلَّا بِمَا شَآءَ وَسِعَ كُرْسِيُّهُ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَلَا يَؤُدُهٗ حِفْظُهُمَا وَهُوَ الْعَلِيُّ الْعَظِيْمُ۝

**બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ**

**અલ્લાહુ લાઈલાહ ઈલ્લા હુવલ હય્યુલ કૈયૂમ. લા તઅ્ખુઝુહૂ સિનતુંવ્ વલાનવ્મ. લહૂ માફિસ્સમાવાતિ વમા ફિલ્અર્દ. મન્ઝલ્લઝી યશ્ફઉ ઈન્દહૂ ઈલ્લા બિઈઝ્નિહ. યઅ્લમુ મા બય્ન અય્દીહિમ વમા ખલ્ફહુમ વલા યુહીતૂન બિશય્ઈમ્ મિન્ઈલ્મિહી ઈલ્લા બિમાશાઅ વસિઅ કુર્સિય્યુહુસ્સમાવાતિ વલ્અર્દ વલા યૂઊદુહૂ હિફઝુહુમા વહુવલ્અલિય્યુલ અઝીમ.**

ત્યારબાદ ૩ વાર કહે :–

اَللّٰهُمَّ مَالِكَ الْمُلْكِ تُؤْتِى الْمُلْكَ مَنْ تَشَاءُ وَتَنْزِعُ الْمُلْكَ مِمَّنْ تَشَاءُ وَتُعِزُّ مَنْ تَشَآءُ وَتُذِلُّ مَنْ تَشَآءُ۔ بِيَدِكَ الْخَيْرُ۔ اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ۔

**અલ્લાહુમ્મ માલિકુલ્મુલ્કુ તુઅ્તિયલ્ મુલ્કુ મન્તશાઅ વ તન્ઝિઉલમુલ્કુ મિમ્મન્ તશાઅ વ તુઈઝ્ઝુ મન્તશાઉ બિયદિકલ્ ખય્ર ઈન્નક અલા કુલ્લિ શય્ઈન કદીર.**

ત્યારબાદ ૩ વાર કુલ્હુવલ્લાહુ અહદ (પૂરી) પઢે.
ત્યારબાદ સાતવાર પઢે :–

فَاِنْ تَوَلَّوْا فَقُلْ حَسْبِىَ اللّٰهُ لَا اِلٰهَ اِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَرَبُّ الْعَرْشِ الْعَظِيْمِ

**ફઈન્તવલ્લવ ફકુલ્ હસ્બિયલ્લાહુ લાઈલાહ ઈલ્લા હુવ ઈલય્હિ તવક્કલ્તુ વહુવ રબ્બુલ અર્શિલ અઝીમ.**

પછી ૩ વાર પઢે :–

رَبَّنَا لَا تُحَمِّلْنَا مَالَا طَاقَةَ لَنَا بِهٖ۔ وَاعْفُ عَنَّا وَاغْفِرْلَنَا وَارْحَمْنَا اَنْتَ مَوْلٰنَا فَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكَافِرِيْنَ۔ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرّٰحِمِيْنَ

**રબ્બના લા તહ્મિલ્ના માલા તાકત લના બિહ્ વ અફાઅના વગ્ફિરલના વર્હમ્ના અન્ત મવ્લાના ફન્સુર્ના અલલ્ કૌમિલ કાફિરીન. બિરહમતિક યા અર્હમર્રાહિમીન.**

اَللّٰهُمَّ اغْفِرْلِىْ وَلِوَالِدَىَّ وَلِجَمِيْعِ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ وَالْمُسْلِمِيْنَ وَالْمُسْلِمَاتِ اَلْاَحْيَاءِ مِنْهُمْ وَالْاَمْوَاتِ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرّٰحِمِيْنَ۔

**અલ્લાહુમ્મગ્ ફિર્લી વલિવાલિદૈય વલિ જમીઇલ મુઅ્મિનીન વલ્મુઅ્મિનાતિ વલ્મુસ્લિમીન વલ્મુસ્લિમાતિ અલ્અહ્યાઈ મિન્હુમ વલ્અમ્વાતિ બિ રહ્મતિક યા અર્હમર્રાહિમીન.**

ત્યારબાદ ત્રણવાર પઢે :–

سُبْحَانَ الْاَوَّلُ الْمُبْدِئُ سُبْحَانَ الْبَاقِىُّ الْمُعِيْدُ اَللّٰهُ الصَّمَدُ لَمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَهٗ كُفُوًا اَحَدٌ۔

**સુબ્હાનલ્ અવ્વલુલ્ મુબદી સુબ્હાનલ બાક઼િયિલ મુઈદિલ્લાહુસ્સમદ લમ્યલિદ વ લમ્યુલદ વલમ્યકુલ્લહૂ કુફુવન અહદ.**

પછી ૩ વાર :–

**وَاِنَّ اَللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرَ۔ وَاِنَّ اَللّٰهَ قَدْ اَحَاطَ بِكُلِّ شَيْءٍ عِلْمًا۔**

**વઈન્નલ્લાહ અ઼લા કુલ્લિ શયઈન ક઼દીર. વ ઈન્નલ્લાહ ક઼દ અહાત બિકલ શય્ઈન્ ઈલ્મા.**

પછી ત્રણવાર આ પ્રમાણે કહે :–

**اَتُوْبُ تَوْبَةَ عَبْدٍ ظَالِمٍ لَا عِلْمَ لِنَفْسِهِ نَفْعًا وَلَا ضَرًّا وَلَا مَوْتًا وَلَا حَيٰوةً وَلَا نُشُوْراً۔**

**અતૂબ તૌબતન્ અબ્દ ઝાલિમ લા અલ્લમક લિનફસિહી નફઅન્ વલા દ઼ર્રવ્ વલા મૌતા વલ્અહ઼યાતિ વલાનુશૂરા.**

પછી ત્રણવાર કહે :–

**اَللّٰهُمَّ يَا حَيُّ يَا قَيُّوْمُ يَا اللّٰهُ لَا اِلٰهَ اِلَّا اَنْتَ اَسْئَلُكَ اَنْ تَحْيٰ قَلْبِيْ بِنُوْرِ مَعْرِفَتِكَ اَبَدًا يَا اَللّٰهُ يَا اللّٰهُ۔**

**અલ્લાહુમ્મ યા હય્યૂ યા કૈ઼યૂમ યા અલ્લાહુ યા ઈલાહ ઈલ્લા અન્ત અસ્સલુક ઈન્તહ્યી ક઼લ્બી બિનૂરિ મઅરિફતક અબદન્ યા અલ્લાહુ યા અલ્લાહ.**

ત્યારબાદ ત્રણવાર કહે :–

**يَا مُسَبِّبَ اَلْاَ سْبَابِ يَا مُفَتِّحَ اَلْاَ بْوَابِ يَا مُقَلِّبَ اَلْقُلُوْبِ وَاَلْاَ بْصَارِ يَا دَلِيْلَ اَلْمُتَحَيِّرِيْنَ يَا غِيَاثَ اَلْمُسْتَغِيْثِيْنَ اَغِثْنِيْ تَوَكَّلْتُ عَلَيْكَ يَارَبِّ وَفَوَّضْتُ اَمْرِيْ اَلَيْكَ يَارَبِّ لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ اَلْعَظِيْمِ مَاشَاءَ اَللّٰهُ كَانَ وَمَالَمْ يَشَاءُ لَمْ يَكُنْ بِحَقِّ اِيَاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنَ۔**

**યા મુસબ્બિબલ્ અસ્બાબિ યા મુફતહલ્ અબ્વાબિ યા મુક઼લ્લબલ્કુલૂબિ વલ્અબ્સારિ યા દલીલલ્ મુતહૈ઼યિરીન યા ગ઼ય્યાષલ્ મુસ્તગીષીન અગિષ્ની તવક્કલ્તુ અલૈક યા રબ વ ફવદ઼્તુનુ અમ્રી ઈલૈક યા રબ્બ. લા હ઼વ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલીય્યીલ અઝીમ. માશાઅલ્લાહ કાન વમા લમ્ યશાઉ લમ્યકુન્ બિહક઼્કિ઼ ઈય્યાકનઅબુદુ વઈય્યાકનસ્તઈ઼ન.**

ત્યારબાદ એકવાર પઢે :–

**اَللّٰهُمَّ اَنِّيْ اَسْئَلُكَ يَا مَنْ عَلَيْكَ حَوَائِجُ اَلسَّائِلِيْنَ وَيَعْلَمُ ضَمِيْرَ اَلْمَا مِتِيْنَ فَاِنَّ لَكَ مِنْ كُلِّ مَسْئَلَةٍ مِنْهُ سَمْعًا حَاضِرًا جَوَابًا عَقِيْدًا وَاِنَّ لَكَ مِنْ كُلِّ مَامِتٍ عِلْمًا نَاطِقًافَعْطِنَا مَوَاعِيْدَكَ اَلصَّادِقَةَوَاَ يَادِيْكَ اَلشَّامِلَةَ وَرَحْمَتَكَ اَلْوَاسِعَةَ وَنِعْمَتَكَ اَلسَّابِقَةَ اُنْظُرْ اِلَيَّ نَظْرَةً بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ۔**

**અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક યા મન્અલૈક હવાઈજલ્ સાઈલીન વ યઅ્લમ ઝ઼મીરલ્ મામિતીન ફઈન્નલક મિન્કુલ્લિ મસ્અલતિ મિન્દ સમ્અન્ હ઼ાદિ઼રન્ જવાબન્ અક઼દવ્ વ વઈન્નલક મિન્કુલ્લિ મામતિ ઈલ્મન્ નાતિક઼ન્ ફઅતના મવાઈદકસ્ સાદિક઼ત વઅયાદિક અશ્શામિલત વ રહ્મતિકલ્ વાસિઅત વ નિઅમતકસ્સાબિક઼તઉનઝુ ઈલા ઈલૈય નઝરત બિરહમતિક યા અર્હ઼મર્રાહિમીન.**

પછી ત્રણવાર કહે :–

**يَاحَنَّانُ يَا مَنَّانُ يَا دَيَّانُ يَابُرْهَانُ يَا سُبْحَانُ يَاغُفْرَانُ يَا ذَاالْجَلَالِ وَالْاِكْرَامِ**

**યા હન્નાનુ યા મન્નાનુ યા દય્યાનુ યા બુરહાનુ યા સુબ્હાનુ યા ગુફરાનુ યાઝલ્ જલાલિ વલ્ઈકરામ.** પછી ત્રણવાર કહે :–

**اَللّٰهُمَّ اَصْلِحْ اُمَّةَ مُحَمَّدٍ اَللّٰهُمَّ اِرْحَمْ اُمَّةَ مُحَمَّدٍ اَللّٰهُمَّ فَرِّجْ مِمَّنْ اُمَّةُ مُحَمَّدٍ (صلى الله عليه وسلم)**

**અલ્લાહુમ્મ અસ્લિહ ઉમ્મત મુહમ્મદ. અલ્લાહુમ્મ ઈરહમ ઉમ્મત મુહમ્મદ. અલ્લાહુમ્મ ફવ્વિજ મિમ્મન ઉમ્મતુ મુહમ્મદ. (صلى الله عليه وسلم)**

ત્યારબાદ ૩ વાર કહે :

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُكَ بِاَسْمَائِكَ وَاِسْمِكَ الْاَعْظَمِ اَنْ تُعْطِیْنِ مَا سَاَلْتُكَ بِفَضْلِكَ وَكَرَمِّكَ یَا اَرْحَمَ الرَّاحِمِیْنَ اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ فِی السَّمٰوٰتِ عَرْشُهٗ وَالْحَمْدُ لِلّٰهِ الَّذِیْ فِی الْقُبُوْرِ قَضَاؤُهٗ وَاَمْرَهٗ وَالْحَمْدُ لِلّٰهِ الَّذِیْ فِی الْبَرِّ وَالْبَحْرِ سَبِیْلُهٗ اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ لَامَلَاذَ وَلَا مَلْجَاَ اِلَّا اِلَیْهِ رَبِّ لَاتَذَرْنِیْ فَرْدًا وَّاَنْتَ خَیْرُ الْوَارِثِیْنَ۔

**અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક બિઅસ્માઈક વ ઈસ્મિકલ્ અઅઝમ ઈન્ન તઅતીન માસાતિલ્ક બિફદલિક વકરમિક યા અર્હમર્રાહિમીન. અલ્હમ્દુલિલ્લાહિલ્લઝી ફિસ્સમાવાતિ અર્શિહી વલ્હમ્દુલિલ્લાહિલ્લઝી ફિલ્કુબૂરિ કદ઼ાઉહૂ વલ્હમ્દુલિલ્લાહિલ્લઝી ફિલ્બર્રિ વલ્બહરિ સબીલિહી વલ્હમ્દુલિલ્લાહિલ્લઝી લા મલાઝૂ ઈલ્લા મલ્જા ઈલ્લા ઈલૈહિ રબ્બિલા તઝુર્ની ફવદન્ વ અન્ત ખૈરુલ વારિષીન.**

# શહીદે કર્બલાની બારગાહમાં ખિરાજે અક઼ીદત

## શહનશાહે કર્બલા કે વો તાજદાર કો સલામ !

મર્દે મેદાને સુજાઅત, ઈબ્ને હૈદર કો સલામ
કા઼સિમો અબ્બાસ, અકબર, અલી અસગરકો સલામ

મિલતી નહીં ઉન્સી મિષાલ આજ ભી તારીખમેં
ગાઝીએ એહલેવફા, શબ્બીરો શબ્બર કો સલામ

ભેજતે હૈં સદાક઼ત કે ફરિશ્તે હર ઘડી,
કર્બલાકે જાંનશીં મીરે લશ્કર કો સલામ

પર્દએ બાતિલ કી જિસને ઉળા દી ધજ્જીયાં
શહનશાહે કર્બલા કે વો તાજદાર કો સલામ

કર્બલા કી વો ઝમીં ભી જિસસે કુંદન બની
ઉસ મુક઼દ્દસ રાહે હક્ક઼ કે વો રેહબર કો સલામ

જો શહીદાને મહબ્બત કે થે નેઝોં પર બુલંદ
ઉસ ઊંચી શાનવાલે હર શાહી સર કો સલામ

જિસને ઘરબાર ભી રાહે ખુદામેં લુટા દિયા
ઉસ હુસૈન ઈબ્ને અલી હૈદર કો સલામ

મર્તબા ઈસ્લામ કા જિસને બુલંદો બાલા કિયા
ફાતિમા કે લખ્તે જિગર નૂરે નઝર કો સલામ

સર દે દિયા પર ન કુબૂલ કી બયઅતે યઝીદ
ઐસે જોશે સુજાઅત કે ફૌઝે સફદર કો સલામ

કરબલામેં રાહે હક્ક઼, જિસને સાથ શબ્બીર કો દિયા
ઉસ કારવાંને કરબલા, બાવફા બહત્તર (૭૨) કો સલામ

નાઝ કરતી હે આજ ભી મઅરકએ કરબલા **"જિગર"**
કયોં ન હો એહલે બૈત–ફાતિહે ખૈબર કો સલામ

❑ અઝ : **જનાબ "જિગર" નબીપુરી (લંડન, યુ.કે.)**

# ઈન્તેકાલ પુરમલાલ !

**દયાદરા** : ખાતે ગુલામ ઈબ્રાહીમ કાપડીયા માસ્તરનો ભર યુવાનવયે અચાનક હાર્ટ ફેઈલથી ઈન્તેકાલ થતાં સમસ્ત ગામમાં ગમનું મોજુ ફેલાય ગયું હતું. اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَیْهِ رَاجِعُوْنَ મર્હૂમ મિલનસાર, નમાઝના પાબંદ, નેક માણસ હતા. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકા઼માં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા" આમોદ ખાતે મર્હૂમના માટે કુર્આન ખ્વાની કરીને દુઆએ મગફેરત કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ**

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## શહીદનું બયાન

અલ્લાહ તઆલા ફર્માવે છે :– وَلَا تَقُوْلُوْا لِمَنْ---- الاية
**અર્થાત** : જે લોકો અલ્લાહના રસ્તામાં કત્લ થઈ ગયા તેમને મુર્દા, મરેલા ન કહો બલ્કે તેઓ જીવતા જ છે, પરંતુ તમને ખબર નથી. અને ફર્માવે છે :

وَلَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا---الى اَجْرِ الْمُؤْمِنِيْنَ

(પારો–૪) જે લોકો અલ્લાહના રસ્તામાં કત્લ થઈ ગયા તેમને મરેલા ન કહો બલ્કે તેઓ પોતાના પરવરદિગારને ત્યાં જીવતા જ છે, એમને રોજી (ખાણુ–પીણુ) મળે છે, અલ્લાહે પોતાના ફઝલથી એમને જે આપ્યું છે એનાથી એ રાજી છે અને એ પાછળવાળા કે જે એમનાથી મળ્યા નથી એમના માટે ખુશખબરીના તલબગાર છે. તેમના ઉપર ન તો કોઈ ડર છે ન તો ફિકર ચિંતા, અલ્લાહ તરફથી ઈનામો ફઝલો કરમ અને ખુશખબરી ચાહે છે. અને સાચે જ ઈમાનવાળાઓનો સારો બદલો અલ્લાહ બર્બાદ નથી કરતો. શહીદોની પ્રશંસામાં હદીષો તો ઘણી જ આવી છે.

**મસ્અલો** : **શહીદ**ને ન તો ગુસ્લ આપવામાં આવે કે ન તો તેના લોહીને ધોવામાં આવે અને કફન આપવું, બલ્કે એને **એની એ જ હાલતમાં જનાઝાની નમાઝ પઢી દફન કરી દેવામાં આવે.** પરંતું હા ! જો સુન્નત પ્રમાણેના કફનમાં જો કંઈક ઉણપ હોય તો તેટલું વધારી દેવામાં આવે અને ઈજાર ઉતારવામાં ન આવે. વળી વધારાનાં કપડાં કે જે કફનના પ્રકારમાનાં ન હોય કેમ કે રૂ ભરેલું કપડું, પોસ્તીન, ખુફ, અને હથિયારો જેવા કે તલવાર, ઢાલ વગેરે તે બધું ઉતારી લેવામાં આવે. *(હિદાયા વગેરે)*

**મસ્અલો** : શહીદને ગુસ્લ આપવાની સાત શરતો છે : જો એમાંની એક પણ શર્ત ન લાગુ પડતી હોય તો ગુસ્લ આપવામાં આવશે. (૧) શહીદ મુસલમાન (૨) અકલમંદ (પાગલ ન હોય) (૩)બાલિગ (૪) પવિત્ર–પાક (૫) જુલ્મથી મર્યો હોય અને ખતરનાક સાધન જેમ કે તલવાર, બંદૂક, છરા ભાલા વગેરેથી મારવામાં આવ્યો હોય. (આ શર્ત ત્યારે છે કે મુસલમાને મુસલમાનને કત્લ કર્યો હોય, નહિતર કાફિર કે ડાકૂઓને હાથે ગમે તે સાધનથી પણ મૃત્યુ પામનાર (શહીદ) (તેને આ શર્ત લાગુ પડશે નહીં) (૬) કત્લથી માલ (કિસાસ) તરીકે વાજિબ ન હોય એટલે કે ભૂલથી મરાયો ન હોય. (૭) વળી ઝખ્મી થવા પછીથી દુનિયામાં રહી દુનિયાની જિંદગીથી ફાયદો ઉઠાવી મૃત્યુ ન પામ્યો હોય.

**રહસ્ય** : શહીદને માટે આ દુનિયામાં એ ઈજ્જત અને ઈમાન છે કે તેનું લોહી પાક છે તેનું શરીર પાક છે અને એણે પહેરેલાં કપડાં એનું કફન છે. અને મરણ પછીની જિંદગીમાં તો એને મળવાનાં ઈનામો બખ્શિસો અને મર્તબાઓનું તો પૂછવું જ શું ?

**મસ્અલો** : ચોર, ડાકૂ, હર્બી કાફિર કે બળવાખોરે કોઈને મારી નાખ્યો પછી તે હથિયાર વડે કે ગમે તે કોઈ ચીજ વડે તે માણસ શહીદ છે. તેને ગુસ્લ આપવામાં ન આવે, (દુર્રે મુખ્તાર, હિદાયા વગેરે) દુનિયાની જિંદગીથી ફાયદો ઉઠાવવાનો મતલબ એ કે કાંઈક ખાધું, પીધુ, ઊંઘ લીધી, ઈલાજ કરાવ્યો, તંબુ કે મકાનમાં રહ્યો, નમાઝનો પૂરો એક ટાઈમ હોશ ભાનની હાલતમાં પસાર થયો (શર્ત એ કે નમાઝ અદા કરવાની શક્તિ હોય) કે કોઈ દુનિયાની બાબતની વસિયત કરી, કાંઈક ખરીદયું કે વેચાણ કર્યું, અથવા ઘણી વાતો કરી કે જ્યાં ઘાયલ થયો છે ત્યાંથી ઉઠી બીજી જગ્યાએ ચાલ્યો ગયો કે લોકો તેને લડાઈની જગ્યાએથી ઉઠાવી બીજી જગ્યાએ લઈ ગયા પછી તે ત્યાં જીવતો પહોંચ્યો કે રસ્તામાં તેનું મૃત્યુ થયું.

આ બધીય પરિસ્થિતિમાં તેને ગુસ્લ આપવું પડશે. આ વિષયમાં શર્ત એ છે કે જેહાદનો સમય પૂર્ણ થાય પછીથી આ પરિસ્થિતિ બની હોય, અને જો જંગ લડાઈની પૂર્ણતા પહેલાં આ બનાવોમાંથી ગમે તે બને તો તે શહાદતની પદવીથી રોકનાર ગણાશે નહીં અને ગુસ્લ ન આપવું.

**મસ્અલો** : પોતાનો જીવ કે માલ બચાવવા કે કોઈ મુસલમાનને બચાવવા લડયો અને મૃત્યુ પામ્યો તો તે શહીદ છે. (એટલે તેને ગુસલ ન અપાશે) લોઢું, પથ્થર કે લાકડી ગમે તે ચીજ વડે મારી નાખવામાં આવ્યો હોય. *(આલમગીરી)*

**મસ્અલો** : શહીદનાં બધાંય કપડાં ઉતારી નવાં કપડાં પહેરાવવાં મકરૂહ છે. *(રદ્દુલ મુહતાર, આલમગીરી)*

# ગલતફહમીઓ
## તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી

✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

### ★ જો તમામ શરતોવાળો પીર ન મળે, તો શું કરવું જોઈએ ? ★

જો તમામ શરતોવાળો પીર ન મળે તો સાચા અકીદાઓ ઉપર કાયમ રહે, શરીઅતના એહકામ (હુકમો) ઉપર અમલ કરે અને બધા જ ઔલિયાએ કિરામ અને એહતેરામ (ઈજ્જત) કરવાને લાયક બધા જ ઓલમાએ કિરામથી મહોબ્બત કરે. હુઝૂરે પુરનૂર સૈયદેના ગૌષે આ'ઝમ رضی اللہ عنہથી અર્ઝ કરવામાં આવી કે "જો કોઈ વ્યક્તિ આપનો નામ લેવાવાળો હોય અને તેણે ન તો આપના મુબારક હાથ ઉપર બયઅત (મુરીદ) કરી હોય અને ન તો આપનો ખિરકહ (ઝભ્ભો મુબારક) પહેર્યો હોય, તો શું તે આપ رضی اللہ عنہના મુરીદોમાંથી છે ?" તો આપે ફર્માવ્યું, "જે પોતાની જાતને મારી તરફ મન્સૂબ (સંબંધિત) કરે અને પોતાનું નામ મારા ગુલામોમાં દાખલ કરે, અલ્લાહ તેને કબૂલ ફર્માવશે અને તે વ્યક્તિ મારા મુરીદોનાં ગૃપમાં (દાખલ) છે." *(ફતાવાએ અફ્રિકા, પેજ-૧૪૦)*

આ ઉપરાંત સૈયદેના શેખ અબ્દુલ હક્ક મોહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે "જેને તમામ શરતોવાળો કામિલ પીર ન મળે તે હુઝૂર ﷺ પર વધુમાં વધુ દુરૂદ શરીફ પઢે."

### ★ પીરથી પર્દો ★

આ વાત ખૂબ જ મશ્હૂર છે કે પીરથી પર્દો નથી ! જો કે અસલ (હકીકત) આ છે કે પર્દાના મામલામાં પીરો, આલિમો કે ઈમામો માટે અલગથી કોઈ હુકમ નથી. સૈયદી આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે "પર્દાના મામલામાં પીર અને ગૈર પીર (પીર ન હોય) બધી જ અજનબી (ગૈર મેહરમ) વ્યક્તિઓ માટેનો હુકમ એક જ છે. જવાન સ્ત્રીએ મોઢું (ચહેરો) ખોલીને સામે આવવું પણ મના અને વૃધ્ધ સ્ત્રીને માટે જેનાથી ફિત્નાનો ડર ન હોય, વાંધો નથી." *(ફતાવાએ રઝવિય્યહ, જિ-૧૦, પેજ-૧૦૨)*

### ★ માલદાર થવા માટે મુરીદ બનવું ★

આજકાલ ઘણુ કરીને લોકો એટલા માટે મુરીદ થાય છે કે (તેનાથી) અમે માલદાર થઈ જશું અથવા દુનિયવી નુકસાનોથી રક્ષણ મળશે. કેટલાય લોકો એવું કહેતાં સાંભળવા મળેલ છે કે, "અમે ફલાણા પીર સાહેબના મુરીદ બનીને ખુશહાલ અને માલદાર બની ગયા." અફસોસની વાત છે કે જે પીરી મુરીદી ક્યારેક રૂશ્દો હિદાયત (સારી વાતો), ઈમાનની હિફાઝત, જન્નતમાં દાખલો અને શફાઅતને પ્રાપ્ત કરવાનો ઝરીયો માનવામાં આવતી હતી, "આજે તે જ (પીરી મુરીદી) દૌલત પ્રાપ્ત કરવાનો, બિલ્ડીંગો મેળવવાનો અથવા ફક્ત નક્શ અને તાવીઝ અને ઝાર ફૂંક બનીને રહી ગઈ છે." હવે ભાગ્યે જ કોઈ ખુશ નસીબ હશે જે એહલે ઈલ્મો ફઝ્લ ઓલમા અને નેકી કરવાવાળાઓ પાસે અથવા પવિત્ર મઝારાત ઉપર આ નિય્યતથી હાજરી આપતો હોય કે તેઓ થકી ગુનાહોની માફી અને ઈમાનના ઉપર ખાત્માની દુઆ કરાવે.

ઈસ્લામમાં દુનિયવી જિંદગીને ફક્ત એક રમત અને તમાશો કહેવામાં આવેલ છે અને આખેરતને બાકી રહેવાવાળી. પરંતુ જેની ખબર નથી (ભરોસો નથી) કે ક્યારે (તેનો) સાથ છોડી દે તેને શણગારવામાં, બનાવવામાં લાગી ગયા અને જ્યાં બધા દિવસો રહેવાનું છે તેને (આખેરતને) ભૂલી ગયા. હદીષે પાકમાં અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, "જ્યારે તમે

કોઈ બંદાને જુઓ કે અલ્લાહ તઆલા તેને ગુનાહો કરવા છતાં દુનિયા (દૌલત) આપી રહ્યો છે, જે કાંઈપણ તે બંદો ઈચ્છે છે, તો આ ઢીલ છે." એટલે કે કોઈ બંદો ગુનાહ કરે છે પરંતું હક્ક઼ તઆલાની તરફથી તેની પકડ થવાને બદલે નેઅમતો મળી રહી છે તો આ નેઅમતો નથી પરંતું અઝાબ છે. રાત દિવસ દૌલત કમાવવામાં પડેલાઓ હવે મસ્જિદો, ખાનકાહોમાં પણ ક્યારેક આવે છે, તો ફક્ત દુનિયાની દૌલત અને એશોઆરામની ચિંતા લઈને આવે છે ! કેટલી હદે મહેરૂમી છે !

ખુદાએ તઆલા આખેરતની ફિક્ર કરવાની તૌફીક અતા ફર્માવે.

## ★ બુઝુર્ગોના ફોટા ઘરોમાં રાખવા કેવું ? ★

આજકાલ બુઝુર્ગાને દીનના ફોટાઓ ઘરોમાં અને દુકાનોમાં રાખવાનો રિવાજ થઈ ગયેલ છે. એટલે સુધી કે કેટલાક પીરો અને વલીઓના ફોટાઓ ફ્રેમમાં લગાડીને ઘરોમાં સજાવે છે અને તેના ઉપર માળાઓ (હારો) નાખે છે, અગરબત્તીઓ સળગાવે છે. ત્યાં સુધી કે કેટલાક અજ્ઞાનીઓ, નાસમજ લોકો તેની (ફોટાઓ)ની સામે મુશ્રિકો, કાફિરો અને બુતપરસ્તોની જેમ હાથ બાંધીને ઉભા રહી જાય છે, તેને ચૂમે છે અને સજદા કરે છે. આ વાતો બિલ્કુલ હરામ ત્યાં સુધી કે તેનો અંજામ (પરિણામ) કુફ્ર છે. બલ્કે આ પ્રમાણે હાથ બાંધીને ફોટાઓની સામે ઉભા રહેવું, તેના ઉપર ફૂલો અને હાર ચઢાવવા આ બધું કાફિરોનું કામ છે.

સૈયદી આ'લા હઝરત મૌલાના શાહ અહમદરઝાખાં સાહેબ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ઈર્શાદ ફર્માવે છે : "અલ્લાહ ﷻ ઈબ્લીસના મકર (ફિત્ના)થી બચાવે, દુનિયામાં બુતપરસ્તીની શરૂઆત આ પ્રમાણે જ થઈ કે સારા અને નેક લોકોની મહોબ્બતમાં તેમના ફોટાઓ બનાવીને ઘરોમાં અને મસ્જિદોમાં તબર્રુકન રાખવામાં આવ્યા અને ધીમે ધીમે તેઓ જ મઅબૂદ થઈ ગયા. (તેમની પૂજા થવા લાગી). *(ફતાવાએ રઝવિય્યહ, જિ-૧૦, પ્રકાશન-બિલ્સપુર, પેજ-૪૭)*

બુખારી શરીફ અને મુસ્લિમ શરીફની હદીષમાં છે કે "વુદ, સુવાઅ, યગુષ, યઅુક અને નસર જે મુશ્રિકોના મઅબૂદ અને બુત હતા, જેની તેઓ પૂજા કરતા હતા, જેનો ઝિક્ર કુર્આને કરીમમાં પણ આવેલ છે. આ બધા કૌમે નૂહ عليه السلام ના નેક લોકો હતા. તેમના વિસાલ થયા પછી કૌમોએ તેમનાં પૂતળા બનાવીને તેમની બેઠકો (રહેવાની જગ્યાઓ)માં રાખી લીધા. તે વખતે ફક્ત મહોબ્બતમાં આવું કરવામાં આવ્યું હતું પરંતું તે પછીના લોકોએ તેની (પૂતળાઓની) ઈબાદત અને પૂજા શરૂ કરી દીધી. આ પ્રકારની હદીષો, ઘણી જ સંખ્યામાં હદીષોની કિતાબોમાં આવેલી છે.

એક હદીષે પાકમાં છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "ક઼યામત ક઼ાયમ થશે નહીં જ્યાં સુધી મારી ઉમ્મતના કેટલાક કબીલાઓ (કૌમો) મુશ્રિકોની સાથે ન મળી જાય, ત્યાં સુધી કે મારી ઉમ્મતના કેટલાક જૂથો (કૌમો) બુતપરસ્તી કરવા લાગશે." *(મિશ્કાત, કિતાબુલ ફિતન, પેજ-૪૬૫)*

આ હદીષની શરહ (સ્પષ્ટીકરણ) કરતાં મૌલાના મુફતી અહમદરઝાખાં સાહેબ ફર્માવે છે, "અમોએ જોયું કે કેટલાક લોકો પોતાના પીરોના ફોટાઓને સજદા કરે છે, તેને (ફોટાઓને) ચૂમે છે અને તેને શણગારીને રાખે છે. આ છે ઉપરોક્ત હદીષનો ઝુહૂર. *(પ્રેક્ટિકલ સમજ)*

કેટલાક કલમો પઢવાવાળાઓ તાઝિયાઓને સજદો કરે છે. ક઼બ્રોને તો ઘણા જ લોકો સજદો કરે છે. કેટલાક લોકો જીવતા પીરોને સજદો કરે છે. આ બુતપરસ્તી જેમ નથી ?! નઉઝુબિલ્લાહ ! (અલ્લાહ બચાવે)" *(મિરઅતુલ મનાજિહ, જિ-૭, પેજ-૨૧૯)*

ખુલાસો એ જ કે **તસ્વીર, ફોટો ઈસ્લામમાં હરામ છે. અને પીરો, વલીઓ, અલ્લાહવાળાઓના ફોટાઓ અને તેમની તસ્વીરો એનાથી પણ વધુ હરામ છે.** કાફિરો અને ઈસ્લામના દુશ્મનોનાં કાવત્રાંઓ ચાલી રહ્યા છે. તેઓ ઈચ્છે છે કે તમને, તેઓની જેમ બનાવી દે અને તમારાથી કુફ્ર કરાવે, પોતે પણ જહન્નમમાં જાય અને તમને પણ જહન્નમમાં લઈ જાય.

# ફતવા વિભાગ

અઝ : **મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**
(સદર મુફ્તી જામિઆ અશરફિયા–મુબારકપુર)

## ઈન્ટરનેટ વિશે જરૂરી મસાઈલ

**૧.** કેમેરા વડે કુદરતી ફોટો (ઝાડ, પાણી, પહાડ, નદી, બિલ્ડિંગ) ખેંચવો અથવા તેને ઈન્ટરનેટ પર વેચવો કેવું ?

**૨.** કુદરતી દશ્યોનું વીડીયો બનાવવું, તેને ઈન્ટરનેટ પર વેચવું, યૂટયૂબ અથવા અન્ય વેબ સાઈટ પર આ કામ હલાલ છે ?

**૩.** પેઈન્ટિંગ બનાવવું (ફોટાને રંગવું) જેવા કે ઝાડ, પાણી, નદી, બિલ્ડિંગ એ હલાલ છે ?

**૪.** વેબ સાઈટ, કંપની લોગો (Logo), પ્રચાર માટે કાર્ટૂન બનાવવું (એનીમેશન બનાવવું) હલાલ છે કે હરામ ?

**૫.** કિતાબ લખવાનું કામ કરવું કેવું છે ?

**૬.** ઓન લાઈન કામ કે ખરીદ વેચાણ કરવું, કોઈ સામાનનું કામ કરવું કેવું કેવું છે ?

**અલ્જવાબ** **૧–૨.** ગૈર જાનદારનો ફોટો ખેંચવો જાઈઝ તથા હલાલ છે. એટલા માટે કુદરતી દશ્યો દા.ત. નદી, પહાડ, ઝરણુ, ઝાડ, પહાડ વગેરેનો ફોટો કેમેરાથી પાડવો, તેનું વીડીયો કરવું તથા ઈન્ટરનેટ પર તેને વેચવું સૌ જાઈઝ તથા હલાલ છે. એમાં શરીઅતની રૂએ કોઈ વાંધો નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**૩.** કુદરતી દશ્યોની તસ્વીરોની પેઈન્ટિંગ પણ જાઈઝ તથા હલાલ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**૪.** કાર્ટૂન સામાન્યતઃ કોઈ ન કોઈ જાનદારની સ્થિતિ રજૂ કરે છે. કોઈ જાનદારની બગડેલી છબીને કાર્ટૂન કહે છે અને તેના થકી પેપરમાં મનોરંજન ખડુ કરવામાં આવે છે. કેમ કે જાનદારની તસ્વીર બનાવવી, બનાવડાવવી હરામ છે એટલા માટે તેમના કાર્ટૂન બનાવવા બનાવડાવવા પણ હરામ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**૫.** જાઈઝ છે, શર્ત એ કે કિતાબ દીન તથા અખ્લાકને બગાડનાર વાતોથી પાક હોય. જો કિતાબમાં અલ્લાહ ﷻ તથા તથા રસૂલ ﷺની ફર્માંબરદદારી હોય, ખુદાની મખ્લૂકના માટે દીની તથા દુનિયવી દરેક રીતે અથવા કોઈ એક હૈસિયતથી લાભદાયી હોય અને કામ અલ્લાહને રાજી કરવાના માટે કરવામાં આવે, નામના તથા વાહ વાહ માટે ન હોય તો કિતાબ લખવી ન કેવળ જાઈઝ બલ્કે સવાબનો સબબ પણ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**૬.** પોતાનો સામાન ઓનલાઈન વેચવો જાઈઝ છે પણ જ્યાં સુધી એના પર ખરીદનારનો કબજો ન થઈ ત્યાં સુધી તેને વેચવું જાઈઝ નથી. અલ્લાહના રસૂલ ﷺએ પ્રથમ ખરીદ વેચાણથી મના ફર્માવ્યું. વલ્લાહુ તઆલા અઅ્લમ.

## એક ગૈર શરઈ કંપની સાથે કારોબારનો હુકમ

એક કંપની છે જેના સર્વ ભાગીદારો મુસલમાન છે. કંપની કાંઈક આ પ્રમાણે કારોબાર કરે છે કે ખરીદનાર કંપની પાસેથી એક મજલિસમાં સોના અથવા ચાંદીનો કોઈ સામાન (જેની કિંમત મામૂલીથી મામૂલી હોય છે) રોકડે ખરીદે છે. પછી બીજી મજલિસમાં કંપનીને ખરીદનાર વધારે કિંમતમાં તે સામાન ઉધારે વેચી આપે છે. કિંમતની અદાયગીના બારામાં કંપની તથા ખરીદનાર વચ્ચે એક કરાર હોય છે કે કિંમત એક નિશ્ચત મુદ્દતમાં (જે નિશ્ચિત મુદ્દત ખરીદતી વખતે કંપની તથા ખરીદનાર વચ્ચે નક્કી થઈ ચૂકી હોય છે) એક સાથે અદા કરવામાં આવશે અથવા હપ્તેથી અમુક મહિનાઓમાં (એ કેટલા મહિનામાં થશે તે કંપની તથા ખરીદનાર વચ્ચે પહેલેથી જ નક્કી થઈ ચૂક્યુ હોય છે અને દર મહિને કેટલી રકમ અદા કરવામાં આવશે એ પણ નક્કી થઈ ચૂક્યુ હોય છે) અદા કરવામાં આવશે.

સવાલ એ છે કે આ પ્રકારનો કારોબાર કરવો શરીઅતની રૂએ જાઈઝ છે કે નહીં ? શરીઅતની રોશનીમાં સ્પષ્ટ કરશો.

**અલ્જવાબ** : કંપનીનો આ કારોબાર જો શર્તી રીતે થાય છે. જેમ કે જાહેર એ જ છે તો નાજાઈઝ તથા ગુનોહ છે. હદીષે પાકમાં આવેલ છે :–

**نهی رسول الله ﷺ عن بیع وشرط**

વળી અનુભવ સાક્ષી છે કે આ પ્રકારની કંપનીઓ સામાન્યતઃ બાદમાં દેવાળુ ફૂંકે છે અથવા ગાયબ થઈ જાય છે. અને અસંખ્ય લોકોનું અતિશય માલી નુકસાન થાય છે. એટલા માટે મુસલમાનોએ આ પ્રકારની કંપનીઓથી દૂર રહેવું જોઈએ. તહકીકી હુકમના માટે કંપનીનું બંધારણ તથા કાર્યપદ્ધતિ ઉર્દૂ અનુવાદ સાથે મોકલી આપો તો ઈન્શાઅલ્લાહુ તઆલા એક નિશ્ચિત શરઈ હુકમ અહીં બહાર પાડવામાં આવશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

# કુર્આની ઈલ્મના શ્રેષ્ઠ જાણકાર ૪ સહાબીઓ

❀ ❀ રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)* ❀ ❀

ગતાંકથી ચાલુ....

## [૩] હઝરત અલી બિન અબી તાલિબ رضی اللہ عنہ

આપ અલી બિન અબી તાલિબ બિન અબ્દુલમુત્તલિબ કુરૈશી હાશમી છે. કુન્નિયત અબુલ હસન, હુઝૂર ﷺના કાકાના દિકરા અને જમાઈ અને એહલે બૈતમાં દાખલ છે. ખુલફાએ રાશિદામાં ચોથા ખલીફા છે.

નાના છોકરાઓમાં સૌથી પહેલા આપ જ ઈમાન લાવ્યા અને મદીના મુનવ્વરા તરફ હિજરત કરી. બધા ગઝવાતમાં શરીક રહ્યા. ગઝવએ તબૂકમાં હુઝૂર ﷺએ એહલે બૈત ઉપર પોતાના જાનશીન મુકર્રર કર્યા હતા એટલા માટે આપ મદીનામાં જ રહ્યા. બાકી ગઝવાતમાં આપની જવાંમર્દી તથા બહાદુરી મશહૂર છે અને જંગે ખૈબરના મૌકા ઉપર ખૂદ હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યું હતું, કાલે હું ઈસ્લામનો ઝંડો તેનો હાથમાં દઈશ જેના હાથ ઉપર અલ્લાહ તબારક વ તઆલા ખૈબર ફત્હ ફર્માવી દેશે. તે અલ્લાહ અને રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બત કરે છે અને અલ્લાહ તથા રસૂલ ﷺ પણ તેને દોસ્ત રાખે છે. અને પછી તે ઝંડો હુઝૂર ﷺએ આપને આપ્યો.

હુઝૂર નબીએ અકરમ ﷺ જ્યારે મદીના મુનવ્વરા હિજરત કરીને તશરીફ લઈ ગયા તો આપે અન્સાર તથા મુહાજિરોની વચ્ચે રિશ્તએ મુવાખાત કાયમ કર્યો એટલે કે બે બે હઝરાતને આપસમાં ભાઈ ભાઈ બનાવ્યા. તો હઝરત અલી رضی اللہ عنہથી ફર્માવ્યું, "તમે દુનિયા તથા આખેરતમાં મારા ભાઈ છો." આપ અશ્રએ મુબશ્શરામાંથી છે. આપ આવી ઘણી બધી ફઝીલતોના સંગમ હતા જે બીજા હઝરાતમાં ન હતી. દીનમાં સાવધાની, દુનિયાથી દૂરી, રસૂલુલ્લાહ ﷺની નિકટતા તથા જમાઈનો રિશ્તો, ખૂબ જ ઈલ્મવાળા તથા ફઝલવાળા હતા. આપનો વિસાલ (૨૧) રમઝાનુલ મુબારક હિ.સ. ૪૦માં થયો. ઈબ્ને મુલ્જિમ ખારજીએ કૂફાની જુમ્આ મસ્જિદમાં નમાઝની હાલતમાં આપની ઉપર હુમલો કર્યો જેના કારણે આપ શહીદ થયા. મુબારક ઉમર શહાદતના સમયે ૬૩ વર્ષની હતી.

### ★ ઈલ્મ તથા ફઝલ ★

આપ ઈલ્મ તથા મઆરિફનો એવો દરિયો હતા કે જેનો કિનારો ન હતો. ઈજતેહાદ તથા ઈસ્તિંબાતમાં નિપૂણતા હાંસલ હતી. ખિતાબત અને શેઅર તથા સુખનની સાથે ખુશી મળેલી હતી.

ફૈસલા કરતી વખતે બુદ્ધિની મજબૂતી અને છુપાયેલા રાઝોને જાણવામાં બેમિષાલ દેખાતા હતા. સહાબાએ કિરામ છુપાયેલો રાઝોને સમજવા અને અઘરા મસ્અલાઓને હલ કરવા માટે આપની તરફ રુજૂઅ લાવતા.

હુઝૂર સૈયદે આલમ ﷺએ આપને યમનના કાઝી બનાવીને મોકલ્યા અને એવી દુઆથી નવાઝયા કે આપ તે દુઆના મઝહરે કામિલ બનીને અઘરાથી અઘરા મસ્અલાઓનો એકદમ સાચો ફૈસલો કરી દેતા.

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે, અમારી વચ્ચે એ વાતની ચર્ચા થયા કરતી હતી કે મદીના શરીફમાં સૌથી સાચો ફૈસલો કરવાવાળા હઝરત અલી رضی اللہ عنہ છે.

હઝરત અતા બિન અબી રબાહ (તાબઈ)થી પૂછવામાં આવ્યું, "શું સહાબાએ કિરામમાં હઝરત અલી رضی اللہ عنہથી વધીને કોઈ બીજો આલિમ પણ હતો ? તો કહ્યું, ખુદાની કસમ ! હું કોઈને નથી જાણતો (એટલે કે હઝરત અલીથી વધારે મોટો કોઈ આલિમ ન હતો.)

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે, જ્યારે હઝરત અલી رضی اللہ عنہની તરફથી અમને કોઈ નક્કી કરેલી

વાત મળી જતી તો પછી અમે કોઈ બીજાની તરફ રુજૂઅ કરતા ન હતા.

### ★ ઈલ્મે તફસીરમાં આપનો મક઼ામ ★

આપના ફતાવા અને ફૈસલાઓથી આપના ઈલ્મે કુર્આન અને છુપાયેલા ભેદોની સમજ જાણવા મળે છે. સહાબાએ કિરામમાં શાને નુઝૂલ અને તાવીલ તથા તફસીરને વધારે જાણવાવાળા.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે મેં જે કાંઈ ઈલ્મે તફસીર મેળવ્યું તે આપથી મેળવ્યું. હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું છે, ખુદાની ક઼સમ ! જે આયત નાઝિલ થઈ તો મેં તેના બારામાં એ જરૂર જાણ્યું કે કોના બારામાં નાઝિલ થઈ. *(અબૂ નઈમ)*

હઝરત અબૂલ તુફૈલ ફર્માવે છે, મેં આપને એકવાર ખુત્બો દેતાં સાંભળ્યા. આપ ફર્માવી રહ્યા હતા મને સવાલ કરો, ખુદાની ક઼સમ ! જે ચીજ (વાત)ના બારામાં તમે મારાથી સવાલ કરશો હું તેનો જવાબ દઈશ. મને અલ્લાહની કિતાબના બારામાં પૂછો, ખુદાની ક઼સમ ! હું તેની દરેક આયતના બારામાં જાણું છું કે તે રાતમાં નાઝિલ થઈ કે દિવસમાં, સમતલ જમીન ઉપર નાઝિલ થઈ કે પહાડો ઉપર. હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે, કુર્આન ૭ હર્ફ ઉપર નાઝિલ થયું અને દરેક હર્ફનો એક જાહેરી અને બાતિની (અર્થ) છે. અને હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ દરેકના જાહેરી અને બાતિની જાણે છે. (અબૂ નુઐમ)

## [૪] હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہ

આપ ઉબય બિન કઅબ બિન કૈસ અન્સારી ખઝરજી છે. હુઝૂર સૈયદે આલમ ﷺએ આપની કુન્નિયત અબૂ મંઝર અને હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ અબૂ તુફૈલ રાખી. બૈઅતે ઉકબા અને ગઝવએ બદરમાં હાજર રહ્યા હતા. આપ પહેલા શખ્સ છે જેમણે હુઝૂર સરવરે આલમ ﷺને મદીના મુનવ્વરા આવવાની દા'વત આપી. સૈયદના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ આપને સૈયદુલ મુસ્લિમીનનો લક઼બ આપ્યો. આપના વિસાલના સમયમાં મતભેદ છે પણ અધિક ક઼ૌલ આપના વિસાલના વિશે ખિલાફતે ફારૂક઼ીમાં થવાનો છે.

### ★ ઈલ્મ તથા ફઝલ ★

આપ સૈયદુલ કુર્રા (ક઼ારીઓના સરદાર)ના લક઼બથી મશહૂર હતા અને વહી લખવાવાળાઓમાં આપણી ગણના થતી હતી. હુઝૂર નબીએ અકરમ ﷺએ આપના બારામાં ફર્માવ્યું, ઉબય બિન કઅબ સહાબામાં સૌથી સારા ક઼ારી છે.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہથી ફર્માવ્યું કે, બેશક ! મને અલ્લાહ તઆલાએ હુકમ દીધો કે હું તમને કુર્આન શરીફની મુબારક સૂરત **لم لکن الذین کفروا** પઢીને સંભળાવું આના ઉપર હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું અલ્લાહ તઆલાએ મારું નામ લઈને આપથી ફર્માવ્યું છે ? ઈર્શાદ ફર્માવ્યો, હા ! આ સાંભળીને આપ રોવા લાગ્યા.

ઈમામ શઅબી ઈમામ મસરૂકથી રિવાયત કરે છે કે સહાબાએ કિરામમાં ૬ હઝરાતે સહાબાની કઝામાં ગણના થાય છે. હઝરત ઉમર ફારૂક઼, હઝરત અલી, હઝરત ઈબ્ને મસ્ઊદ, હઝરત ઉબય બિન કઅબ, હઝરત ઝૈદ બિન ષાબિત, હઝરત મૂસા અશ્અરી (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ)

### ★ ઈલ્મે તફસીરમાં મકામ ★

આપ અલ્લાહની કિતાબના સૌથી મોટા આલિમ અને સહાબામાં સૌથી વધારે કુર્આનના અર્થોને જાણવાવાળા હતા. આનું કારણ એ બતાવવામાં આવે છે કે આપ યહૂદી ઓલમામાં ખૂબ જ મોટા આલિમ હતા અને પહેલાંની આસમાની કિતાબોના છુપાયેલા ભેદોને જાણતા હતા. સાથે જ આપને તબાને વહીમાં પણ ગણવામાં આવે છે. એટલા માટે અસ્બાબે નુઝૂલ અને મકામાતે નુઝૂલનો આપને ઈલ્મ હોવું એ જાહેર વાત હતી. આપને આયતો તથા સૂરતો આગળ પાછળ કરવાનુ અને નાસિખ તથા મન્સૂખનું ઈલ્મ હાંસલ રહ્યું. અને એ વાત પણ જાહેર છે કે જ્યારે આપની સામે કોઈ મુશ્કેલ આયત આવતી હશે તો આપ તેને જરૂર હુઝૂર રહમતે આલમ ﷺથી પૂછતા હશે. *(જામેઉલ અહાદીષ, ભાગ : ૭, પેજ : ૨૭, ૨૮)*



# કુર્આની અકીદો

## ખુદાના નેક બંદાઓ દૂરથી સાંભળે તથા જુએ છે

:: રજૂકર્તા ::
**મૌલાના અલ્તાફ હુસૈન મિસ્બાહી-કુરચણ**
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

અલ્લાહ તઆલાના નેકબંદાઓ નજીક અને દૂરની વસ્તુઓ જુએ છે અને દૂરની ધીમી અવાજ પણ અલ્લાહના હુકમથી સાંભળે છે. કુર્આન કરીમ આના પર ગવાહ છે. અહીંયા અમુક કુર્આનની આયતો રજૂ કરું છું જેનાથી સ્પષ્ટપણે સાબિત થશે કે અલ્લાહના નેક બંદાઓ દૂરથી સાંભળે અને જુએ છે. કુર્આનમાં છે :-

قَالَتْ نَمْلَةٌ يّٰۤاَيُّهَا النَّمْلُ ادْخُلُوْا مَسٰكِنَكُمْ لَا يَحْطِمَنَّكُمْ سُلَيْمٰنُ وَجُنُوْدُهٗ وَهُمْ لَا يَشْعُرُوْنَ ﴿۱۸﴾ فَتَبَسَّمَ ضَاحِكًا مِّنْ قَوْلِهَا

"એટલે સુધી કે જ્યારે (સુલૈમાન અને એમના સૈન્યો) કીડીઓના નાળા પર આવ્યા (એટલે કે તાઈફ અથવા સિરીયામાં તે તળેટીમાંથી પસાર થયા જ્યાં કીડીઓ પુષ્કળ પ્રમાણમાં રહેતી હતી) તો એક કીડી બોલી, અય કીડીઓ ! પોતાના ઘરોમાં પેસી જાવ ! તમને સુલૈમાન અને તેમના સૈન્યો અજ્ઞાનતામાં કચડી ન નાંખે તો તેની વાતથી આપ સ્મિત કરવા લાગ્યા." *(સૂરએ નમ્લ, આ-૧૮)*

કીડીનો અવાજ ઘણો ધીમો હોય છે, જે આપણને નજીકથી પણ નથી સાંભળાતો, હઝરત સુલૈમાન عليه السلام એ ઘણા દૂરથી સાંભળ્યો કે એક કીડી બીજી કીડીઓથી કહેતી હતી જ્યારે કે આપનું લશ્કર એ જંગલમાં (જ્યાં કીડીઓ રહેતી હતી) દાખલ થયું ન હતું. અને કીડીનું આ કહેવું કે "સુલૈમાન અને એમનું લશ્કર બેખબરીમાં તમને કચડી ન નાખે" આ તેણે એટલા માટે કહ્યું કે હઝરત સુલૈમાન عليه السلام નબી છે અને ન્યાયી છે, જુલ્મ તથા અત્યાચાર આપની શાન નથી તેથી જો આપના સૈન્યથી કીડીઓ કચડાઈ જશે તો અજ્ઞાનતામાં જ કચડાઈ જશે કે તેઓ પસાર થતા હોય અને આ તરફ ધ્યાન ન આપે. **કીડીની આ વાત હઝરત સુલૈમાન عليه السلام એ ત્રણ માઈલ દૂરથી સાંભળી લીધી.** જ્યારે આપ કીડીઓની તળેટીમાં પહોંચ્યા ત્યારે આપે પોતાના સૈન્યોને રોકાવાનો આદેશ આપ્યો.

وَلَمَّا فَصَلَتِ الْعِيْرُ قَالَ اَبُوْهُمْ اِنِّيْ لَاَجِدُ رِيْحَ يُوْسُفَ لَوْلَاۤ اَنْ تُفَنِّدُوْنِ ﴿۹۴﴾

"જ્યારે કાફલો મિસરથી નીકળ્યો (અને કિન્આન તરફ રવાના થયો) ત્યારે અહીં (એટલે કે કિન્આનમાં) તેમના બાપ યાકૂબ عليه السلام એ પોતાના પૌત્રો અને આજુબાજુના લોકોને) કહ્યું, બેશક ! હું યૂસુફની સુગંધ પામુ છું જો તમે મને એમ ન કહો કે મતિ મારી ગઈ છે." *(સૂરએ યૂસુફ, આ-૯૪)*

સુન્ની વાંચકો ! યાકૂબ عليه السلام કિન્આનમાં છે અને યૂસુફ عليه السلام નો કુર્તો મિસરથી રવાના થયેલ કાફલાના લોકો પાસે છે, પણ આપે એ કુર્તાની સુગંધ કિન્આનથી પામી લીધી. આ છે નબુવ્વતની તાકત !

અહિંયા એક સવાલ થઈ શકે છે જ્યારે યાકૂબ عليه السلام ની નજર અને સુંઘવાની શક્તિ જો એટલી તેજ હતી કે મિસરના હાલાત જાણી લીધા તો પછી આપ ચાલીસ વર્ષો સુધી યૂસુફ عليه السلام ની જુદાઈમાં કેમ રડતા રહ્યા ? એમના રડવાથી જાહેર થાય છે કે આપ યૂસુફ عليه السلام થી બેખબર હતા.

આ સવાલનો સરળ જવાબ એ છે કે અંબિયાએ

કિરામની સંપૂર્ણ શક્તિઓ અલ્લાહ તઆલાની મશિય્યતમાં છે, જ્યારે ચાહે છે એમને મુતવજ્જેહ કરે છે અને જ્યારે ચાહે છે એમને મુતવજ્જેહ નથી કરતો. અજ્ઞાનતા અલગ છે અને બેતવજ્જોહી અલગ. સચોટ જવાબ એ છે કે યાકૂબ عليه السلامનું રડવું અલ્લાહની યાદમાં હતું અને યૂસુફ عليه السلام એનો સબબ હતો, નહીં તો આપ યૂસુફ عليه السلامની દરેક હાલતથી પરિચિત હતા. સ્વંય કુર્આન શરીફમાં એમના અમુક કથનો રજૂ કર્યાં છે જેનાથી સ્પષ્ટ થાય છે કે યાકૂબ عليه السلام સર્વ કાંઈ જાણે છે. કુર્આન ફર્માવે છે :

قَالَ اِنَّمَآ اَشْكُوْا بَثِّىْ وَحُزْنِىْٓ اِلَى اللّٰهِ وَاَعْلَمُ مِنَ اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ۞ يٰبَنِىَّ اذْهَبُوْا فَتَحَسَّسُوْا مِنْ يُّوْسُفَ وَاَخِيْهِ وَلَا تَايْـَٔسُوْا مِنْ رَّوْحِ اللّٰهِ ؕ اِنَّهٗ لَا يَايْـَٔسُ مِنْ رَّوْحِ اللّٰهِ اِلَّا الْقَوْمُ الْكٰفِرُوْنَ ۞

"યૂસુફ عليه السلامએ કહ્યું, હું તો મારી પરેશાની અને ગમની ફરિયાદ અલ્લાહને જ કરું છું અને મને અલ્લાહની તે શાનોની ખબર છે જે તમે જાણતા નથી. અય દીકરાઓ ! જાવ યૂસુફ અને તેના ભાઈની ખબર કાઢો અને અલ્લાહની રહમતથી નિરાશ ન થાવ. બેશક ! અલ્લાહની રહમતથી નિરાશ થતા નથી પણ કાફિર લોકો." *(સૂરએ યૂસુફ, આ–૮૬, ૮૭)*

બીજી આયતમાં છે :–

عَسَى اللّٰهُ اَنْ يَّاْتِيَنِىْ بِهِمْ جَمِيْعًا "નજીક છે કે અલ્લાહ એ ત્રણેય (યહૂદા, બન્યામીન અને યૂસુફ)ને મારી પાસે લાવશે." *(સૂરએ યૂસુફ)*

વાંચકો ! પ્રથમ આયતમાં ફર્માવ્યું કે યૂસુફ عليه السلامના ભાઈઓ બન્યામીનને મિસરમાં છોડી આવ્યા હતા પણ યાકૂબ عليه السلام કહે છે યૂસુફ અને એના બન્યામીન ભાઈની ખબર કાઢો એટલે કે બંનેવ એક જ જગ્યાએ છે. અને બીજી આયતથી સ્પષ્ટ થયું કે બીજી વખત મિસરમાં યહૂદા અને બન્યામીન બંનેવ ગયા હતા પણ આપ ફર્માવે છે કે અલ્લાહ તઆલા એ ત્રણેવને મારી પાસે લાવશે. ત્રીજા કોણ હતા ? એ યૂસુફ عليه السلام હતા. અને વધુ કુર્આનમાં છે :–

وَكَذٰلِكَ يَجْتَبِيْكَ رَبُّكَ وَيُعَلِّمُكَ مِنْ تَاْوِيْلِ الْاَحَادِيْثِ

"(યાકૂબ عليه السلامએ ફર્માવ્યું) અને એવી જ રીતે (હે યૂસુફ) તને તારો રબ ચૂંટી લેશે અને તને વાતોનું પરિણામ તારવતાં શિખવાડશે અને પછી પોતાની નેઅમત પૂર્ણ કરશે. *(સૂરએ યૂસફ, આ–૬)*

વાંચકો ! જુઓ હઝરત યાકૂબ عليه السلامએ પોતાના સ્વપ્નની તાબીર રજૂ કરી કે, હે યૂસુફ ! તમે નબી બનશો અને તમને ઈલ્મે તાબીર આપવામાં આવશે. કેમ કે યાકૂબ عليه السلام જાણતા હતા કે આ સ્વપ્ન સાચુ છે અને જરૂર થઈને રહેશે.

قَالَ الَّذِىْ عِنْدَهٗ عِلْمٌ مِّنَ الْكِتٰبِ اَنَا اٰتِيْكَ بِهٖ قَبْلَ اَنْ يَّرْتَدَّ اِلَيْكَ طَرْفُكَ

"તેણે (આસિફ બિન બરખિયાએ) કહ્યું જેની પાસે કિતાબનું ઈલ્મ હતું કે હું તેને (સિંહાસનને) સેવામાં હાજર કરીશ એક પલક ઝપકતા પહેલાં." *(સૂરએ નમ્લ, આ–૪૦)*

પ્રિય વાંચકો ! "આસિફ" શામ (સીરિયા) દેશમાં છે અને બિલ્કીસનું સિંહાસન યમનમાં છે, પણ આસિફ બિન બરખિયા તરત જ લાવવાની ખબર આપી રહ્યા છે, અને લાવવુ એ (યમન) ગયા વિના શક્ય નથી. જેથી જાણવા મળ્યું કે આસિફ બિન બરખિયા એ સિંહાસનને શામ દેશથી જુએ છે, આ છે વલીની નિગાહ !

અહિંયા પણ એક પ્રશ્ન ઉભો થાય છે કે હઝરત સુલૈમાન عليه السلامને બિલ્કીસના દેશની ખબર ન હતી પણ હુદહુદ પક્ષીએ આપને કહ્યું જેમ કે કુર્આનમાં છે :

فَقَالَ اَحَطْتُّ بِمَا لَمْ تُحِطْ بِهٖ وَجِئْتُكَ مِنْ سَبَاٍۭ بِنَبَاٍ يَّقِيْنٍ ۞

"હું એવી વાત જોઈ આવ્યો છું, જે તમે જોઈ નથી અને હું સબા શહેરથી તમારી પાસે એક ખાત્રીપૂર્વકની ખબર લાવ્યો છું." *(સૂરએ નમ્લ, આ–૨૩)* આના જવાબમાં સુલૈમાન عليه السلامએ કહ્યું,

''હવે અમે જોઈશું કે તેં સાચુ કહ્યું અથવા તું જૂઠાઓમાં છે.'' *(સૂરએ નમ્લ, આ–૨૭)*

વાંચકો ! જો આપ બિલ્કીસના દેશથી પરિચિત હોતા તો બિલ્કીસ તરફ કાગળ રવાના કરી આ તપાસ કેમ કરતા કે હુદહુદ પક્ષી સાચુ છે અથવા જૂઠુ ? તપાસ કરવાથી સ્પષ્ટ થયું કે સુલૈમાન علیہ السلام બિલ્કીસથી અપરિચિત તથા બેખબર હતા અને હુદહુદ ખબરદાર હતું. આ પરથી જાણવા મળ્યું કે નબીના ઈલ્મથી જાનવરનું ઈલ્મ વધારે હોય શકે છે.

જવાબ ધ્યાનપૂર્વક વાંચો ! આ આયતોમાં અલ્લાહ તઆલાએ ક્યાંય પણ એવું નથી ફર્માવ્યું કે સુલૈમાન علیہ السلامને ઈલ્મ ન હતું, હુદહુદે પણ સુલૈમાન علیہ السلام પાસે આવીને એવું ન કહ્યું કે તમને બિલ્કીસની ખબર નથી. એ કહે છે કે ''હું એ વસ્તુ જોઈ રહ્યો છું જે તમે નથી જોયું'' એટલે કે ન તમે સબા શહેર ગયા હતા અને ન જોઈ આવ્યા હતા. આમાં ક્યાંથી જાણવા મળ્યું કે આપ બેખબર હતા, અને જો બેખબર હોતા તો જ્યારે આસફને હુકમ આપ્યો કે બિલ્કીસનું સિંહાસન લઈ આવો ! તો આસફે કહ્યું કે હુઝૂર મેં તે જગ્યા જોઈ નથી અને મને એના સિંહાસન વિશે કોઈ ખબર નથી કે ક્યાં રાખ્યો છે ? તમે હુદહુદને મારી સાથે મોકલો, એ રસ્તો દેખાડશે તો હું લાવી આપીશ, પણ આસફે ન કોઈ રસ્તો પૂછ્યો અને ન એડ્રેસ પૂછ્યું બલ્કે તરત જ સિંહાસન હાજર કરી દીધું. જો એ સિંહાસન એમની નિગાહો સમક્ષ ન હતું તો કેવી રીતે લઈ આવ્યા ? જ્યારે આસફની નિગાહથી સિંહાસન ગાયબ નથી તો સુલૈમાન علیہ السلامની નિગાહથી કેવી રીતે ગાયબ હોઈ શકે છે ? પણ દરેક કામનો એક સમય અને એક સબબ હોય છે, બિલ્કીસના ઈમાન લાવવાનો આ જ સમય હતો અને હુદહુદ પક્ષીને એનો સબબ બનાવવો હતો. જેથી સ્પષ્ટ થાય છે કે પયગમ્બરના દરબારનાં જાનવરો પણ લોકોને ઈમાન આપ્યા કરે છે, એટલા માટે પહેલાં સુલૈમાન علیہ السلامને બિલ્કીસ વિશે ખબર ન હતી. સુલૈમાન علیہ السلامનું તપાસ કરવું બેઈલ્મી તથા અજ્ઞાનતાની દલીલ નથી, નહીં તો રબ તઆલા પણ કયામતના દિવસે મખ્લૂકના અમલોની તપાસ કરી ફેંસલો કરશે, તો શું અલ્લાહ પણ બેખબર હશે ! (મઆઝલ્લાહ !)

કુર્આનમાં છે :–

وَ اُنَبِّئُكُمۡ بِمَا تَاۡكُلُوۡنَ وَمَا تَدَّخِرُوۡنَ ۙ فِىۡ بُيُوۡتِكُمۡ‌ؕ

(હઝરત ઈસા علیہ السلامએ ફર્માવ્યું) ''તમે જે કાંઈ ખાઓ છો અને જે કાંઈ તમારા ઘરોમાં એકઠુ કરીને રાખો છો તે તમને કહી આપું છું.'' *(સૂરએ આલે ઈમરાન, આ–૪૯)*

આ આયતથી સ્પષ્ટ થયું કે ઈસા علیہ السلامની આંખ જે થઈ રહ્યું છે એને દૂરથી જોઈ રહી છે કે કોણ જમી રહ્યું છે અને શું એકઠુ કર્યુ છે. આ છે નબીની આંખની તાકાત ! : اِنَّهٗ يَرٰىكُمۡ هُوَ وَقَبِيۡلُهٗ مِنۡ حَيۡثُ لَا تَرَوۡنَهُمۡ ''બેશક ! તે (શૈતાન) અને તેનો કુંટુંબ કબીલો તમને ત્યાંથી જુએ છે કે તમે તેમને નથી દેખતા.'' *(સૂરએ અઅરાફ, આ–૨૭)* અને વધુ કુર્આનમાં છે : قُلۡ يَتَوَفّٰٮكُمۡ مَّلَكُ الۡمَوۡتِ الَّذِىۡ وُكِّلَ بِكُمۡ ''તમે ફર્માવો, તમને મૃત્યુ આપે છે મૌતનો ફરિશ્તો જે તમારા પર નિયુક્ત છે.''

વાંચકો ! આ બંનેવ આયતોથી સ્પષ્ટ છે કે જ્યારે શૈતાન અને એના ચેલાઓને લોકોને ગુમરાહ કરવા માટે અને મલેકુલ મૌત ઈઝરાઈલ علیہ السلامને જીવ કાઢવા માટે આ તાકત આપી છે કે દુનિયાના સર્વ ઈન્સાનો અને જાનદારોને જુએ છે, તો અંબિયા તથા ઔલિયા જે રહબર તથા માર્ગદર્શન આપનાર છે એમને સર્વ દુનિયાની ખબર કેમ ન હોય ! اَلَمۡ تَرَ كَيۡفَ فَعَلَ رَبُّكَ بِاَصۡحٰبِ الۡفِيۡلِ ''હે મહબૂબ ! શું તમે જોયું નહીં કે તમારા પરવરદિગારે પેલા હાથીવાળાઓની શું દશા કરી ? *(સૂરએ ફીલ, આયત : ૧)*

અને બીજી આયતમાં છે : اَلَمۡ تَرَ كَيۡفَ فَعَلَ رَبُّكَ بِعَادٍ ''હે મહબૂબ ! શું તમે જોયું નહીં કે તમારા પરવરદિગારે આદ સાથે શું કર્યુ ?''

સુન્ની વાંચકો ! વધુ પેજ નં. ૧૨....પર



# કુર્આનનો પૈગામ



# સમય બર્બાદ કરવાવાળાઓના નામ

❁ ❁ ❁ રજૂકર્તા : **મૌલાના મુહમ્મદ અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી-ભરૂચ** ❁ ❁ ❁



**સ**મય એક ઘણી મોટી નેઅમત તથા ખુદાવંદે કુદૂસની અતા કરેલ અમૂલ્ય દૌલત છે. કૌમોની ચઢતી પડતીમાં "સમયે" ઘણો મહત્વનો રોલ અદા કર્યો છે. ઈતિહાસ બતાવે છે કે જે કૌમોએ સમય સાથે દોસ્તી અપનાવી અને પોતાની જિંદગીની સવાર સાંજને સમયની પાબંદ બનાવી આપી તેઓ સિતારાઓ પર ફાંદાઓ નાખવામાં કામયાબ થઈ ગયા. તે કૌમોએ જંગલોને બગીચાઓમાં બદલી નાખ્યાં તથા જમાનાની સરદારીની લગામ પોતાના હાથમાં થામી લીધી. પરંતુ જે કૌમ સમયને બેકાર ચીજ સમજી આમતેમ બર્બાદ કરતી રહી તો સમયે તેમને ઝિલ્લત તથા તંગદસ્તીના ઊંડા ખાડામાં એવા ધકેલી આપ્યા કે દૂર દૂર સુધી શોધવાથી પણ આજે તેમનું નામ નિશાન નથી મળતું.

જેથી હોશને ઠેકાણે રાખીને અને અલ્લાહ તઆલાએ સમયની સ્વરૂપમાં જે મોટી નેઅમત આપણને આપી છે તેની કદર કરીએ, નહીં તો આ નેઅમત ઘણી વહેલી જતી રહેવાવાળી છે. ત્યારબાદ અફસોસમાં હાથ ઘસ્યા સિવા કશું પણ હાથ નહીં આવે.

વિષયને અનુરૂપ અહિંયા સમય બર્બાદ કરવાવાળાઓને સ્પષ્ટપણે કુર્આનના અમુક પયગામો સંભળાવવા માગીએ છીએ જેથી તેઓ કલ્પનાની આંખોથી જોઈ શકે કે આજે સમયની બર્બાદી મહશરના મેદાનમાં કેવી કેવી બેઈજ્જતીઓ દેખાડશે. વાંચો, સમય બર્બાદ કરવાવાળાઓનો ભયાનક અંજામ ! પસ્તાવા તથા અફસોસમાં ડૂબેલી તેમની પુકાર, અને તેમની વગર મકસદની ઈલ્તેજા તથા ફરિયાદનો હોશ ઉડાડી દેવાવાળો મન્ઝર !

આવા લોકોનો કૌલ બયાન ફર્માવતાં અલ્લાહ તઆલા કુર્આનમાં ફર્માવે છે :-

يٰلَيْتَنَآ أَطَعْنَا اللهَ وَأَطَعْنَا الرَّسُوْلَا۔ "હે કાશ ! આપણે સૌએ અલ્લાહની ફર્માબર્દારી કરી હોત તથા આપણે હુઝૂર ﷺની ફર્માબર્દારી કરી હોત." *(અહઝાબ-૬૬, ૩૩)* કુર્આને કરીમે આ જગ્યાએ જહન્નમીઓની ઝબાનથી જ તેમણે કબૂલ કરેલ હકીકતને બયાન કરી છે કે તેઓ સમયને બર્બાદ તથા ખોટી રીતે પસાર કરવાના કારણે કેવી રીતે અફસોસનો હાથ ફેરવશે અને કયામતનો દિવસ તે દિવસ હશે :-

يَوْمَ لَا يَنْفَعُ الظّٰلِمِيْنَ مَعْذِرَتُهُمْ اللَّعْنَةُ وَلَهُمْ سُوْءُ الدَّار

"જે દિવસે જાલિમોને તેમની માફી માંગવી ફાયદો નહીં આપે, તેમના માટે ફિટકાર હશે અને તેમના માટે જહન્નમનું મોટુ ઘર હશે." *(ગાફિર, ૪૦/૫૨)*

આ લોકોનું આ મુજબ કબૂલ કરવું તેમજ માફી માગવી કબરથી ઉઠતાં જ શરૂ થઈ જશે અને જ્યાં સુધી મૌતને જહન્નમ તથા જન્નતની વચ્ચે લાવીને ઝબહ કરવામાં નહીં આવે ત્યાં સુધી ચાલશે, અને એલાન કરવાવાળો જ્યાં સુધી એ એલાન નહીં કરે કે, **"હે જન્નતીઓ ! હવે તમારે હમેશગીના માટે જન્નતમાં રહેવાનું છે ક્યારેય પણ મૌત નહીં આવે, તથા હે જહન્નમીઓ ! તમારે**

**હમેશાંના માટે જહન્નમમાં જ રહેવાનું છે, હવે ક્યારેય પણ તમને મૌત નહીં આવે.''**

આના પહેલાંનો મંઝર તે હશે કે જ્યારે બીજીવાર સૂર ફૂંકવામાં આવશે ત્યારે તેઓ પોતાની ક઼બરોથી ઉભા થશે અને ડર તથા ગભરાટના આલમમાં ઉતાવળથી દોડતા હશે, શરમથી નિગાહો નીચી હશે, ઝિલ્લતનો ટોક ગળામાં હશે તથા મેહશરના દિવસની ભયાનકતાને જોઈને કહેતા હશે :–

**يَا وَيْلَنَا مَنْ بَعَثَنَا مِنْ مَرْقَدِنَا هٰذَا مَا وَعَدَ الرَّحْمٰنُ وَصَدَقَ الْمُرْسَلُوْنَ**

''અફસોસ ! અમારી કમનસીબી ! અમને કોણે અમારી આરામગાહથી ઉઠાડયા. આ જીવતાં ઉઠવુ તે જ છે જેનો અલ્લાહ તઆલાએ વાયદો ફર્માવ્યો હતો અને તેના રસૂલે સાચું કહ્યું હતું.'' *(સૂ. યાસીન, ૩૬/૫૨)* આવા સમયે કાફિર તથા નાફર્માનો અફસોસ કર્યા સિવાય કશું નહીં કરી શકે અને ગુસ્સામાં આવી પોતાના હાથોને દાંતો વડે ખાવા લાગશે અને શરમિંદગીની હાલતમાં આ પ્રમાણે પુકારશે : **يَا لَيْتَنِي اتَّخَذْتُ مَعَ الرَّسُوْلِ سَبِيْلًا** ''હે કાશ ! મેં રસૂલ ﷺની સાથે મળીને (હિદાયતનો) રસ્તો અપનાવ્યો હોત.'' *(સૂ. ફુર્કાન, ૨૫/૨૭)* દુનિયામાં ગુમરાહોની બુરી સોહબત તે દિવસે રહી રહીને તેને સતાવતી હશે અને તે લાચારીના આલમમાં કહેતો હશે :–

**يَا وَيْلَتٰى لَيْتَنِي لَمْ أَتَّخِذْ فُلَانًا خَلِيْلًا لَقَدْ أَضَلَّنِي عَنِ الذِّكْرِ بَعْدَ إِذْ جَاءَنِي وَكَانَ الشَّيْطَانُ لِلْإِنْسَانِ خَذُوْلًا**

''હાય અફસોસ ! કાશ ! મેં ફલાણા માણસને પોતાનો સાથી ન બનાવ્યો હોત ! બેશક તે માણસે મારી પાસે નસીહત આવ્યા બાદ મને તેનાથી ગુમરાહ કર્યો. અને શૈતાન, ઈન્સાનને મુસીબતના સમયે એકલો છોડી દેવાવાળો છે. *(સૂ. ફુર્કાન, ૨૭, ૨૯)* જ્યારે બધી જ ઉમ્મીદો દમ તોડી દેશે અને કોઈ સહારો જોવા નહીં મળે તો તે સમયે તેઓ પરવરદિગારે આલમની બારગાહમાં આ પ્રમાણે અર્ઝ કરશે :–

**رَبَّنَا أَمَتَّنَا اثْنَتَيْنِ وَأَحْيَيْتَنَا اثْنَتَيْنِ فَاعْتَرَفْنَا بِذُنُوْبِنَا فَهَلْ إِلٰى خُرُوْجٍ مِنْ سَبِيْلٍ**

''હે મારા પરવરદિગાર ! તેં અમને બે વાર મૌત આપી અને બે વાર જિંદગી આપી, તો હવે અમે લોકો ગુનાહોની ક઼બૂલાત કરીએ છીએ તો શું ! (અઝાબ)થી બચવાનો કોઈ રસ્તો છે ? *(ગાફિર, ૧૧/૪૦)*

પરંતુ સેંકડો ! જ્યારે દુનિયામાં તેમને ઈમાનના રસ્તા, સહીહ અક઼ીદા તથા નેક કામો તરફ બોલાવવામાં આવતા હતા તો તેઓ ભડકીને દૂર ભાગતા હતા અને દુનિયવી જિંદગીને હમેશગીની જિંદગી સમજી બેઠા હતા. આજે અત્યારે તેમનામાં આ શર્મિદગીનો એહસાસ તેમને રજમાત્ર પણ કામ નહીં લાગે.

હવે પરવરદિગારે આલમ સૌથી પહેલાં બેઝબાન ચોપગાં જાનવરોના દરમિયાન ફૈસલો ફર્માવશે, જો કોઈ શીંગડાવાળી બકરીએ શીંગડા વગરની બકરી પર જુલ્મ કર્યો હશે તો તેનો પણ ફૈસલો ફર્માવશે, જેનાથી અલ્લાહના ન્યાયની કમાલ કક્ષાનો નિર્દેશ મળે છે. ત્યારબાદ તેમને કહેવામાં આવશે, માટી થઈ જાવ ! તો તે માટી થઈ જશે. કાફિર તથા નાફર્માન જ્યારે આ મન્ઝર પોતાની આંખે જોઈ રહ્યો હશે અને પોતાનુ ઠેકાણુ જોઈ રહ્યો હશે તો અચાનક તેની ઝબાનથી એક જોરદાર ચીસ નીકળશે. તે કહેશે : **يَا لَيْتَنِي كُنْتُ تُرَابًا** ''કાશ ! હું માટી હોત (અને આ અઝાબથી) બચી જાત.'' *(સૂ. નબા, ૭૮/૪૦)*

ત્યારબાદ અલ્લાહ તઆલા બંદાઓ દરમિયાન ફૈસલો ફર્માવશે અને દરેક ઈન્સાનને તેનુ આમાલનામુ પકડાવી દેવામાં આવશે. કાફિર તથા નાફર્માન પોતાના નામએ આમાલને પીઠ બાજુથી ડાબા હાથમાં લેશે અને જ્યારે તેમાં પોતાનાં બધા કરેલા કરતુતો જોશે તો પુકારશે :–

**يَا وَيْلَتَنَا مَالِ هٰذَا الْكِتَابِ لَا يُغَادِرُ صَغِيْرَةً وَّلَا كَبِيْرَةً إِلَّا أَحْصَاهَا وَوَجَدُوْا مَا عَمِلُوْا حَاضِرًا**

''હાય બર્બાદી ! આ આમાલનામાને શું થયું છે કે આમાલનામાએ તો નાની વાતને છોડી છે ન તો મોટી વાતોને છોડી છે ! તેણે તો દરેક વાતોને ગણી લીધી છે અને તેઓ જે કાંઈ પણ કરતા હતા તે તેમના સામે હશે. *(સૂ. કહફ,૧૮/૪૯)*

આ મન્ઝર તેમના માટે ઘણો દિલ દુ:ખાડવાવાળો તથા તકલીફ દેવાવાળો હશે. બેબસી તથા બદહવાસીની હાલતમાં કહેતા હશે :–

**يَا لَيْتَنِى لَمْ أُوتَ كِتَابِيَهْ، وَلَمْ أَدْرِمَا حِسَابِيَهْ، يَا لَيْتَهَا كَانَتِ الْقَاضِيَةَ، مَا أَغْنَىٰ عَنِّىٰ مَا لِيَهْ، هَلَكَ عَنِّى سُلْطَانِيَهْ**

''હે કાશ ! મને મારું આમાલનામુ ન દેવામાં આવ્યું હોત ! અને હું ન જાણતો હોત કે મારુ આમાલનામુ શું છે ! કાશ ! મોત જ મારું કામ પૂરુ કરી ચૂકેલ હોત ! આજે અત્યારે મારો માલ મારાથી અઝાબને જરાય પણ દૂર ન કરી શકયો. મારાથી મારી તાક઼ાત તથા હુકૂમત (સલ્તનત) પણ જતી રહી.'' *(અલ હાક્કહ, ૬૯/૨૫ થી ૨૯)*

આ સમયે અલ્લાહ તઆલા પોતાના ફરિશ્તાઓને હુકમ આપશે :–

**خُذُوهُ فَغُلُّوهُ ثُمَّ الْجَحِيمَ صَلُّوهُ ثُمَّ فِى سِلْسِلَةٍ ذَرْعُهَا سَبْعُونَ ذِرَاعًا فَاسْلُكُوهُ**

''તેને પકડો અને તેને બેડી પેહરાવી દો ! ત્યારબાદ તેને દોઝખમાં ફેંકી દો. ત્યારબાદ એક સાંકળમાં જેની કળીની લંબાઈ સિત્તેર ગજ છે તેમાં જકડી દો.'' *(સૂ. હાક્કહ, ૩૦ થી ૩૨)*

આવી જ રીતે તેમના હાથ તથા ગરદનોમાં બેડી નાખીને મોઢાભેર દોઝખના ભડકતા અંગારોમાં ફેંકી આપશે. તે ચેહરા જેમને આખી જિંદગી અલ્લાહની બારગાહમાં ટેકવાથી નકારતા રહ્યા, આજે આગ તેમનો બુરો હાલ કરશે. તકલીફથી તે લોકો પલ્ટી ખાય રહ્યા હશે. તકલીફ જયારે હદથી વધી જશે તો કહેશે : **يَلَيْتَنَا أَطَعْنَا اللّٰهَ وَأَطَعْنَا الرَّسُولَا** ''કાશ ! આપણે અલ્લાહ તઆલા તથા તેના રસૂલની ફર્માબર્દારી કરી હોત.'' *(અહઝાબ, ૩૩/૩૬)*

ત્યારબાદ તેમને યાદ આવશે કે તેઓ પોતે આટલા બધા બુરા ન હતા પરંતુ લોકો (ક઼ૌમ)ની આંધળી અક઼ીદત તથા પૈરવી તેમને આ ખતરનાક અંજામ સુધી લઈ આવી છે. તો તેઓ આ હક઼ીક઼તનો સ્વીકાર કરીને અર્ઝ કરશે :–

**رَبَّنَا إِنَّا أَطَعْنَا سَادَتَنَا وَكُبَرَاءَنَا فَأَضَلُّونَا السَّبِيلَا، رَبَّنَا آتِهِمْ ضِعْفَيْنِ مِنَ الْعَذَابِ وَالْعَنْهُمْ لَعْنًا كَبِيرًا**

''હે મારા રબ ! બેશક ! અમે અમારા સરદારો તથા અમારા મોટા લોકોનું કહેવું માન્યુ હતું તો તેઓએ અમને સીધા રસ્તાથી હટાવી (બેહકાવી) દીધા હતા. હે અમારા પરવરદિગાર ! તેમને બમણો અઝાબ આપ તથા તેમના પર ઘણી મોટી લાઅનત કર. *(અહઝાબ, ૩૩/૭)*

ત્યારબાદ કાફિરો તથા મુશ્રિકોના ટોળાં ને ટોળાં આગમાં નાખવામાં આવશે. આ મન્ઝરને કુર્આન આ પ્રમાણે બયાન કરે છે :–

**كُلَّمَا أُلْقِىَ فِيهَا فَوْجٌ سَأَلَهُمْ خَزَنَتُهَا أَلَمْ يَأْتِكُمْ نَذِيرٌ**

*(સૂરએ મુલ્ક, ૬૭/૮)* ''જ્યારે દોઝખમાં તેમના એક ટોળાને નાખવામાં આવશે તો ત્યાંનો દારોગો (દરવાન) તેમને પૂછશે, શું તમારી પાસે કોઈ ડરાવવાવાળો અને ધમકાવવાવાળો નથી આવ્યો ? તો તેઓ આ હક઼ીક઼તનો સ્વીકાર કરીને જવાબ આવશે :–

**بَلَىٰ قَدْ جَاءَنَا نَذِيرٌ فَكَذَّبْنَا وَقُلْنَا مَا نَزَّلَ اللّٰهُ مِنْ شَىْءٍ إِنْ أَنْتُمْ إِلَّا فِى ضَلَالٍ كَبِيرٍ**

''કેમ નહીં ? બેશક ! અમારી પાસે ધમકાવવાવાળો આવ્યો હતો પરંતુ અમે તેને જૂઠાડયો અને કહ્યું કે અલ્લાહ તઆલાએ કોઈ વસ્તુ નાઝિલ નથી કરી, તમે તો ઘણી મોટી ગુમરાહીમાં પડેલા છો. *(સૂ. મુલ્ક, ૬૭/૯)*

ત્યારબાદ શર્મિંદગીના આસૂં વર્ષાવતાં કહેશે, '' **لَوْ كُنَّا نَسْمَعُ أَوْ نَعْقِلُ مَا كُنَّا فِى أَصْحٰبِ السَّعِيرِ** જો આપણે હક્ક઼ને સાંભળતા અથવા સમજતા તો આજે

આપણે દોઝખવાળાઓમાં (સામેલ) ન હોતા.'' *(સૂ. મુલ્ક, ૧૦)*

فَاعۡ تَرَفُوۡا بِذَنۡبِهِمۡ فَسُحۡقًا لِّاَصۡحَابِ السَّعِيۡرِ ''પછી તેઓ પોતાના ગુનાહોનો સ્વીકાર કરી લેશે. તો દોઝખવાળાઓ માટે અલ્લાહની રહમતથી દૂરી છે. *(સૂ. મુલ્ક, ૧૧)*

ત્યારબાદ તેઓ આ ઈલ્તેજા કરી રબની બારગાહમાં કહેવા માંડશે :–

رَبَّنَا أَخۡرِجۡنَا نَعۡمَلۡ صَالِحًا غَيۡرَ الَّذِیۡ كُنَّا نَعۡمَلُ

''હે અમારા રબ ! અમને દોઝખમાંથી કાઢી લે ! હવે અમે નેક અમલ કરીશું તે અમલોથી એકદમ જુદા જે અમે પહેલાં કરતા હતા.'' *(સૂ. ફાતિર, ૩૫/૩૭)*

તો તેમને જવાબ આપવામાં આવશે :–

أَوَلَمۡ نُعَمِّرۡكُمۡ مَا يَتَذَكَّرُ فِيۡهِ مَنۡ تَذَكَّرَ وَجَاءَكُمُ النَّذِيۡرُ فَذُوۡقُوۡا فَمَا لِلظّٰلِمِيۡنَ مِنۡ نَّصِيۡرٍ

''શું મેં તમને એટલી ઉમર નથી આપી કે જેમાં કોઈ માણસ નસીહત હાંસલ કરવા માંગતો તો વિચારી શકતો હતો, અને ત્યારબાદ તમારી પાસે ડરાવવાવાળો આવી ચૂકયો હતો, તો હવે તમે અઝાબના સ્વાદને ચાખો ! તો જાલિમો માટે કોઈ મદદગાર નહીં થાય.''

જરા વિચારો તો ખરા ! આવી દર્દનાક તથા ઘણી ભયાનકતામાં પણ દોઝખથી બચી નીકળવાની ઉમ્મીદનો ચિરાગ તેમના દિલમાં સળગી રહ્યો હશે તો આવી જ ઉમ્મીદના ભરોસે દર્દભરી આવાજમાં તેઓ પોતાના પરવરદિગારની બારગાહમાં ઈલ્તેજા કરશે :–

رَبَّنَا غَلَبَتۡ عَلَيۡنَا شِقۡوَتُنَا وَكُنَّا قَوۡمًا ضَآلِّيۡنَ، رَبَّنَآ أَخۡرِجۡنَا مِنۡهَا فَإِنۡ عُدۡنَا فَإِنَّا ظٰلِمُوۡنَ۔

''હે અમારા રબ ! અમારી ઉપર અમારી બદબખ્તી ગાલિબ (સવાર) થઈ ગઈ હતી, અને અમે બેશક ! ગુમરાહ લોકો હતા. હે અમારા પરવરદિગાર ! અમને અહિંયાથી બહાર કાઢ, અને જો ત્યાર પછી અમે (એ જ ગુમરાહીને) દોહરાવીએ તો બેશક ! અમે જાલિમ હોઈશું. *(સૂ. મુઅ્મિનૂન ૩૩/૧૦૬ થી ૧૦૭)*

તો ઘણી મુદ્દત પછી અલ્લાહ તઆલા તેમની તમન્નાનો જવાબ આપશે :

اِخۡسَئُوۡا فِيۡهَا وَلَا تُكَلِّمُوۡنِ ''તેમાં જ ઝિલ્લતની સાથે રહો અને મારી સાથે વાત ન કરો !'' *(સૂ. મુઅ્મિનૂન, ૨૩/૧૦૮)*

આ જવાબ સાંભળી તેમની રહી સહી ઉમ્મીદનો ઓલવાય રહેલો ચિરાગ પણ ઓલવાય જશે, અને **હવે તેઓ હમેશાંના માટે જહન્નમની આગમાં પડેલા રહેશે. આ બદલો હશે તેમના બુરા અમલોનો તથા તેમના બુરા કરતૂતોનો.**

કુર્આન ડંકાની ચોટ પર એલાન કરે છે :–

كَذٰلِكَ يُرِيۡهِمُ اللّٰهُ أَعۡمَالَهُمۡ حَسَرَاتٍ عَلَيۡهِمۡ وَمَا هُمۡ بِخَارِجِيۡنَ مِنَ النَّارِ

''આ જ પ્રમાણે અલ્લાહ તેમને તેમના અમલને તેમને ઉપર હસરત બનાવી ઉજાગર કરશે અને તેઓ કોઈ પણ રીતે દોઝખથી બહાર નહીં નીકળી શકે.'' *(સૂ. બકરહ, ૨/૧૬૭)*

આ જ મન્ઝરની તસ્વીરકશી મૌલાએ રૂમ પોતાની મુનાજાતમાં સારી રીતે બયાન ફર્માવે છે :

હે પરવરદિગાર ! તેં અમને એવી જિંદગી આપી છે જેના એક દિવસની કિંમત દુનિયામાં કોઈ નથી જાણતું કે આ એક દિવસની જિંદગી કેટલી કિંમતી છે. તેના એક શ્વાસમાં ઈન્સાન કાફિરથી મોમિન, ફાસિકથી વલી અને જહન્નમીથી જન્નતી બની શકે છે. જો કોઈએ તે કિંમત ન જાણી અને જિંદગીને આમ તેમ ફુઝૂલ બેકાર કામોમાં ગુજારી તો મૌતના સમયે પસ્તાવો તથા અફસોસ તેને જરૂરથી કરવો પડશે કે **આહ ! જે શ્વાસમાં આપણે અલ્લાહ તઆલાને રાજી કરી જન્નતની હમેશાંની નેઅમતોને હાંસલ કરી શકતા હતા તે શ્વાસને આપણે દુનિયાની**

# યૌમે આશૂરાની ઈબાદતો

કાર્યાલય

જે કોઈ મોહર્રમના પ્રથમ જુમ્આનો રોઝો રાખે તો તેના પાછલા ગુનાહો માફ થઈ જાય છે. *(રાવી : હઝરત અનસ* رضی اللہ عنہ *)* જે કોઈ મોહર્રમના ત્રણ રોઝા રાખે તો તેના માટે ૯૦૦ વરસની ઈબાદતનો સવાબ લખવામાં આવે છે.

## ★ આશૂરાની રાતના નવાફિલ ★

**ચાર રકાત નફલ નમાઝ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી **"કુલ્હુવલ્લાહ શરીફ"** પચાસ વખત પઢે. **ફઝીલત :** પઢનારાના પચાસ વર્ષ આગળના અને પચાસ વર્ષ પાછળના ગુનાહ (સગીરા) બખ્શી દેવામાં આવે છે.

**ચાર રકાત નફલ નમાઝ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી **"આયતુલ કુર્સી"** એક વખત અને **"કુલ્હુવલ્લાહ શરીફ"** ત્રણ વખત પઢે. નમાઝ પઢી લીધા બાદ ૧૦૦ વખત "કુલ્હુવલ્લાહ શરીફ" પઢે પછી દુઆ માંગે.

**ફઝીલત :** આ પઢનાર ગુનાહોથી પાક થઈ જશે અને તેને જન્નતમાં અગણિત નેઅમતો પ્રાપ્ત થશે.

**બે રકાત નફલ નમાઝ : "અલ્હમ્દુ શરીફ"** પછી **"કુલ્હુવલ્લાહ શરીફ"** ત્રણ વખત પઢે.

**ફઝીલત :** હક્ક તઆલા તેની મહેરબાનીથી કયામત સુધી આ પઢનારની કબ્રને રોશન અને મુનવ્વર રાખશે.

હદીષે પાકમાં આશૂરાના રોઝાથી ઘણી ફઝીલત આવી છે. રમઝાન શરીફ પછી બેહતર રોઝા મુર્હરમના આશૂરાના રોઝા છે. ૯, ૧૦, અથવા ૧૦, ૧૧ એમ બે દિવસે રોઝા રાખી યહૂદીઓની મુખાલેફત કરો.

## ★ આશૂરાના દિવસના નવાફિલ ★

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી પાંચ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની રૂહે મુબારકને પહોંચાડે.

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી ત્રણ–ત્રણ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ હઝરત ફાતિમાતુઝ્ઝોહરાની રૂહે મુબારકને પહોંચાડે.

**ફના થવાવાળી લિજ્જતોમાં (મજાઓમાં) ગુજારી અને હવે મૌતના ટાઈમે તે મોહલત પૂરી થઈ ગઈ !**

**وَلَن يُؤَخِّرَ اللّٰهُ نَفْسًا اِذَا جَاءَ اَجَلُهَا**

"અને અલ્લાહ કોઈપણ માણસને ક્યારેય પણ મોહલત નથી આપતો પરંતુ જ્યારે તેની ઉમરનો નિશ્ચિત કરેલ સમય ખતમ થઈ જાય છે. *(સૂ. મુનાફિકૂન, ૬૩/૧૧)* તે સમયે ઈન્સાનને આ જિંદગીના એક એક શ્વાસની કિંમત ખબર પડશે. **એક બાદશાહ પોતાની આખી સલ્તનત (હુકૂમત)ને હઝરત ઈઝરાઈલના કદમોમાં લાવીને મૂકી આપે કે મને એક ઘડીની મોહલત આપો કે હું તૌબા કરીને મારા રબને રાજી કરી લઉં ! તો પણ મોહલત નહીં મળે. તો હવે વિચારો કે જિંદગી કેટલી કિંમતી છે ?** ત્યારબાદ મૌલાએ રૂમ ફર્માવે છે : "અફસોસ ! આવી કિંમતી જિંદગીના રાત દિવસને મેં રમતગમત તથા તમાશામાં પસાર કર્યા ! તો હે અલ્લાહ ! અમને તૌફીક આપ કે અમે તને યાદ કરીને તથા તને રાજી કરીને તથા જિંદગીની મોહલતથી પૂરેપૂરો ફાયદો ઉઠાવીએ અને હમેશગીની કામયાબી તથા સઆદતથી માલામાલ થઈ શકીએ.

*(અઝ : મૌલાના મુહમ્મદ અફરોઝ કાદરી, કન્ઝુલ ઈમાન મંથલી, જુલાઈ–૨૦૧૩)*

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી પાંચ પાંચ વખત **"કુલ્હવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ હઝરત ઈમામ હસન અને ઈમામ હુસૈનની રૂહે મુબારકને પહોંચાડે.

**૬ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી જે સૂરત યાદ હોય તે ક્રમશઃ (તરતીબથી) પઢે અથવા ત્રણ–ત્રણ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. આ છ રકાત પૂરી થાય ત્યારે સજદામાં જઈ સાત વખત **"કુલ યા અય્યહુલ્ કાફેરૂન"**ની સૂરત પઢે અને તેનો સવાબ તમામ શોહદાએ કરબલાની રૂહ મુબારકને પહોંચાડે.

## ★ દુઆએ આશૂરા ★

આશૂરાના દિવસે ફજરની નમાઝ બાદ સૂર્ય ઊંચે ચઢયા બાદ બે રકાત નમાઝ પઢે, દરેક રકાતમાં **સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ)** પછી કોઈ પણ સૂરત પઢે અને સલામ બાદ એક વાર આ દુઆ પઢો :–

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ. યા કાબિલ તૌબતિ આદમ યૌમ આશૂરાઅ, યા ફારિજ કર્બિ ઝીન્નૂનિ યૌમ આશૂરાઅ, યા જામિઅ શમ્લિ યઅ્કૂબ યૌમ આશૂરાઅ, યા સામિઅ દઅ્વતિ મૂસા વ હારૂન યૌમ આશૂરાઅ, યા મુગીષ ઈબ્રાહીમ મિન્નારિ યૌમ આશૂરાઅ, યા રાફિઅ ઈદ્‌રીસ ઈલસ્સમાઈ યૌમ આશૂરાઅ, યા મુજીબ દઅ્વતિ સાલિહિન્ ફિન્નાકતિ યૌમ આશૂરાઅ. યા નાસિર સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ યૌમ આશૂરાઅ. યા રહ્માન દુન્યા વલ્આખિરતિ વ રહીમહુમા સલ્લલ્લાહુ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિ સૈયિદિના મુહમ્મદિંવ્ વ સલ્લિઅલા જમીઈલ્ અંબિયાઈ વલ્મુર્સલીન વક્દિ હાજાતિના ફીદુન્યા વલ્આખિરતિ વ અતિલ્ ઉમ્રના ફી તાઅતિક વ મહબ્બતિક વ રિદ્દાક વ અહ્યિના હયાતન્ તૈયિબતંવ્ વતવફ્ફના અલલ્ ઈમાનિ વલ્ઈસ્લામિ બિરહ્મતિક યા અર્હમર્રાહિમીન. અલ્લાહુમ્મ બિઈઝ્ઝિલ્ હસનિ વઅખીહિ વઉમ્મિહી વ અબીહિ વજદ્દિહી વ બનીહિ ફર્રિજ અન્ના મા નહ્નુ ફીહિ.**

પછી સાત વાર પઢે :–

**સુબ્હાનલ્લાહિ મિલ્અલમીઝાનિ વ મુન્તહલ્ઈલ્મિ વલ્મબ્લગર્રિદ્દા વઝિનતલ્ અર્શિ લામલ્જાઅ વલા મન્જાઅ મિનલ્લાહિ ઈલ્લા ઈલૈહ. સુબ્હાનલ્લાહિ અદદ શ્શફ્ઈ વલ્વત્રિ વ અદદ કલિમા તિલ્લાહિત્તામ્માતિ કુલ્લિહા નસ્અલુકસ્સલામત બિરહ્મતિક યા અર્હમર્રાહિમીન. વહુવ હસ્બુના વ નિઅ્મલ્ વકીલ. નિઅ્મલ્ મૌલા વ નિઅ્મન્નસીર. વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ્ અઝીમ. વ સલ્લલ્લાહુ તઆલા અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિહી વ સહ્બિહી વ અલલ્ મુઅ્મિનીન વલ્મુઅ્મિનાતિ વલ્મુસ્લિમીન વલ્મુસ્લિમાતિ અદદ ઝર્રાતિલ્વુજૂદિ વ અદદ મઅ્લુમાતિલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન.**

આ અમલ કરનારને અગણિત ઈબાદતનો સવાબ મળશે.

આશૂરાના દિવસે કોઈપણ સમયે બાવુઝૂ થઈને ૭૦ વાર પઢે : **હસ્બિયલ્લાહ વ નિઅ્મલ્વકીલ.** ગુનાહોની માફી માટે આ વઝીફો અફઝલ છે.

**આશૂરાના દિવસના મુસ્તહબ કામો : (૧)** રોઝો રાખવો **(૨)** સદકો કરવો **(૩)** નફલ નમાઝ પઢવી **(૪)** ૧૦૦ વખત કુલ્હુવલ્લાહ શરીફ પઢવું **(૫)** આલિમોની ઝિયારત કરવી **(૬)** યતીમોના માથા ઉપર હાથ ફેરવવો **(૭)** પોતાના બાલ–બચ્ચાંની ખાધા ખોરાકીમાં વધારો કરવો **(૮)** ગુસ્લ કરવું **(૯)** સુરમો લગાડવો **(૧૦)** નખ કાપવા **(૧૧)** બીમારોની ખબર કાઢવી **(૧૨)** દુશ્મનોથી મેળાપ કરવો **(૧૩)** આશૂરાની દુઆ પઢવી.

# આલે રસૂલની કુર્બાનીઓની તમે કેટલી લાજ રાખી ?!

કાર્યાલય

પ્યારા દીની સુન્ની ભાઈઓ ! બહેનો ! અલ્હમ્દુલિલ્લાહ ! કરોડોવાર અલ્હમ્દુલિલ્લાહ ! કે આપણે "અહલે સુન્નત વ જમાઅત" કે જે ૭૩ ફિર્કાઓમાંથી એક જ નજાત પામનાર સુન્ની જમાઅતમાં છીએ. અલ્લાહ તથા તેના મહબૂબ, રસૂલલ્લાહ ﷺથી મહોબ્બત કરનાર છીએ, તેમજ રસૂલુલ્લાહ ﷺની આલથી મહોબ્બત કરીએ છીએ. આ તે દૌલત છે કે દુનિયા અને દુનિયામાં જે કાંઈ છે તેનાથી વધીને છે. અલ્હમ્દુલિલ્લાહ !

પણ સાવધાન ! કેવળ મહોબ્બતનો દાવો કરી દેવાથી કામ નહીં બને ! આજે લોકો દાવો તો ખૂબ જ જોરશોરથી કરે છે પણ એ ભૂલી જાય છે કે જીભથી ફક્ત દાવો કરવાથી વાત પૂરી નથી થતી, બલ્કે દરેક દાવો દલીલ માગે છે. આજે અહલે બયત અને આલે રસૂલની મહોબ્બતના દાવા તો પુષ્કળ થાય છે પણ દરેક દાવેદાર પોતાના દિલને સવાલ કરે કે શું હું મારા દાવામાં સાચો છું ?! અને જો દિલની પુકાર તેના દાવાને રદ કરી દે તો એ જ દિલથી સાચા દિલથી તૌબા કરી લે અને જે જે તકાઝા (ડિમાન્ડસ્) સાચા દાવાના હોવા જોઈએ તેને અપનાવી લે.

### ★ શહાદત વહોરી પણ યઝીદની બયઅત ઠુકરાવી, શાથી ?! ★

એક તરફ આપણે કહીએ છીએ કે જન્નતી ઔરતોની સરદાર હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاના જિગરના ટુકડા અને નબી કરીમ ﷺના ચહીતા નવાસા અને જન્નતી જવાનોના સરદાર શહીદે આ'ઝમ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہએ નાનાજાનના દીન ઈસ્લામ તથા ઈસ્લામી શરીઅતની રક્ષા કાજે પૂરા ખાનદાનના યુવાનો બાળકો સાથે પોતે કર્બલાના મેદાનમાં શહાદત વહોરી પણ યઝીદ પલીદથી બયઅત ન કરી.

**સર દાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ**
**હક્કા કે બિનાએ લાઈલાહ અસ્ત હુસૈન**

ઈમામે હુસૈન رضی اللہ عنہએ યઝીદથી બયઅત શા માટે ન કરી ? એટલા માટે કે યઝીદ નબી કરીમ ﷺની આંખોની ઠંડક નમાઝને ત્યજનાર હતો ! શરાબી તથા ઝાની હતો ! ખુલ્લમ ખુલ્લા ગુનાહનાં કામો કરનાર ફાસિક ફાજિર જાલિમ હતો, નબી કરીમ ﷺની પ્યારી સુન્નત દાઢીને મુંડાવનાર હતો ! જેમ કે હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ જે સહાબીએ રસૂલ ગસીલુલ મલાઈકા હઝરત હન્ઝલા رضی اللہ عنہના સાહબઝાદા છે તે જણાવે છે : "યઝીદ પર અમે ત્યારે હુમ્લાની તૈયારી કરી જ્યારે અમને લોકોને અંદેશો થઈ ગયો કે તેની બદ્કારીઓના સબબે અમારા પર આસ્માનેથી પથ્થર વર્ષા થશે. તેના ફિસ્કો ફુજૂરનો એ આલમ હતો કે લોકો પોતાની મા બહેનો તથા પુત્રીઓ સાથે નિકાહ કરી રહ્યા હતા. (એણે સર્વ જાઈઝ કરી આપ્યું હતું.) શરાબો પીવામાં આવી રહી હતી તથા અન્ય શરીઅતે મના કરેલ બાબતોનો અલલ એલાન રિવાજ થઈ ગયો હતો, અને લોકોએ નમાઝો ત્યજી દીધી હતી." *(ખુત્બાતે મુહર્રમ, પેજ-૩૪૧, અઝ : મુફતી જલાલુદ્દીન અમજદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان)*

યઝીદ તે બદ્બખ્ત હતો જેણે જમીન પર ફસાદ ફેલાવ્યો, હરમૈન તૈયેબૈન તથા ખૂદ કા'બા મોઅઝ્ઝમા તથા રોઝાએ પાકની સખત બેહુર્મતીઓ (બેઅદબીઓ) કરી, મસ્જિદે કરીમમાં ઘોડા બાંધ્યા, તેની લીંડ તથા પેશાબ મિમ્બરે અત્હર પર પડયાં, ત્રણ દિવસ સુધી મસ્જિદે નબવી ﷺ અઝાન વિનાની રહી, મક્કા મદીના તથા હિજાઝમાં હજારો સહાબા તથા તાબઈનને બેગુનાહ શહીદ કર્યા, કા'બા મોઅઝ્ઝમા પર પથ્થર ફેંક્યા, ગિલાફ શરીફ ફાડયો અને સળગાવ્યો, મદીના શરીફની પાક દામન પારસા સ્ત્રીઓને ત્રણ દિવસ રાત સુધી પોતાના ખબીષ લશ્કર માટે હલાલ કરી આપી, હુઝૂર ﷺના જિગરના ટુકડાઓને ત્રણ દિવસ ભૂખ્યા તરસ્યા રાખી સર્વ સાથીઓ સમેત કત્લ કર્યા, મુસ્તફા

જાને રહમત ﷺની ગોદમાં ઉછરેલા તને નાઝનીન (શરીર મુબારક) પર શહીદ કર્યા બાદ ઘોડા દોડાવ્યા, તે સરે અન્વર જે બોસાગાહે રસૂલ હતું તેને કાપીને ભાલાની અણીએ ઊંચે ચડાવવામાં આવ્યું અને અહલે બયતની પાક બીબીઓ સાહબઝાદીઓને કેદ કરીને બેહુર્મતીની સાથે તે ખબીષના દરબારમાં લાવવામાં આવી, આનાથી વધીને ક્રૂરતા તથા જમીનમાં ફસાદ શો હશે ?! *(હવાલો ઉપર મુજબ, પેજ–૩૪૪)*

સારાંશ કે ફિસ્કો ફુજૂર અને જુલ્મો સિતમ, બેહયાઈ તથા વ્યભિચારને ઉત્તેજન ન મળે, શરીઅત વિરુદ્ધનાં કામો આમ ન થઈ જાય તેના ખાતર જ ઈમામ હુસૈન رضی اللہ عنہએ પૂરા ખાનદાનના લહલહાતા ફૂલોને કર્બલાની ધરતી પર ચૂંથાવા દીધાં, શહાદત વહોરી. તો હવે તમો તમારા દિલમાં ઝાંકીને જુઓ કે યઝીદમાંની જે ખરાબીઓને કારણે ઈમામે હુસૈને બયઅતને ઠુકરાવી શહાદત વહોરી તે ખરાબીઓ તમારામાં તો નથી ?! તમે સાચે જ ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા અહલે બયઅતના આશિક઼ છો તો યક઼ીનન ! તમારામાં એ ખરાબી ન જ હોવી જોઈએ.

## ★ યઝીદ બેનમાઝી હતો તો તમે કેવા છો ?! ★

આજે કહેવાતા આશિકે હુસૈન તથા આશિકે અહલે બયતના દાવેદારોની જીવન પદ્ધતિનું નિરીક્ષણ કરવામાં આવે તો નમાઝીઓની ટકાવારી દર્શાવતાં આપણને શરમ આવશે કે જે ફર્ઝ છે ! **મોટાભાગના કહેવાતા આશિક઼ો બેનમાઝી છે** અને અફસોસ તો એ છે કે ઘણા બધા હાફિઝો તથા કહેવાતા મૌલાના પણ નમાઝ બાબતે ગંભીર નથી, બલ્કે ફજરમાં તો એમનામાંથી પણ મસ્જિદમાં હાજરી આપનારા અમુક જ જોવા મળશે. જ્યારે રમઝાનમાં આ સર્વ નમાઝ તથા જમાઅત ત્યજવાના આદી હાફિઝો તરાવીહ પઢવા મુસલ્લા પર ખડા થઈ જાય છે.

આ પરથી એ પણ જાણવા મળ્યું કે ફાસિક઼ યઝીદને ઈમામ હુસૈને ન સ્વીકાર્યો તો બેનમાઝી પીર પણ મુસલમાનોએ સ્વીકારવો ન જોઈએ. કેમ કે નમાઝને છોડનારો તથા શરઈ કારણ વિના જમાઅતને છોડનારો ફાસિક઼ છે, અને ફાસિક઼ પીર નથી થઈ શક્તો. તો પછી જે જાહિલ પીર મુરીદોને એવું કહે કે તમારે નમાઝ પઢવાની જરૂર નથી, બસ મારો ઝિક્ર કર્યા કરો ! તો એ કેટલા હદે ગુમરાહી પર છે તે વિચારી લો ! અલ્લાહના ફર્ઝ કરેલાને જે ફર્ઝ ન કહે તો તે ઈસ્લામથી જ બહાર થઈ ગયો ! તો હે સુન્નીઓ ! ખરેખર જો ઈમામે હુસૈનના, અહલે બયતના ચાહક છો તો તૌબા કરો અને બાજમાઅત નમાઝના પાબંદ બની જાવ. નહીં તો ઈમામ હુસૈનના દુશ્મન યઝીદના તરીક઼ાને અપનાવીને તમે કયા મોઢે પોતાને હુસૈની કહો છો ?!

## ★ યઝીદ શરાબી, ઝાની, નાચગાનનો શોખિન હતો, તો તમે કેવા છો ?! ★

અફસોસ ! યઝીદમાંની જે બુરાઈઓના કારણે ઈમામ હુસૈને શહાદત વહોરી તે બુરાઈઓથી આજે લગભગ પૂરો મુસ્લિમ સમાજ ખદબદી રહ્યો છે ! ઈલ્લા માશાઅલ્લાહ ! છતાં દાવો તો આશિક઼ે હુસૈનનો ચાલુ જ છે ! અફસોસ ! આજે શરાબના ધંધામાં મુસલમાન, નશો કરવામાં મુસલમાન આગળ આગળ જોવા મળે છે. આજનો કહેવાતો આશિક઼ે હુસૈન ઝિનાકારીમાં સપડાયેલો છે, બલ્કે આ ખરાબી દિન પ્રતિ દિન અધિક ફેલાય રહી છે. એ જમાનામાં નાચગાનના શોખિનો ભાડુતી નાચનારીઓને બોલાવી "મુજરો" (ડાન્સ પ્રોગ્રામ) કરતા હતા. યઝીદ પણ એનો શોખિન હતો. જ્યારે કે વર્તમાનકાળમાં શાદીઓમાં બેન્ડબાજા, ડીજે તથા ડાન્સની ધૂમ તો જાણે તેમની ઓળખ બની ગઈ ! અને ટીવી પર અને હવે તો નેટ પર હયાને હયા આવે તેવા નાચગાનના પ્રોગ્રામો પર પુરૂષ પર સ્ત્રીનાં સહકુટુંબ અને લગભગ ઘરે ઘરે ચાલતા રહે છે. કયા આશિક઼ે હુસૈનનું ઘર છે જ્યાં નાચગાનથી નફરતના કારણે ટી.વી. નથી ચાલતુ ? ઈલ્લા માશાઅલ્લાહ ! હદ તો એ છે કે જે દિવસોમાં અહલે બયતના ખાનદાનને ક્રૂરતાપૂર્વક શહીદ કરવામાં આવ્યું તે મુહર્રમમાં પણ અહલે બયતના આશિક઼ોનાં ઘરોમાં ટી.વી. બંધ નથી થતાં ! ક્યાં છે અહલે બયતના ચાહકો ?! બલ્કે મધરાતે નગ્ન ફિલ્મો જોવાય છે ! તો પછી અલ્લાહનો ગઝબ મુસલમાનો પર નહીં વરસે તો શું થશે ?! મુસલમાનો !

તૌબા કરો ! તૌબા કરો ! પોતે આ કામો કરતા હોવ તો દિલથી ઈન્સાફ કરો કે તમે ક્યા મોઢે પોતે હુસૈની કહો છો ?!

### ★ હે બહેનો ! શું કર્બલામાં સર્વસ્વ ગુમાવનાર તે અહલે બયતની ઔરતોની હયા તથા સબ્રનો છાંટો તમારામાં છે ?! ★

કર્બલાની તપતી રેતી પર ત્રણ દિવસના ભૂખા પ્યાસા અહલે બયતના ફૂલ જેવા યુવાનો બાળકોને જાલિમ યઝીદીઓએ એ પાકદામન ઔરતોની નજરો સામે શહીદ કર્યાં, છેવટે ઈમામે હુસૈન رضی اللہ عنہ ને શહીદ કર્યા. આ એવી મુસીબત હતી કે ધરતીનું કલેજુ ધ્રુજી ઉઠયું ! પણ આવી સખત મુસીબતના સમયે કોઈ મહા જૂઠો પણ એ આક્ષેપ નથી લગાડી શક્યો કે અહલે બયતની તે પાકદામન સ્ત્રીઓમાંથી કોઈકે પર્દો ફેંક્યો હોય, વાળો વિખેર્યા હોય, હાયપીટ કે બૂમરાણ મચાવી હોય. સુબ્હાનલ્લાહ ! કરોડો સલામ તે પાકીઝા ખાતૂનોની હયા તથા સબ્ર પર !

પણ આજે ?! ઈમામ હુસૈનના કહેવાતા ચાહકોની સ્ત્રીઓ, પત્નીઓ, નાચગાનની શોખિન થઈ ચૂકી છે. પર્દો કરનારીઓની ટકાવારી નહિવત છે ! અને હવે પર્દામાં પણ ફેશનો એવી નીકળી કે અંગો છુપાવવાનો હેતુ તેનાથી પ્રાપ્ત નથી થતો ! બલ્કે ઔર આકર્ષણ ખડુ થાય છે ! માથે ઓઢણીનું નામ નિશાન નથી, હેર સ્ટાઈલોનું પ્રદર્શન, ચુસ્ત પારદર્શક પોશાકો પહેરીને પોતાના સૌંદર્યનું પ્રદર્શન કરવાની જાણે હરીફાઈમાં પડી છે ! આજે બ્યુટી પાર્લરોના ધંધો તેજીમાં છે, બનીઠનીને યુવતીઓ રખડવા માંડી છે, પરાયા પુરૂષ સાથે ફ્રેન્ડશીપ ! અને એકાંતમાં મુલાકાતો વાતચીતો બલ્કે બેહયાઈના અંતિમ ચરણમાં પહોંચી ગઈ છે ! ઈલ્લા માશાઅલ્લાહ ! અને જરાક મુસીબત પડતાં હાયપીટ અને બૂમરાણ તો લગભગ સામાન્ય છે.

તો હે બહેનો ! તમો જન્નતી ઔરતોની સરદાર હઝરત ફાતિમા رضی اللہ عنہا ની હયાવાળી પાકીઝા જિંદગી જુઓ, તેમની ઔલાદ હઝરત સૈયદા ઝયનબ તથા અન્ય પાકદામન સ્ત્રીઓના કિરદારને જુઓ, અને યહૂદી ઈસાઈ મોડેલો જેવી બદ્‌કિરદાર સ્ત્રીઓના કિરદારથી તૌબા કરો ! અને બાહયા જિંદગી જીવીને સાબિત કરો કે અમો સાચા અર્થમાં અહલે બયતની ચાહક છીએ.

### ★ વર્તમાન તાઝીયાદારીના જુલૂસોમાં હુસૈની કિરદારની વિરુદ્ધ કામો ! ★

અફસોસ ! મહાન બુઝુર્ગો તથા ઉલમા જેવા કે હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رضی اللہ عنہ હઝરત શયખ અબ્દુલહક્ક્ મુહદ્દિષ દહેલ્વી رضی اللہ عنہ થી લઈને આજ સુધીના અહલે સુન્નતના ઉલમા તાઝીયાદારીને હરામ દર્શાવે છે અને એ જુલૂસોમાં ઈસ્લામી શરીઅત વિરુદ્ધ થતાં કામોને હરામ દર્શાવે છે છતાં આજે ઈમામે હુસૈનની જ મહોબ્બતના નામે એવા એવા શરીઅત વિરુદ્ધ તમાશાઓ એ જુલૂસોમાં કહેવાતા આશિકે હુસૈન ભાઈઓ બહેનો કરી રહ્યાં છે કે અલ્લાહની પનાહ !

તો સુન્ની ભાઈ બહેનોને અપીલ છે કે એ સર્વ ખરાબીઓથી તૌબા કરે અને પોતાને હુસૈની કહેવડાવીને યઝીદી કિરદાર ન અપનાવે, નહીં તો અલ્લાહના સખત અઝાબમાં સપડાવાનું નિશ્ચિત છે.

હે મુસલમાનો ! પહેલાં મુઠ્ઠીભર મુસલમાનો હતા પણ જગત પર સેંકડો વરસ તેમણે રાજ કર્યું કેમ કે તેઓ દીનના ખાતર જીવતા હતા અને સાચા પાકા મુસલમાન હતા. જ્યારે આજે જગતભરમાં મુસ્લિમો ગૈરો થકી જાત જાતની સતામણીમાં સપડાયેલા છે. ઠેકઠેકાણે તેમના પર ગૈરોના થકી અત્યાચાર થઈ રહ્યા છે અને ઘરબાર છોડીને વતનથી બેવતન થઈને મુસલમાનો સહકુટુંબ શરણાર્થી કેમ્પોમાં બેચેનીની જિંદગી જીવી રહ્યા છે.

કારણ ફક્ત એક જ છે કે આપણે હુસૈની કિરદાર છોડીને યઝીદી કિરદાર, યહૂદી કિરદાર, નસરાનીઓના કિરદારને અપનાવ્યો જેનું જ પરિણામ છે કે આજે આપણે કોડીના તથા પ્રભાવ વિનાના થઈ ગયા. જેથી હજી પણ સંભલી જાવ અને કહેવાના નહીં પણ સાચા મુસલમાન બની જાવ.

રબ તઆલા રસૂલે પાક ﷺ તથા આલે રસૂલના સદકામાં સૌને નેક હિદાયત આપે.

## યૂરોપની મશ્હૂર મોડેલનો ઈસ્લામ સ્વીકાર !

ફારૂક

**યૂરોપની** મશ્હૂર આંતરવસ્ત્રો (બિકિની)નું મોડલિંગ કરનારી યુવતી કાર્લે વોટસ્ ઈસ્લામથી પાવન થઈ ચૂકી છે. ૨૪ વર્ષની કાર્લે વોટસે ટયૂનિસના પોતાના પુરૂષ મિત્ર સાથે શાદી કરી લીધી છે. ઈસ્લામ સ્વીકાર્યા બાદ તરત જ તેણીએ માથાથી પગ સુધી સંપૂર્ણ હિજાબ અપનાવી લીધો. બ્રિટનના વર્તમાન પત્ર "ધી સન" સાથે વાતચીત કરતાં કાર્લે વોટસે બતાવ્યું કે તેણીના મિત્રોએ મુસ્લિમ યુવાન સાથે શાદી અને ઈસ્લામ સ્વીકારવાના નિર્ણય સાથે સહમતિ ન દર્શાવી. તેમના માટે આ કલ્પના જ ઘણી વિચિત્ર તથા ભયાનક હતી કે મોડી રાત સુધી મોડલિંગ કરનારી છોકરી હવે હિજાબમાં જોવા મળશે ! મુહમ્મદ સાલેહથી મુલાકાત પછી કાર્લેની જિંદગી સંપૂર્ણપણે બદલાય ગઈ. કાર્લેનું કહેવું છે કે ઈસ્લામ સ્વીકાર પછી તક્વો, તહારત, ઈજ્જત તથા સચરિત્રતા જેવા ગુણો જિંદગીમાં મહાનતાનો એહસાસ પેદા કરે છે. પશ્ચિમી સમાજમાં સ્ત્રીઓએ હમેશાં પોતાના શારીરિક અંગોનું પ્રદર્શન કરવું પડે છે પણ ઈસ્લામી કલ્ચરમાં એની કલ્પના સુદ્ધાં નથી કરવામાં આવતી. પશ્ચિમી સમાજમાં સ્ત્રીઓની કોઈ સિક્યૂરિટી  હાંસલ નથી અને ઈજ્જત તથા સન્માનની નજરે નથી જોવામાં આવતી.

કાર્લે વોટસ્ મોડલિંગના ક્ષિતિજ પર સંપૂર્ણ ચમક દમક સાથે ચમકનારો તે તારો છે જેની અદાઓ પર આખુ બ્રિટન અમેરિકા ફિદા છે, જેના હુસ્નની ચર્ચાઓ પૂરા યૂરોપની ગલી ગલીઓમાં આમ હતી. એ હસીનો જમીલ મોડેલ જે બિકિનીને પહેરી લેતી એના ભાવ આસ્માનને સ્પર્શી જતા. જે કપડાને પહેરી લેતી તેની કિંમત ઊંચી જતી રહેતી. દૌલત તથા ખ્યાતિના નશામાં ચૂર રહેનારી આ મોડેલ પર જ્યારે ઈસ્લામનો નશો છવાયો તો દુનિયાનો દરેક નશો તેણીના માટે તુચ્છ સાબિત થયો. **નગ્નતાને ચાહનારી આ મોડેલે જ્યારે કલમએ શહાદત પઢી લીધો તો એ જ ઘડીએ તેણે નગ્નતાથી તૌબા કરીને પોતાને જભ્ભા તથા હિજાબમાં ઢાંકી લીધી અને સાથોસાથ એલાન પણ કરી આપ્યું કે હવે આ શરીર અગાઉની જેમ દુનિયા સમક્ષ પ્રદર્શન માટે નથી રહ્યું બલ્કે તેની પતિની અમાનત બની ગયું છે.** (આના પરથી તે મુસ્લિમ સ્ત્રીઓ સબક઼ લે કે તેણીઓ પોતે મુસલમાન હોવા છતાં પોતાના શરીરે ફેશનેબલ અંગ પ્રદર્શન કરતાં વસ્ત્રો પહેરી બેશરમીથી જાહેરમાં ગૈર મર્દોમાં ફરે છે !)

કાર્લે વોટસ આજે પોતાના પતિની ખૂબ જ આભારી છે કે તે તેણીના માટે ઈસ્લામ સ્વીકારનો સબબ બન્યો. ઈસ્લામ સ્વીકાર પહેલાં તેણીએ ઈસ્લામનો ધ્યાનપૂર્વક ગંભીરતાથી અભ્યાસ કર્યો. જેમ જેમ તે ઈસ્લામને સમજતી ગઈ તેમ તેમ તેમાં એની દિલચસ્પી વધતી ગઈ પછી તેણીએ મુહમ્મદ સાલેહને કહ્યું કે પહેલાં હું કેવળ તારા ખાતર મુસલમાન બનવા તૈયાર હતી પણ હવે મને રબ તઆલાથી સાચી મહોબ્બત થઈ ગઈ છે, મેં હક઼્ને ઓળખી લીધું છે અને હવે તે સાચા દિલથી રબને રાજી કરવા મુસલમાન થવા ચાહે છે. પછી તેણે જેવું મુસલમાન થવાનું એલાન કર્યું તો પૂરા યૂરોપ તથા અમેરિકામાં તોફાન મચી ગયું, સૌ આશ્ચર્યમાં પડી ગયા અને કેટલાકે અફસોસ પણ વ્યક્ત કર્યો ! તેણીની ઘણી ટીકાઓ પણ થઈ પણ તેણીએ તેને સબ્ર તથા સુકૂનથી સહન કર્યું અને કહ્યું કે લોકો કાંઈ પણ કહે પણ હું ઈસ્લામ સ્વીકારીને ખુશ છું.

કાર્લે કહે છે કે મને ઈસ્લામમાં સ્ત્રીઓના હક઼્ બેહદ પસંદ છે. યૂરોપ સર્વ રીતે પ્રગતિ કરવા છતાંય સ્ત્રીઓને તે હક્કો નથી આપી શક્યું જે ઈસ્લામે પંદરસો વરસો થયાં સ્ત્રીઓને આપી રાખ્યા છે. મુસ્લિમ સમાજમાં સ્ત્રીને ઈજ્જત તથા માનની નજરે જોવામાં આવે છે. જ્યારે કે પ્રગતિશીલ દેશોમાં સ્ત્રી મનોરંજનનું તથા પ્રદર્શનનું તથા વાસના તુપ્તિનું સાધન બનીને રહી ગઈ છે. ઈસ્લામે સ્ત્રીને પ્રદર્શનથી બચાવી છે.

*–(નઈ દુન્યા વીકલી–દિલ્હી, ૨ થી ૮ સપ્ટે. ૨૦૧૩)*

# નબીએ રહમત ﷺ અને બાળકો

રજૂકર્તા : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી-પાલેજ

નબીએ કરીમ ﷺ બાળકો સાથે ખૂબીપૂર્વકના વર્તાવની વાસ્તવિકતાથી સંપૂર્ણ રીતે વાકેફ હતા. આપનો તર્બિયતનો તરીક઼ો ઈલ્મ, અનુભવ, દરયાદિલી, સબર અને સહનશીલતા પર આધારિત હતો. બચપણના તબકાઓની મહત્તાની દષ્ટિએ હુઝૂર ﷺએ બાળકો સાથે એવો તર્બિયતી અને તા'લીમી તરીક઼ો અપનાવ્યો જેના પરિણામ રૂપે કામયાબ શખ્સિયતો, બેમિષાલ વ્યક્તિઓ જન્મ પામી. નબીએ કરીમ ﷺનો બાળકો સાથે વર્તાવ કેવો હતો ? આ વિષય પર નીચેના લેખમાં પ્રકાશ નાખવામાં આવી રહ્યો છે.

### ★ બાળકો સાથે પ્રેમ અને મહોબ્બત ★

બાળકો દરેક સમયે તે વ્યક્તિ સાથે મહોબ્બત કરે છે જે તેમની સાથે મહોબ્બત અને સાદગીથી વર્તે અને તેમની સાથે એ રીતે વર્તે કે જાણે તે પણ જાતે બાળક છે. બાળકો એવા વ્યક્તિથી નફરત કરે છે જે ગુસ્સાવાળો, ચિડીયા સ્વભાવવાળો અને બેસબ્રો હોય. બાળકો શાંત તથા ગંભીર ઈન્સાનને પસંદ કરે છે. નબીએ કરીમ ﷺ બાળકોની તબીયતથી સારી રીતે વાકેફ હતા જેથી આપ (ﷺ) બાળકો સાથે એવો જ વર્તાવ ફર્માવતા હતા જેવી તેમની પસંદ હતી પણ આપ તેમની સાથે સાદગી, તેમનાથી મઝાક, દિલ્લગી અને તેમની સાથે હેતાળ વર્તાવની સાથે સાથે તેમના અખ્લાક઼ અને તેમનું વ્યક્તિત્વ સુધારવા અને તેમને કામયાબ વ્યક્તિ બનાવવાની કોશિશ પણ કરતા હતા.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે : અમો હુઝૂર ﷺની સાથે ઈશાની નમાઝ પઢી રહ્યા હતા, જ્યારે આપે સજદો કર્યો તો હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈન આપની પીઠ મુબારક પર ચઢી ગયા, જ્યારે આપે પોતાનું સર મુબારક ઉઠાવ્યું તો તે બંનેને ધીરેથી પાછળથી પકડયા અને પ્રેમથી નીચે ઉતાર્યા. જ્યારે આપે નમાઝ પૂર્ણ કરી તો તે બંનેને પોતાની ગોદમાં લઈ લીધા.

બાળક વાજિબાત, હુકૂક઼ અને અખ્લાક઼ને સમજવાથી લાચાર છે. આ વાતો તેને જિંદગીના કેટલાક વર્ષોમાં ક્રમે ક્રમે હાંસલ થાય છે. તે વ્યક્તિ ભૂલ કરે છે જે બાળકો સાથે મોટા આદમી જેવો વર્તાવ કરે છે અને એવું સમજે છે કે બાળક નીતિ નિયમોને જાણે. અસંખ્ય લોકોને બાળકો સાથે આ રીતનો વર્તાવ કરતા જોવામાં આવે છે. આવા લોકોની બાળકોથી અપેક્ષા છે કે તે શાંત અને ચૈનથી ચુપચાપ રહે, જ્યારે કે આ વાતો પર બાળકો અમલ નથી કરી શકતા !

ઉમ્મે ખાલિદ જે ખાલિદ બિન સઈદની છોકરી હતાં તે કહેતા હતાં, હું રસૂલુલ્લાહ ﷺની પાસે મારા પિતા સાથે આવી, મેં એક પીળી કમીસ પહેરી હતી. રસૂલુલ્લાહ ﷺએ મને જોઈને ફર્માવ્યું, વાહ વાહ ! શું કહેવું ?! ઉમ્મે ખાલીદ કહે છે : (હું નાની વયની બાળકી તો હતી જ) હું જઈને રસૂલુલ્લાહ ﷺની મોહરે નુબુવ્વતથી રમવા લાગી. મારા પિતાએ મને ધમકાવી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તેને રમવા દો! પછી હુઝૂર ﷺએ મને આ રીતે દુઆ આપી : આ કપડા જૂના કર અને ફાડ, જૂના કર અને ફાડ ! ત્રણવાર આ જ ફર્માવ્યું. અબ્દુલ્લાહ કહે છે કે કુર્તો તબર્રુક તરીક઼ે રાખવામાં આવ્યો ત્યાં સુધી કે કાળો પડી ગયો. *(બુખારી)*

આ એક બોધદાયક બનાવ છે કે એક બાપ પોતાની છોકરીને હુઝૂર ﷺની ખિદમતમાં લઈને હાજર થાય છે, જેને એ પણ ખબર છે કે નબી ﷺ બાળકોને પ્યાર કરે છે અને આપ બાળકોથી મળવામાં ધૃણા નથી કરતા નથી પરંતું ખુશી અનુભવે છે. બાપની સામે છોકરી હુઝૂર ﷺની સામે હિમ્મત કરે છે અને આપની પીઠ મુબારકથી લટકે છે અને રમે છે અને આપ ﷺ તબસ્સુમ ફર્માવે છે અને તેને પોતાની સાથે રમવા માટે બોલાવે છે.

ક્યારેક એવું પણ થયું કે નાના બાળકોને આપે ગોદમાં લીધાં અને તેણે આપનાં કપડાં પર પેશાબ

કરી દીધો તો આપે પાણી મંગાવ્યું અને પોતાના કપડાં પાક કરી લીધાં. આપનું બાળકોથી પુષ્કળ મહોબ્બત કરવું અને તેમને લેવાના કારણે આપના કપડા અને હુજરામાં નાના બાળકોના પેશાબ કરવાના પુષ્કળ બનાવ બન્યા છે. આપ ﷺ માત્ર છોકરાઓને જ પોતાની ગોદમાં ન ઉઠાવતા હતા બલ્કે નાની બાળકીઓને પણ આપ પ્યારથી ગોદમાં લેતા હતા.

હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ફર્માવે છે : મારે ત્યાં છોકરો થયો તો હું તેને નબીએ કરીમ ﷺની પાસે લાવ્યો તો આપ ﷺએ તેનું નામ ઈબ્રાહીમ રાખ્યું પછી ખજૂર ચાવીને તેને આપ્યું અને તેના માટે બરકતની દુઆ ફર્માવી.

નબી કરીમ ﷺ બાળકો સાથે રસ્તામાં પણ રમ્યા કરતા હતા. જેમ કે હઝરત યઅલા બિન મુર્રા કહે છે કે હું નબી કરીમ ﷺની સાથે જઈ રહ્યો હતો, તો હુસૈન બિન અલી રસ્તામાં રમી રહ્યા હતા. નબી કરીમ ﷺ લોકોના વચ્ચેથી જલ્દી આગળ વધ્યા, પછી પોતાના હાથ ફેલાવ્યા કે હઝરત હુસૈનને લે પણ હઝરત હુસૈન આમથી તેમ ભાગવા લાગ્યા. હુઝૂર ﷺ તેમની પાછળ દોડતા અને તેમને હસાવતા. આપે ઉસામા બિન ઝૈદ અને હસન બિન અલી رضی اللہ عنہما ને લીધા અને પોતાની ગોદમાં બંનેને લીધા. પછી તેમને ગળેથી લગાડયા અને ફર્માવ્યું, હે અલ્લાહ ! આ બંને પર રહમ ફર્માવ કેમ કે હું તેમના પર શફકત કરું છું. *(બુખારી)*

અને એક હદીષમાં છે : હુઝૂર ﷺ બહાર તશરીફ લાવ્યા અને આપના ખભા પર ઉમામા બિન્તે આસ હતાં, પછી આપે નમાઝ પઢી, જ્યારે રુકૂઅ કર્યો તો ઉમામાને નીચે ઉતાર્યાં, પછી જ્યારે રુકૂઅથી ઉઠયા તો ઉમામાને ઉઠાવી લીધાં. *(બુખારી, મુસ્લિમ)*

મહમૂદ બિન રબીઅ કહે છે : મને આજ સુધી નબી કરીમ ﷺની તે કુલ્લી યાદ છે જે આપે એક ડોલથી લઈને મારા મોઢા પર કરી હતી. તે સમયે હું પાંચ વર્ષનો હતો.

જ્યારે હુઝૂર ﷺ નમાઝ દરમ્યાન કોઈ બાળકના રડવાનો અવાજ સાંભળતા તો પોતાની નમાઝ હલ્કી કરી દેતા હતા. હુઝૂર ﷺનું ફર્માન છે : હું નમાઝ માટે ઉભો થાઉં છું તો ચાહું છું કે નમાઝને લાંબી કરું (પણ જ્યારે) બાળકના રડવાનો અવાજ સાંભળુ છું તો મારી નમાઝ ટૂંકી કરી દઉં છું, એ ખયાલ કરીને કે બાળકની માને તકલીફમાં ન નાખું. *(બુખારી)*

આકાએ કાઈનાત ﷺ બાળકો સાથે રમતા હતા અને તેમના ખાસ મામલા વિશે તેમનાથી વાતચીત કરતા રહેતા હતા, જ્યારે કે બાળકોના મામલા સામાન્ય રહેતા. હઝરત અનસ رضی اللہ عنہ બયાન કરે છે : નબી કરીમ ﷺ લોકોમાં સૌથી વધારે સારા અખ્લાક઼ના માલિક હતા, મારા એક ભાઈ હતા જેમને અબૂ ઉમૈર કહેવામાં આવતા હતા (રાવીનું બયાન છે કે મારો ખયાલ છે તેમનું દૂધ છૂટી ગયું હતું) જ્યારે તે આવતા તો ફર્માવતા : હે અબૂ ઉમૈર ! તમારી નુગૈર તો મજામાં છે. (નુગૈર એક ચકલી હતી જેનાથી અબૂ ઉમૈર રમ્યા કરતા હતા) *(બુખારી અને મુસ્લિમ)*

### ★ બાળકોનો એહતેરામ અને તેમની ક઼દર કરવી ★

નબી કરીમ ﷺ બાળકોને ટુચકા સંભળાવતા, પોતાની પ્રતિષ્ઠા અને એહતેરામને બાકી રાખીને તેમને સરળ અને મજબૂત માધ્યમો થકી અફઝલ તરીન સમજૂતીઓ સમજાવી દેતા હતા. આપ બાળકો સાથે કડક સ્વભાવથી વર્તન ન કરતા હતા. નબવી યુગનુ એક બાળક અબ્દુલ્લાહ બિન આમિર નબી કરીમ ﷺના તે બનાવને બયાન કરતાં કહે છે : મારાં વાલિદાએ મને એક દિવસ બોલાવ્યો, તે સમયે નબીએ કરીમ ﷺ અમારા ઘરમાં બિરાજેલ હતા, તે કહેવા લાગ્યાં, આવ ! હું તને કાંઈક આપું છું ! તો નબી કરીમ ﷺએ મારાં વાલિદાથી કહ્યું, તમે તેને શું આપશો ? બોલ્યાં, હું તેને ખજૂર આપવા માંગુ છું, તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, જો તમે તેને કાંઈ ન આપતાં તો તમારા પર એક જૂઠ લખી દેવામાં આવતું. *(અબૂ દાઊદ)*

હુઝૂર ﷺએ ઉપરોકત બનાવમાં જૂઠુ બોલીને બાળકોની લાગણીઓ સાથે રમત રમવાથી ખબરદાર કર્યા છે. જ્યારે રહમતે આલમ ﷺ બાળકોને જોતા તો નરમીથી પેશ આવતા અને ક્યારેય પણ ધમકાવતા ન હતા. અમ્ર બિન અબૂ સલ્મા કહે છે, હું નબી કરીમ ﷺની ગોદમાં એક બાળક હતો અને મારા હાથ ખાવાના વાસણમાં અનેક જગાએ પડતા હતા, તો નબી કરીમ ﷺએ મારાથી ફર્માવ્યું, હે બાળક ! અલ્લાહનું નામ લે અને પોતાના સીધા હાથ વડે ખા અને પોતાની

સામેથી ખા.

આપ (ﷺ)એ પોતાના અખ્લાકે કરીમાના અને પાકીઝા તા'લીમાત થકી બાળકોમાં બચપણથી જ હિમ્મત અને બહાદુરી પેદા કરવાની કોશિશ કરી. આપ વિવિધ તરીકાઓથી બાળકોને ઉચ્ચ તાલીમ અને સમજૂતીના ધીરે ધીરે ઘૂંટડા પીવડાવતા હતા. આપ ﷺ ક્યારેક કેટલાક બાળકોને જેમ કે અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને અબ્દુલ્લાહ બિન ઉમરને પોતાની મજલિસમાં સહાબા સાથે બેસાડતા હતા જેથી તેઓ શીખે અને તેમનામાં પુખ્તગી આવે.

અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما બયાન કરે છે : એક વખતનો બનાવ છે, અમે નબી ﷺ પાસે બેઠા હતા, આપ ﷺની સામે ખજૂરો લાવવામાં આવી (જેને જોઈને) આપ ﷺએ પૂછયું, વૃક્ષોમાં એક એવું વૃક્ષ છે જેની મિષાલ મુસલમાન જેવી છે, બતાવો ! તે કયું વૃક્ષ છે ? મારા દિલમાં વિચાર આવ્યો કે હું કહી દઉં કે તે ખજૂરનું ઝાડ છે, પણ નાની ઉમરના કારણે શરમાઈ ગયો અને ચુપ રહ્યો, આખરે હુઝૂર ﷺએ ફર્માવ્યું, તે ખજૂરનું ઝાડ છે.

એક વખતનો બનાવ છે કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ જે નાની વયના હતા તે આપની સવારી પર આપના પાછળ સવાર થયા તો આપે તેમને સાધારણ ભાવાર્થ પર આધારિત પણ અસરકારક કેટલાક કલ્માઓની તા'લીમ આપી, આપે ફર્માવ્યું, હે બાળક ! હું તને કેટલાક કલ્માઓની તા'લીમ આપું છું : ''અલ્લાહને યાદ રાખ, તે તારી હિફાઝત કરશે.'' *(તિર્મિઝી–૨૫૧૬)*

હુઝૂર ﷺ બાળકોના એહતેરામ અને તેમની કદ્રની પરંપરામાં એટલી હદે એહતેમામ ફર્માવતા હતા કે ક્યારેક મોટાઓની મજલિસમાં બાળકો ભેગાં થઈ જતાં તો આપ ﷺ મોટાઓના મુકાબલામાં બાળકોને પ્રાથમિક્તા આપતા.

હઝરત સહલ બિન સઅદ અલ સાઅદી કહે છે : રસૂલુલ્લાહ ﷺ પાસે દૂધ લાવવામાં આવ્યું, આપ ﷺએ પીધું આપ ﷺની જમણી બાજુ એક છોકરો હતો અને ડાબી બાજુ ઉમરવાળા લોકો હતા. હુઝૂર ﷺએ છોકરાથી પૂછયું : જનાબ ! તમે મને ઈજાઝત આપો છો કે પહેલાં હું આ પ્યાલો ઘરડાઓને આપું ? તેણે કહ્યું, અલ્લાહની કસમ ! યા રસૂલલ્લાહ ! હું આપની તરફથી મળેલ મારા હિસ્સા પર કોઈ બીજાને પ્રાથમિકતા નથી આપી શકતો ! આખરે હુઝૂર ﷺએ તે પ્યાલો તેના હાથમાં આપી દીધો.

હુઝૂર ﷺએ એક સાથે બંનેનો ખયાલ રાખ્યો, આપ ﷺએ બાળકના હક્કનો ખયાલ રાખ્યો અને તેનાથી ઈજાઝત લીધી, સાથે સાથે આપ ﷺએ મોટા લોકોના હક્કનો ખયાલ રાખ્યો અને બાળકથી અપેક્ષા કરી કે વડીલો માટે પોતાના હક્કથી હાથ ઊંચો કરી લે. જ્યારે બાળક પોતાની વાત પર અડગ રહ્યો તો આપ ﷺએ બાળકને ધમકાવ્યો નહીં અને ન તેની સાથે કડક વલણથી કામ લીધું બલ્કે તેને તેનો હક્ક આપી દીધો.

### ★ બાળકો કૌટુંબિક અને સામૂહિક હક્કોની હિફાઝત ★

નબી કરીમ ﷺએ શિશુના નસબ અને જવાઝે સહીહથી તેની પેદાઈશ, શરઈ તાલ્લુકાત અને તેમના હક્કોની સુરક્ષાનો એહતેમામ ફર્માવ્યો. આ રીતે આપ ﷺએ બાળકોના ભાવિની હિફાઝત ફર્માવી. આપ ﷺએ સમાજની પવિત્રતાને ગંદકી તથા વંશમાં ભેળ સેળથી સુરક્ષિત કરી દીધી.

હુઝૂર ﷺએ બાળકોના હક્કોના બારામાં હિદાયત આપી કે બાળકોના બાપ બાળકના માટે શ્રેષ્ઠ અખ્લાકવાળી માને ચૂંટી લે. એ જ રીતે બાળકનું એવું સારું નામ રાખે જેમાં કોઈ પણ પ્રકારનો અયબ ન હોય, એવી જ રીતે આપ ﷺએ બાળકની પ્રાકૃતિક રીતે દૂધપાનની કાળજી લેવાનો તથા સર્વોત્તમ ઈમાની માહોલમાં તેની તર્બિયતનો હુકમ આપ્યો.

હુઝૂર ﷺએ બાળકોના હક્કોના વિશે એ પણ બતાવ્યું કે માબાપ તેમને અસભ્યતા બિભત્સતાના તથા બેદીનીના માહોલથી મેહફૂઝ રાખે. એવી જ રીતે નબી કરીમ કે પૈગામના પ્રમાણે બાળક વારસા તથા વસિયતનો હક્કદાર છે. તેમજ શરીઅતે મુહમ્મદીએ યતીમ બાળકની કફાલત અને તેની સંપૂર્ણ તર્બિયતની ખૂબ તાકીદ કરી છે, અને યતીમ બાળકના માલની હિફાઝત પર જોર આપ્યું છે તેમજ યતીમ બાળકની મદદ માટેની પ્રેરણા આપવામાં આવી છે.



# ગૈરમુક઼લ્લિદોને ઓપન ચેલેંજ !

રજૂકર્તા : **મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી દહેગામી** *(મુબલ્લિગ : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)*

આલમી મુબલ્લિગે ઈસ્લામ મુહક્ક઼િકે એહલે સુન્નત દુબઈ અવકાફના સદર મુફ઼તી અલ્લામા વ મૌલાના મુફ઼તી મુહમ્મદ અબ્બાસ રઝવી સાહબની તરફથી ગૈર મુક઼લ્લિદ વહાબીઓને અમુક સવાલો છે જેનો જવાબ આપવાથી પૂરી દુનિયાના ગૈર મુક઼લ્લિદ વહાબી લાચાર છે ! આ સવાલો પેશ કરવાની નેક બખ્તી હાંસલ કરતાં અમે અવામ વ ખવાસથી ગુઝારિશ કરીએ છીએ કે આ પયગામ વધુમાં વધુ આમ કરે. સામાન્યતઃ ગૈર મુક઼લ્લિદ વહાબી, એહલે સુન્નત વ જમાઅત પર આક્ષેપ લગાડે છે કે એહલે સુન્નત વ જમાઅત હદીષ પર અમલ નથી કરતા, પરંતુ બિદઅત પર અમલ કરે છે.

એહલે સુન્નત વર્ષમાં એકવાર નબીએપાક ﷺની મીલાદ મનાવે, મહીનામાં એકવાર ગ્યારવી શરીફ અથવા ઈસાલે સવાબની મહેફિલ રાખે તો ગૈર મુક઼લ્લિદ કહે છે કે આ બિદઅત છે. અને ગૈર મુક઼લ્લિદ પોતે દાવો કરે છે કે અમે કુર્આન અને હદીષ પર અમલ કરીએ છીએ, જે કુર્આન અને હદીષમાં નથી તેના ઉપર અમારો અમલ નથી. આવા ગૈર મુક઼લ્લિદ વહાબીઓને એહલે સુન્નત વ જમાઅત તરફથી અમુક સવાલો છે. જે કામોને તેઓ (ગૈર મુક઼લ્લિદો) દરરોજ કરે છે, પણ તે અમલનો કુર્આન અને હદીષમાં કોઈ સબૂત નથી. તો હવે બતાવો કે એહલે સુન્નત બિદઅતી થયા કે ગૈર મુક઼લ્લિદ ?!

ગૈર મુક઼લ્લિદો તેમના અમલ હેઠળના નીચે આપેલ મસાઈલના બારામાં સહીહ, સરીહ, મરફૂઅ હદીષ પેશ કરે :–

૧. શું નબીએ અકરમ ﷺએ વિત્રની નમાઝમાં રુકૂઅ પછી આમ દુઆની જેમ હાથ ઉઠાવીને દુઆ માગી છે અથવા આપ ﷺએ તેનો હુકમ ફર્માવ્યો છે ?

૨. શું નબીએ અકરમ ﷺએ જનાઝાની નમાઝની દરેક તકબીરમાં રફએ યદૈન કરવાનો હુકમ ફર્માવ્યો, અથવા આપ ﷺએ પોતે જનાઝાની નમાઝની દરેક તકબીર સાથે રફએ યદૈન કર્યું ?

૩. એક સહીહ, સરીહ, મરફૂઅ હદીષ પેશ કરો કે નમાઝે જનાઝામાં ઈમામ ઊંચા અવાજથી દુઆઓ પઢે અને મુક઼તદી ફક્ત આમીન આમીન કહે.

૫. શું નબીએ અકરમ ﷺએ હુકમ આપ્યો હતો કે નમાઝમાં હાથ સીના ઉપર રાખવા અથવા આપ ﷺએ પોતે નમાઝમાં સીના પર હાથ રાખ્યા હતા ?

૬. શું નબીએ અકરમ ﷺએ નમાઝમાં જમણો હાથ ડાબા હાથની કોણી પર રાખ્યો હતો ?

૭. એક સહીહ, સરીહ, મરફૂઅ હદીષ પેશ કરો કે નબીએ અકરમ ﷺએ જમાઅતવાળી નમાઝમાં બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ ઊંચા અવાજથી પઢવાનો હુકમ ફર્માવ્યો હોય અથવા ખૂદ પઢી હોય.

૮. એક સહીહ, સરીહ, મરફૂઅ હદીષ પેશ કરો કે હુઝૂર ﷺએ વફાત સુધી રુકૂઅથી પહેલાં અને રુકૂઅ પછી રફએ યદૈન કર્યો હતો ?

૯. એક સહીહ, સરીહ, મરફૂઅ ગૈર મોહતમમ (સ્પષ્ટ) હદીષ પેશ કરો કે કાપડ હોવા છતાં ખુલ્લા માથે નમાઝ પઢવાનો હુકમ હોય.

૧૦. એક સહીહ, સરીહ, મરફૂઅ હદીષ પેશ કરો કે નમાઝમાં બે ફૂટ પગ ખુલ્લા કરી ઉભા રહેવાનો હુકમ હોય.

ઈ.સ. ૧૮૫૭ પછી નવા જન્મેલા આ વહાબી ગૈર મુક઼લ્લિદ ફિર્ક઼ાને આ ચેલેન્જ છે, જેના જવાબમાં તેઓ હદીષો જણાવ્યા મુજબની પેશ કરે ! જો ખરેખર હદીષો પર જ ચાલતા હોય તો !

# બેક઼ાબૂ જીભની આફતો

★ રજૂકર્તા ★

અસ્રાર હાફિઝ દાઊદ નક્શબંદી પારખેતી
(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)

માણસાઈના ક઼ાનૂનોમાં સૌથી પહેલો ક઼ાનૂન ખુશ અખ્લાક઼ી છે. ખુશ અખ્લાક઼ી ઈસ્લામનું હુસ્ન છે. નબીએ કરીમ ﷺને અખ્લાક઼ સંપૂર્ણ કરવા માટે દુનિયામાં મોકલવામાં આવ્યા હતા. અલ્લાહ ﷻએ પોતે હુઝૂર ﷺની તારીફ આ પ્રમાણે કરી કે, "હે મહબૂબ ! તમે ખુલ્કે અઝીમ પર છો." (સૂ. ક઼લમ) ખુશ અખ્લાક઼ વ્યક્તિ ફક્ત લોકો દરમ્યાન જ મહબૂબ નથી હોતો પરંતું તે અલ્લાહ ﷻની નજીક પણ મહબૂબ અને પ્યારો છે. જ્યારે કે બદઅખ્લાક઼ વ્યક્તિ લોકોથી પણ દૂર છે અને અલ્લાહ ﷻથી પણ દૂર છે. ખરાબ આદતો નેક અમલોને એવી રીતે બર્બાદ કરી નાખે છે જેવી રીતે કે સરકો મધને. સારા અખ્લાક઼ જ માનવતાનું ખરુ રૂપ છે. માણસને જો દુનિયામાં પોતાનો વક઼ાર અને ઈજ્જત બાકી રાખવી હોય તો તેનું સારા અખ્લાક઼વાળુ હોવું અતિશય જરૂરી છે. નહીં તો જે માણસ સારા અખ્લાક઼થી મહરૂમ છે તે માણસ કહેવાના જ લાયક નથી.

સારી આદતો હાંસલ કરવા અને ખરાબ આદતોથી બચવા એ બધી ખરાબીઓ અને બુરાઈઓને જાણવું જરૂરી છે જેનાથી બદઅખ્લાક઼ી પેદા થાય છે અને બદઅખ્લાક઼ીની સૌ પ્રથમ બુરાઈ છે તે બેક઼ાબૂ જીભ છે.

બેક઼ાબૂ જીભ આમ તો એક જ બુરાઈ છે, પરંતું તે એવી બુરાઈ છે જેના કારણે હજારો બુરાઈઓ તેનાથી જન્મ લે છે. જેનાથી ફક્ત વ્યક્તિગત નુકસાન જ નહીં પરંતું સામાજીક નુકસાન પણ થાય છે. અલ્લાહ અમલ કરવાની તૌફીક઼ આપે. આમીન

(૧) **ગાળ બોલવું :** બેક઼ાબૂ જીભની એક બુરાઈ ગાળ બોલવું છે. ગાળ આપવી એ બેહયાઈ, બેશરમી અને ગંદકીવાળા કામોમાંથી છે અને તેનાથી દરેક માણસને ખૂબ જ તકલીફ થાય છે. હુઝૂર ﷺનું ફર્માને આલીશાન છે કે મુસલમાનને ગાળ આપવી તે ફિસ્ક઼ છે અને તેને ક઼ત્લ કરવો કુફ્ર છે. *(બહારે શરીઅત, જિ. ૧૬, પેજ–૧૨૧)* અને બીજી એક રિવાયતમાં આ પ્રમાણે વર્ણન છે કે મોટા ગુનાહોમાં સૌથી મોટો ગુનાહ એ છે કે માણસ પોતાના મા બાપને ગાળ આપે. લોકોએ પૂછયું કે હુઝૂર માણસ પોતાના માબાપને કેવી રીતે ગાળ આપશે ? તો આપે ફર્માવ્યું કે જે બીજાના માબાપને ગાળ આપે અને એ જવાબમાં તેના માબાપને ગાળ આપે તો જાણે તેનું કારણ (પોતાના માબાપને ગાળ આપવાનું) તે પોતે જ બન્યો.

આ મકરૂહ "ગાળ" જેને સાંભળી બીજાને તરત જ ગુસ્સો આવે છે તેના જઝબાત ભડકી ઉઠે છે અને આખરે મારામારીની નૌબત પણ આવે છે. હિંદુસ્તાનના અમુક શહેરોમાં ગાળ આપવી જાણે પબ્લિકની ઓળખ જ થઈ ગઈ છે ! તે લોકોએ ઉપર વર્ણન થઈ હદીષોથી ઈબ્રત પકડી એ બુરા કૃત્યથી તૌબા કરી ગુનાહોથી બચવું જોઈએ.

(૨) **જૂઠુ બોલવું :** જૂઠ એટલી ખરાબ બુરાઈ છે કે બધા ધર્મવાળા તેની બુરાઈ કરે છે. બધા ધર્મોમાં તે હરામ છે તેમ છતાં પણ બધા ધર્મમાં એવા લોકો ખૂબ જ જોવા મળે છે જે જુદા જુદા અંદાજથી જૂઠ બોલે છે. જેવી રીતે કે પોતાની તરફથી ઘડવી અથવા તો કોઈ બનાવની હક઼ીક઼તને છુપાવીને રાઈ જેટલી નાની વાતને પહાડ જેટલી મોટી બનાવી દેવી, અફવાઓ ફેલાવવી વગેરે. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, જ્યારે માણસ જૂઠુ બોલે છે તો તેની દુર્ગંધથી ફરિશ્તા એક માઈલ દૂર થઈ જાય છે. બીજી હદીષમાં આ પ્રમાણે વર્ણન છે કે જૂઠથી બચો કેમ કે જૂઠ ઈમાનની વિરૂદ્ધ છે. *(બહારે શરીઅત, જિ. ૧૬, પેજ–૧૧૫)*

કુર્આન અને હદીષમાં જૂઠથી બચવાની ઘણી તાક઼ીદ આવેલી છે. જૂઠની બુરાઈમાં આનાથી વધીને કઈ વાત કહેવામાં આવે કે જે જૂઠ બોલે છે તેના પર ખુદા ખૂદ લઅનત કરે છે ! અને કુર્આનમાં પણ જૂઠ બોલવાવાળા પર લઅનતનું વર્ણન કરવામાં આવ્યું છે.

(૩) **વધારે બોલવું :** વગર જરૂરતે બોલનારને વાતોડીયો કહેવાય છે. ક્યારેક તેને ભરોસાપાત્ર સમજવામાં આવતો નથી અને ભરોસાપાત્ર ન હોવાના

કારણે ઘણી વખત એની કહેલી વાતો પર કાન ધરવામાં નથી આવતા. હકીકતમાં વગર જરૂરતે વાતો કરવાનું ફક્ત એક જ કારણ હોય છે અને તે પોતાની મહાનતા અને બુલંદીનું પ્રદર્શન. માણસના દિમાગમાં પોતાની બડાઈ અને બીજાઓ પર બુલંદીનો એહસાસ ત્યારે થાય છે જ્યારે તે ખુદાથી ગાફેલ અને નીડર થઈ જાય છે અને ખુદાથી ગફલત તે ફક્ત એક જ બુરાઈ નથી પણ તે તો બુરાઈનો દરિયો છે જેનો કોઈ કિનારો નથી. આકાએ કરીમ ﷺએ વધારે વાત કરવાની બુરાઈમાં ઈર્શાદ ફર્માવ્યો, જે વધારે વાતો કરતો હશે તેની બુરાઈઓ વધારે હશે, અને જેની બુરાઈઓ વધારે હશે તેના ગુનાહ પણ વધારે હશે, અને જેના ગુનાહ વધારે હશે તેના માટે જહન્નમ જ ઠેકાણુ છે. (મુસ્લિમ, જિ. ૩, પેજ–૧૩૨) બેશક ! માણસની વધારે પડતી ભૂલો તેની જીભમાં છે. *(અહયાઉલ ઉલૂમ, જિ. ૩, પેજ–૧૨૨)* બીજી એક હદીષમાં વર્ણન છે કે બેહૂદા બકવાસ કરવાવાળા પર જન્નતમાં દાખલ થવું હરામ છે. *(મઝાકતુલ આરિફીન, જિ. ૩, પેજ–૧૩૪)* હુઝૂર ﷺના પહેલા ખલીફા હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ એક દિવસે પોતાની જીભ પકડીને ખેંચી રહ્યા હતા, તો હઝરતે ઉમર رضی اللہ عنہએ પૂછયું, શું કારણ છે ? અલ્લાહ તમારી બખ્શિશ ફર્માવે ! તો આપે જવાબ આપ્યો, મને તેણે (જીભે) બર્બાદીમાં નાખ્યો. *(બહારે શરીઅત, જિ. ૧૬, પેજ–૩૦)*

કુર્આન ફર્માવે છે : "કોઈપણ વાત તે જીભથી નથી કહેતો કે તેના પાસે એક તેને નોંધનાર ન બેઠો હોય. *(સૂ. કાફ, પા. ૨૬)* હઝરત હસન ફર્માવે છે કે જેણે પોતાની જીભને ન રોકી તેણે ધર્મને પણ નથી સમજ્યો. સાથે જ ફર્માવ્યું, જે વધારે બોલે છે તે વધારે જૂઠો હોય છે. (અહ્યાઉલ ઉલૂમ, જિ. ૩, પેજ–૧૨૩ થી ૧૨૭) હઝરત શેખ સઅદીએ પોતાના કસીદામાં એવી નસીહત કરી કે જીભથી વધુ નુકસાનકારક કોઈ ચીજ નથી.

દરેક વ્યક્તિએ વધારે વાતો કરવાથી બચવું જોઈએ ખાસ કરીને સ્ત્રીઓએ કારણ કે અમુક સ્ત્રીઓ ભેગી થઈ જાય તો દુનિયાની કોઈ તાકાત નથી જે તેમને ચુપ કરી દે. અલ્લાહ આ બુરાઈથી સૌની હિફાઝત ફર્માવે. આમીન

(૪) **નિરર્થક તારીફ** : પોતાના મકસદને હાંસલ કરવા માટે કોઈની જૂઠી તારીફ કરવી અથવા નહીં જેવી ખૂબીને વધારીને કહેવું એ એવી બુરાઈ છે કે જેનાથી પોતાને અને બીજાને ફાયદો ઓછો અને નુકસાન બંનેનું વધારે થાય છે. એ એવી રીતે કે નિરર્થક તારીફ જેવી રીતે પોતાની બડાઈ અને ગુમરાહી છે તેવી જ રીતે બીજાને પણ ધોકો આપવું અને ગુમરાહ કરવું છે અને જેની તારીફ કરવામાં આવી તેને તો એક રીતે બર્બાદ કરી નાખવો છે. કેમ કે પોતાની બે મકસદ તારીફથી તેને પોતાની અઝમત અને ફઝીલતનો એહસાસ થશે અને તેનો એ જ એહસાસ તકબ્બુરની બુનિયાદ છે અને જ્યારે કે લોકો સારી પેઠે જાણે છે કે ઈબ્લીસે તકબ્બુર કર્યું તો આજે તેનો શું અંજામ છે.

(૫) **મઝાક બનાવવું** : ખરાબ સંબોધન અથવા શરીરના અંગોના અય બયાન કરી કોઈની મઝાક ઉડાડીને હસવું અને બીજાનું દિલ દુ:ખાડવું એ બેકાબૂ જીભની ખૂબ જ મોટી બુરાઈ છે અને તે હરામ પણ છે. (અહ્યાઉલ ઉલૂમ, જિ. ૩, પેજ–૧૪૩) જેનાથી ખૂદ અલ્લાહ તઆલાએ લોકોને રોકયા છે. હુઝૂર ﷺ ઉમ્મત પર કેટલા મહેરબાન છે કે આપે મોમીનની તકલીફને પોતાની તકલીફ વર્ણવી છે. ઈર્શાદ ફર્માવે છે, જેણે કોઈ મુસલમાનને તકલીફ આપી તેણે મને તકલીફ આપી અને જેણે મને તકલીફ આપી તેણે અલ્લાહને તકલીફ આપી. *(ફતાવા રઝવિય્યહ, જિ. ૬, પેજ–૧૧૪)*

દિલ્લગી અને હસવાના બહાને કોઈની તૌહીન અને તેનું દિલ દુ:ખાડવું એ બધાનું પરિણામ સિવાય મારપીટ બીજુ કશું જ નથી, તેની સાથે નફરત અને દુશ્મનીની બુનિયાદ કાયમ થઈ જાય છે. સરકાર આ'લા હઝરત ફર્માવે છે કે દરેક મુસલમાનની દિલજોઈ ફર્ઝ અને ઐબજોઈ હરામ છે. *(ફતાવા રઝવિય્યહ)* પરંતું યાદ રહે કે તે મજાક જાઈઝ છે જેમાં જૂઠ અને દિલ દુ:ખાડવું ન હોય અને આપણા નબી ﷺએ આવી જ મજાક કરી છે જેમાં ન જૂઠ છે ન કોઈના દિલને ઠેસ પહોંચાડવી, અને આવી મજાક આજે પણ કોઈ કરે તો તે જાઈઝ છે. અલ્લાહ ઈલ્મ અને અમલની તૌફીક અતા ફર્માવે. આમીન

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ શાદી મુબારક ★

**લુવારા** : (તા. જિ. ભરૂચ)ના હાજી હસીબ ઘોડીવાલાના નેક ફરઝંદ યાસીનના નિકાહ થામ નિવાસી મુસ્તફા શકુની નેક દુખ્તર ફરહાના સાથે તા. ૪–૧૦–૨૦૧૩ના રોજ જુમ્આ બાદ લુવારા મસ્જિદમાં થયા અને મુહમ્મદ હુસૈનના નિકાહ UK નિવાસી હાજી ઐયૂબ સુલેમાન ઘોડીવાળાની નેક દુખ્તર શબીહા સાથે તા. ૫–૧૦–૨૦૧૩ના રોજ ઝહોર બાદ લુવારા મુકામે રાખવામાં આવ્યા. રવિવાર તા. ૬–૧૦–૨૦૧૩ના રોજ વલીમાની દા'વત કરવામાં આવી હતી. દુલ્હા–દુલ્હાનો તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**થામ** : (તા. જિ. ભરૂચ) ખાતે હાફેઝ સિદ્દીક ગોરજીના નેક ફરઝંદ યાસીનના નિકાહ કેશવાણ મુકામે તા. ૭–૧૦–૨૦૧૩ સોમવારે ઈકબાલ મૂસા અલી પટેલની નેક દુખ્તર મુબશ્શિરા સાથે અને કૌષરબાનુના નિકાહ કેશવાણ નિવાસી મહેબૂબ મૂસા અલી પટેલના નેક ફરઝંદ સલ્માન સાથે થામ ખાતે તા. ૬–૧૦–૨૦૧૩ રવિવારે રાખવામાં આવ્યા. દુલ્હા–દુલ્હનો તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ પારખેતમાં સુન્ની ઈજતેમા ★

**પારખેત** : (તા. જિ. ભરૂચ) ખાતે તા. ૭–૧૦–૨૦૧૩ સોમવારે ઈશાની નમાઝ આલમી તેહરીક ''સુન્ની દા'વતે ઈસ્લામી''ના અઝીમુશ્શાન સુન્ની ઈજતેમાનું આયોજન કરવામાં આવ્યું હતું. વરસાદ થવાથી ઈજતેમા મસ્જિદમાં રાખ્યો હતો. જેમાં મશ્હૂર નઅતખ્વાં જનાબ ખાલિદ રઝા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ) સાહબે ઈશા બાદથી નઅતેપાકના ગુલદસ્તા મધૂર અવાજમાં પેશ કર્યા હતા. ત્યાર બાદ અતાએ મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી સાહબ (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ દિલ પીગળાવનારું બયાન કર્યું હતું. વરસાદના વાતાવરણમાં પણ જંબુસરના હઝરત સૈયદ શૌકત અલીબાવા (ખલીફા હઝરત નૂરાની બાવા) તેમજ આસપાસના ગામોથી ભરૂચથી સુન્ની મુજાહિદોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. એ અગાઉ હઝરતે વલણ ''મસ્જિદે રઝા''માં મગરિબની નમાઝ પઢાવી હતી જેમાં નમાઝ બાદ પેશ ઈમામ મૌલાના તૌસીફ રઝા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ હઝરતનો તથા સુન્ની દા'વતે ઈસ્લામીનો ટૂંકમાં તઆરુફ કરાવ્યો હતો. ત્યારબાદ ૨૦ મિનિટનું હઝરતનું અસરકારક બયાન થયું હતું છેવટમાં સલાતો સલામ બાદ કેટલાક યુવાનો હઝરતના મુરીદ થયા હતા.

**જંબુસર** : થી ખાદિમે રઝા હાજી અલ્લારખા ફૂટવાલા લખી જણાવે છે કે હમારા સાથી મિત્ર જનાબ મૌલાના સલીમ સાહબ રઝવી ટંકારવી હાલ બ્લેકબર્ન, યુ.કે.થી માદરે વતન તશરીફ લાવ્યા હતા. જેમણે અહીંયાં આવ્યા પછી પણ દીનો તબ્લીગનું કામ અંજામ આપ્યું હતું. હઝરતે જંબુસરમાં લાલશહીદ મસ્જિદમાં ઈશ્કે રસૂલ ﷺ પર શાનદાર બયાન કર્યું હતું અને તા. ૧૩–૯–૨૦૧૩ જુમ્આમાં જંબુસર મીના મસ્જિદ ખાતે પણ શાનદાર બયાનથી લોકોના ઈમાન તાજા કર્યા હતાં.

*–લિ. અલ્લારખા ફૂટવાલા*

**જંબુસર** : થી ખાદિમે રઝા હાજી અલ્લારખા ફૂટવાલા લખી જણાવે છે કે અમારા હમદર્દ મિત્ર હઝરત અલ્લામા મૌલાના સલીમ સાહબ ટંકારવી હાલ બ્લેકબર્ન, યુ.કે.ના વાલિદા હજયાણી સખીનાબેન તા. ૬–૯–૨૦૧૩ જુમ્આના સવારના ફજરની નમાઝ પછી અલ્લાહ તઆલાની રહમતમાં પહોંચી ગયા હતા. હજયાણી ૯૫ વરસની ઉમરના હોવા છતાં તહજ્જુદ સાથે પાંચેવ ટાઈમની નમાઝ અદા કરતાં હતાં. અલ્લાહ તઆલા જન્નતુલ

ફિરદૌસમાં જગા અતા ફર્માવે. તેમની જનાઝાની નમાઝ પણ પોતાના ફરઝંદ મૌલાના સલીમ સાહેબ પઢાવી હતી.

*–લિ. અલ્લારખા ફૂટવાલા*

**જંબુસર** : થી હાફેઝ સિરાજ સુરાવાલા લખી જણાવે છે કે ''બરકાતી કમિટી'' જંબુસર તરફથી ત્રણ દિવસના રાત્રે ઈશાની નમાઝ પછી તર્બિયતી કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં જુમ્આ મસ્જિદના પેશ ઈમામ મૌલાના ઈમરાન સાહબે નમાઝે જનાઝા વિશે, મૌલાના અખ્તર સાહબે નમાઝ વિશે તથા મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ કુર્બાનીના મસાઈલ વિશે મા'લૂમાતી બયાન કર્યું હતું. આમ ત્રણેવ રાત્રીનો ઈજતેમા ઘણો જ કામ્યાબ રહ્યો હતો.

*–હાફેઝ સિરાજ સુરવાલા*

::: સાભાર સ્વીકાર :::

## અલ અશરફ કેલેન્ડર–૨૦૧૪

જેમાં દરેક ઈસ્લામી મહિનાની ફઝીલતના બારામાં તથા અક઼ીદાના બારામાં બુઝુર્ગોના કુર્આન હદીષની રૂએ કથનો તેમજ બુઝુર્ગોના મઝારોના સુંદર ફોટા સાથે તારીખવાર ઉર્સોની યાદી તથા અનેક ઈસ્લામી ઈલ્મી સામગ્રી ભરેલી છે.

:: પ્રકાશક ::

**મોહદ્દિષે આ'ઝમ મિશન** (ગુજરા પ્રદેશ, મિર્ઝાપુર બ્રાન્ચ)
૧૫–પેરેડાઈઝ કોમ્પલેક્ષ, અહમદાબાદ, પિન : ૩૮૦૦૧,
ફોન : (૦૭૯) ૨૫૫૦૦૯૪૭

:::: કિતાબ મંગાવો ::::

## ઈસ્લામના બુનિયાદી અક઼ીદાઓ

*(પેજીસ : ૮૦, કિંમત : નથી લખી)*

સંપાદક : **મર્હૂમ અ. ગફ્ફાર ચોલા**

પ્રકાશક : સુન્ની મિશન, C/o. મુહમ્મદ અમીન એ. ચોલા (નૂરી)
ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર,
મો. **9824836500**

## દર્દભરી અપીલ

આથી તમામ મુસ્લિમ બિરાદરોને ખબર આપવામાં આવે છે કે વસ્તીખંડાલી, તા. વાગરા (નવી નગરી)માં આશરે ૧૨૦ મુસ્લિમ કુટુંબો વસવાટ કરે છે અહીંયા ઈબાદત ખાનામાં નમાઝ પઢવામાં આવે છે. મસ્જિદની ખુલ્લી જગ્યા ઉપર મસ્જિદ બાંધકામ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનું ટ્રસ્ટ રજી નં. ૦૧૮૭ ભરૂચ, મસ્જિદએ ગૌષિયાના નામથી રજી. થયેલ છે. મસ્જિદનું બાંધકામ કરવા માટે પ્લાન્ટ એસ્ટીમેન્ટ મુજબ અંદાજિત બાંધકામ ખર્ચ રૂા. **૩૭,૫૦,૦૦૦/–** થાય છે.

જેના માટે આપ સખીદાતાઓ રોકડ રકમ, ઈંટ, રેતી કપચી, સ્ટીલ, સિમેન્ટ, ટાઈટલ્સ, મારબલ.... વિગેરે આપી અપાવી સહકાર આપશો. અલ્લાહ તઆલા તેનો બદલો આપને અહીંયાં તેમજ આખેરતમાં આપશે. (જઝાકલ્લાહ !) ચેક, ડ્રાફટ, મનીઓર્ડર મોકલવા માટે નીચેના મોબાઈલ નંબરનો સંપર્ક કરવા વિનંતિ :–

મસ્જિદે ગૌષિયા, નવી નગરી, મુા. વસ્તી ખંડાલી, તા. વાગરા, જિ. ભરૂચ,
કોન્ટેક્ટ મોબાઈલ નં. **7698926818, 9723544753**
**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા–વાગરા શાખા (A/c. No. : 33070469373)**

લોકશાહી અને બિનસાંપ્રદાયિક દેશમાં

# ગૌ રક્ષાના નામે કાયદો હાથમાં લેતા અસામાજિક તત્વો !

*રજૂકર્તા :* ***હાફેઝ મુહમ્મદ હનીફ રિફાકતી (ડુંગરી, ભરૂચ)***

થોડાક અરસા પહેલાં વડોદરા નજીકની ગૌ શાળાની ગૌ વંશ ભરેલ ગાડી કસાઈઓને વેચી મારતાં ગૌ રક્ષાના કાર્યકરની ધરપકડના સમાચારો વર્તમાન પત્રોમાં વહેતા થયા હતા. અને આવા સમાચારો અવાર નવાર અનેક ઠેકાણે બનતા સાંભળવા મળતા હોય છે. ત્યારે કહેવું પડે છે કે ધાર્મિક ભાવનાની ઓઠ લઈને પૈસા રળી ખાતા, પોતાની કૌમને પણ ઉલ્લુ બનાવતા આવા લોકો પર કેમ કાયદેસર પગલાં લેવાતાં નથી ! બલ્કે આશ્ચર્ય તો ત્યારે થાય છે કે જ્યારે પોલીસને સાથે રાખીને કહેવાતા ગૌરક્ષા કાર્યકરો કે જીવદયાના કાર્યકરો થકી ગમે તે જાનવરોની હેરફેરી કરનારા ટેમ્પોના ડ્રાઈવર વગેરેને રસ્તામાં આંતરીને બાકાયદા ઢોર માર આવા તત્વો થકી મારવામાં આવે છે, અને પોલીસ તેનો તમાશો જોતી રહે છે ! પછી ગમે તે તોડ કરીને રકમોની વહેંચણી થાય છે અથવા ગમે તે કલમો લગાડી ડ્રાયવરની ધરપકડ થાય છે અને જાનવરોને તેઓ કબજો કરી લે છે !

હિંદુસ્તાનના કાયદામાં આ રીતે પોલીસની રૂબરૂમાં, પોલીસના રક્ષણ હેઠળ ગમે તે કહેવાતી ધાર્મિક સંસ્થાના કાર્યકારોને કોઈની પણ મારપીટ કરવાની કે તેની પાસેથી નાણા પડાવવાની છૂટ ક્યાંથી આવી ? જેથી જાગૃત નાગરિકોએ હવે આ બાબતે જાગવાની જરૂરત છે અને આવા કેસોમાં કાયદેસરની લડત આપવાની સત્વરે જરૂરત છે, નહીં તો દિવસે દિવસે અરાજકતા વધતી જશે. **હા ! કાયદાનો ગુનેગાર બને તેને પોલીસ પોતે પકડે અને કાયદેસર કાર્યવાહી કરે, પણ પબ્લિકના માણસો કાયદાને હાથમાં લઈને અન્ય પ્રજાને રંજાડે એવી જોગવાઈ કાયદામાં છે ખરી ?!** આ વસ્તુને કાયદાકીય લડત લડીને પડકારવાનો સમય હવે પાકી ગયો છે.

એવું જ કાંઈક હાલમાં ઈદે અદહાના દિવસે તા. ૧૬–૧૦–૨૦૧૩ના રોજ સાંસરોદ તા. કરજણ, જિ. વડોદરા ખાતે બની ગયું. અને સાંસરોદમાં જે અરાજકતા તથા પોલીસ અને પબ્લિક વચ્ચે રમખાણ ખડુ થયું તેનો નિમિત્ત થનાર કહેવાતો ગૌ રક્ષક જતીન વ્યાસ છે. જેના વિશે "ગુજરાત ટુડે" દૈનિક પત્રમાં આ પ્રમાણે માહિતી છપાઈ છે :–

"વડોદરા અને ભરૂચ જિલ્લામાં છાસવારે ગૌરક્ષાના નામે નિયમિત હપ્તાઓ ઉઘરાવી પોતે જ ગૌવંશનું પાછલા બારણે વેચાણ કરનાર, ભૂતકાળમાં અપહરણ, ખંડણી જેવા કેસોમાં સંડોવાયેલો જતીન વ્યાસ નામના કહેવાતા ગૌરક્ષક વિરૂદ્ધ લોકોમાં રોષ વ્યાપવા પામ્યો છે. લોકોના આક્ષેપ અનુસાર હપ્તા ઉઘરાવી કસાઈઓને ગૌ વંશનો જથ્થો પૂરો પાડતા જતીન વ્યાસે પોલીસ તંત્રના કેટલાક અધિકારીઓને હાથો બનાવી ઈરાદાપૂર્વક સાંસરોદ ગામે પહોંચી ધાર્મિક લાગણી દુભાય તે પ્રકારે ઉશ્કેરણીજનક શબ્દો ઉચ્ચારી પોલીસ અને પ્રજા વચ્ચે ભડકો કરાવ્યો હતો. જતીન વ્યાસ અગાઉ પણ ટંકારીયા ગામે આ જ પ્રકારે રમખાણ ઉભુ કરવામાં સફળ નિવડયો હતો. ભરૂચના વ્હાલુ ગામે એન. આર. આઈ. ગભાણવાલા બંધુ અપહરણ ખંડણી પ્રકરણમાં કથિત રીતે સંડોવાયેલ જતીન વ્યાસ વિકૃત માનસિકતા ધરાવે છે. સાંસરોદ ગામમાં જ બે દિવસ અગાઉ રૂા. ૨૫ હજારમાં ઢોરના વેપારી પાસેથી કથિત રીતે હપ્તો ઉઘરાવતાં સેટલમેન્ટ કરનાર જતીન વ્યાસ વડોદરા સહિત ભરૂચ જિલ્લામાં ઢોરોના વેપારીઓ પાસેથી નિયમિત હપ્તા ઉઘરાવતો હોવાના આક્ષેપો થઈ

વધુ ટાઈટલ ૩......

ટાઈટલ ૨ નું ચાલુ.....

રહ્યા છે. જ્યારે કોઈ ઢોરના વેપારી હપ્તા આપવાની ના પાડે અથવા વાકું પડે ત્યારે પોલીસ તંત્રના ખભા ઉપર બંદૂક મૂકી જતીન વ્યાસ સાંસરોદની જેમ જ ગ્રામીણ વિસ્તારોમાં અરાજકતા ફેલાવે છે. જો કે અંતે ગૌ વંશની હત્યા કરનારા, પોલીસ તંત્ર અને કથિત ગૌ રક્ષકોની લડાઈમાં નિર્દોષ લોકો તેનો ભોગ બની રહ્યા છે. ત્યારે આવા લુખ્ખા તત્વોને પોલીસ ઓળખે તે અનિવાર્ય છે. અન્યથા આવા લુખ્ખા તત્વોના ખિસ્સા ભરવાના કારસામાં નિર્દોષ લોકો ભોગ બની રહ્યા છે." *(ગુજરાત ટુડે, તા. ૧૮–૧૦–૨૦૧૩)*

કહેવાય છે કે સાંસરોદ ખાતે તા. ૧૬–૧૦–૨૦૧૩ના રોજ પવિત્ર બકરા ઈદની ખુશી મનાવવામાં વ્યસ્ત ગ્રામ્યજનોને પોલીસ સાથે અથડામણ થવાનુ મુખ્ય કારણ એ છે કે ગૌ વંશની હત્યા કરનારાઓની અટકાયત બાદ પોલીસે બધા જ ગ્રામ્યજનો સામે આરોપી જેવો વ્યવહાર શરૂ કરી દીધો હતો. ગામની એક યુવતીને પણ લાફો ઝીંકી દેતાં પરિસ્થિતિ કાબૂ બહાર જતી રહી હતી.

અને જો પોલીસ તંત્ર આવી અથડામણ ન જ ઈચ્છતુ હતું તો આગલા દિવસે પણ દરોડો પાડી ગૌ વંશની હત્યા પણ રોકી શકત અને ગામનુ વાતાવરણ પણ ન બગડત. પણ બરાબર તહેવારમાં વ્યસ્ત લોકોના પર દરોડો પાડીને તેમાં પણ ઉશ્કેરણીભર્યું વર્તન કરીને નગરની શાંતિમાં ખલેલની નિમિત્ત બની એ અફસોસની તથા દુઃખની વાત જણાય છે. જેથી જવાબદાર પોલીસ તંત્ર પાસે ગૃહખાતા થકી તપાસ થવી જોઈએ. કોમ્બિંગના નામે કહેવાતા ગૌ રક્ષકો પોલીસ સાથે આવીને ગૌ વંશના બહાને અન્ય દૂધાળાં ઢોરો બકરાં વગેરે ઉઠાવી ગયા છે, એવું ગ્રામ્યજનોનું કહેવું છે. તો આ બાબતની પણ તપાસ થવી જોઈએ.

મુસ્લિમ પબ્લિકે પણ સંજોગોને સમજવા જોઈએ કે જ્યાં એકતરફી કાયદા બની રહ્યા છે ત્યારે પોતાને ત્યાંની શાંતિ સલામતીને સાચવી રાખવા માટે એવા ક઼ાનૂનોનો ભંગ કરીને ખોટા તત્વોને રમખાણો ખડા કરવાનો મોકો આપવો ન જોઈએ કે જેનાથી સમગ્ર મુસ્લિમ સમાજને અસર પહોંચે અને સમસ્ત સમાજને નુકસાન ઉઠાવવાનું થાય છે. જેથી ક઼ાયદા હેઠળ રહીને દરેક કામો કરવાં જોઈએ.



**આ અંક OCT.-2013 માં કોમ્પ્યુટર પ્લેટ સિસ્ટમમાં ગરબડને કારણે રહી ગયેલી ભૂલો સુધારો !**

| પેજ નં | લીટી નં. | ભૂલ | સુધારો |
|---|---|---|---|
| ૨ | નીચેથી ૧૩ | ૩૫ × ૫ | ૩૫ × ૭૫ |
| ૧૫ | નીચેથી ત્રીજી | તા. –૧૦–૨૦૧૩ | ૭–૧૦–૨૦૧૩ |
| ૧૬ | બ્લોકમાં નીચેથી ત્રીજી | ડિસે. ૧૯૨ | ડિસે. ૧૯૭૨ |
| ૧૯ | છેક નીચે | નં. ૦૩ | નં. ૩૦ |
| ૩૦ | ડબલ લાઈન નીચે | પેજ નં. ૯૧નું ચાલુ | પેજ નં. ૧૯નું ચાલુ |
| ૩૦ | છેલ્લી લીટી | ડિસે. ૧૯૨ | ડિસે. ૧૯૭૨ |
| ૩૩ | ૧૫ | વગર ૦ | વગર ૭૦ |
| ૩૭ | ૦૫/૧૯ | ૧૮૯/૧૯૧ | ૧૮૯૭/૧૯૧૭ |
| ૪૨ | ૦૩ | /૪૮ | ૭/૪૮૭ |
| ૪૪ | ૧૫ | ૨૮,૮૫ | ૨૮૮૭૫ |
| ૪૫ | ૦૨ | –૯–૨૦૧૩ | ૭–૯–૨૦૧૩ |
| ૪૮ | નીચે | ૦૦ કિલો ઘંઉં | ૭૦૦ કિલો ઘંઉં |

નોંધ : web. :www.barkatekhwaja.net ઉપર લખાણ OK મળશે.